# અમદાવાદ એકસપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
વિરાટ માટે અનુષ્કાની પ્રાર્થના રંગ લાવી...!



પેજ-09
કોહલીએ IPLમાં રચ્યો નવો ઈતિહાસ બન્યો નવો સિકંદર

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 42.00 | 29.00 |
| વડોદરા | 40.00 | 30.00 |
| સુરત | 35.00 | 30.00 |

પેજ 5



બજારમાં અશુદ્ધ ચાંદીનો રાફડો ફાટતા ગ્રાહકો સાવધાન રહેજો

**28** MAY-2026 THURSDAY

બેન્જામીન નેતન્યાહૂ હોસ્પિટલમાં દાખલ થતાં ખળભળાટ



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75867.80 | ▼ | 141.90 |
| નિફ્ટી | 23907.15 | ▼ | 06.55 |
| સોનું | 155130.00 | ▼ | 2486.0 |
| ચાંદી | 265300.0 | ▼ | 5328.0 |


વર્ષ-15 । અંક-196 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ડીકે શિવકુમારના સીએમ બનવાની શક્યતાઓ પ્રબળ, હાઈકમાન્ડનો નિર્ણય અંતિમ : 2.5 વર્ષની સત્તા વહેંચણી ફોર્મ્યુલાની ચર્ચાઓ વચ્ચે કર્ણાટકમાં રાજકીય હલચલ

# કર્ણાટકમાં સત્તાપલટો: સિદ્ધારમૈયા આજે રાજીનામું આપી શકે

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

કર્ણાટકના રાજકારણમાં હાલમાં ગંભીર ઉથલપાથલના સંકેતો મળી રહ્યા છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા આવતીકાલે પોતાનું પદ છોડી શકે છે તેવી પ્રબળ અટકળો તેજ બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સિદ્ધારમૈયાએ રાજ્યપાલ થાવરચંદ ગેહલોતને મળવા માટે સમય માંગ્યો છે, જેના કારણે તેમના રાજીનામાની શક્યતાઓ વધી ગઈ છે. કોંગ્રેસના ધારાસભ્ય આરવી દેશપાંડેએ પણ દાવો કર્યો છે.



● દિલ્હીમાં લાંબી મંત્રણા બાદ કર્ણાટક કોંગ્રેસમાં મોટા ફેરફારોના એંધાણ

### ડીકે શિવકુમારનું નામ સીએમ તરીકે મોખરે

હાલમાં નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર નવા મુખ્યમંત્રી તરીકે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવે છે. કોંગ્રેસ હાઈકમાન્ડ અને નેતૃત્વ વચ્ચે દિલ્હીમાં મળેલી ૬ કલાકની લાંબી બેઠક બાદ આ ઘટનાક્રમ ઝડપથી બદલાયો છે. જોકે, કોંગ્રેસના મહાસચિવ રણદીપ સુરજેવાલાએ સત્તાવાર રીતે હજુ કોઈ બેઠક કે નિર્ણયની જાહેરાત કરી નથી, પરંતુ બેંગલુરુમાં તેમની હાજરી અને રાજકીય સૂત્રોના દાવા મુજબ ફેરફારો નિશ્ચિત માનવામાં આવી રહ્યા છે.

### 2.5 વર્ષનો 'પાવર શેરિંગ' કરાર?

કર્ણાટકમાં સરકાર બની ત્યારથી જ ૨.૫ - ૨.૫ વર્ષના સત્તા વહેંચણીના ફોર્મ્યુલાની ચર્ચાઓ ચાલી રહી છે. ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૨.૫ વર્ષનો કાર્યકાળ પૂરો થયો હોવાથી, હવે આ ચર્ચાઓ વધુ તીવ્ર બની છે. અગાઉ સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે હાઈકમાન્ડ જે આદેશ આપશે તેનું પાલન કરવામાં આવશે, જે આજે વાસ્તવિકતામાં બદલાતું દેખાઈ રહ્યું છે.આ સમગ્ર ફેરફાર આગામી કલાકોમાં કર્ણાટકના રાજકીય ચિત્રને સ્પષ્ટ કરશે. કોંગ્રેસ માટે આ એક કસોટીનો સમય છે કારણ કે અગાઉ સિદ્ધારમૈયાએ પક્ષની એકતા જાળવવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. હવે જોવાનું એ રહેશે કે શું પક્ષ કોઈ પણ આંતરિક વિખવાદ વગર આ સત્તા પરિવર્તનને સફળતાપૂર્વક પાર પાડી શકે છે કે નહીં.

### જ્યારે હાઈકમાન્ડ કહેશે ત્યારે શિવકુમાર CM બનશે

લગભગ 20 દિવસની ખેંચતાણ પછી કર્ણાટકના CM સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે જ્યારે હાઈકમાન્ડ કહેશે, ત્યારે શિવકુમારને મુખ્યમંત્રી બનાવી દેવામાં આવશે. તેમણે આ વાત 'શિવકુમારને ક્યારે CM બનાવવામાં આવશે' સંબંધિત સવાલ પર કહી હતી. સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે અમારા વચ્ચે કોઈ મતભેદ નથી અને બંને રાજ્ય સરકારને એકજૂટ થઈને ચલાવી રહ્યા છે.

### પશ્ચિમ બંગાળમાં આઈપેકના વધતા પ્રભાવ સામે તૃણમૂલના વરિષ્ઠ નેતાનો બળવો

# બંગાળમાં ટીએમસી સાંસદ કાકોલી ઘોષના રાજીનામાથી રાજકીય ક્ષેત્રે મોટો ભૂકંપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

પશ્ચિમ બંગાળના રાજકારણમાં અત્યાર સુધીનો સૌથી મોટો સંગઠનાત્મક ફેરફાર અને હોબાળો સામે આવ્યો છે, જેના કારણે સત્તાધારી પક્ષના આંતરિક વર્તુળોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ અને જાણીતા સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે પક્ષના તમામ મહત્વપૂર્ણ સંગઠનાત્મક હોદ્દા પરથી સત્તાવાર રીતે પોતાનું રાજીનામું ધરી દીધું છે. બારાસાત લોકસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરતા મહિલા સાંસદે રાજ્ય એકમના અધ્યક્ષ સુબ્રતા બક્ષીને પત્ર લખીને આ ચોંકાવનારો નિર્ણય જાહેર કર્યો છે. જોકે, તેમણે પક્ષ સાથેનો છેડો ફાડવાની અટકળોનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે અને જણાવ્યું છે કે તેઓ ભવિષ્યમાં પણ એક વફાદાર અને સામાન્ય કાર્યકરની જેમ પક્ષની સેવા કરતા રહેશે. આ ઘટનાક્રમ બાદ રાજ્યના વહીવટી માળખામાં મોટી હલચલ જોવા મળી રહી છે.



### મુખ્યમંત્રીની બેઠકમાં હાજરી અને સ્વતંત્રતાનો દાવો

આ સમગ્ર હાઈ-પ્રોફાઈલ વિવાદની પૃષ્ઠભૂમિ એ છે કે સાંસદ કાકોલી ઘોષ સોમવારે કલ્યાણી ખાતે રાજ્યના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીની અધ્યક્ષતામાં આયોજિત એક અતિ મહત્વપૂર્ણ બેઠકમાં રૂબરૂ સામેલ થયા હતા. પક્ષના હિતધારકો અને વરિષ્ઠ નેતૃત્વ દ્વારા તેમને આ બેઠકમાં ન જવા માટે અગાઉથી જ અનૌપચારિક રીતે સખત મનાઈ કરવામાં આવી હોવા છતાં તેમણે આ આદેશની અવગણના કરી હતી.

### સરકારી કૌભાંડો અને કથળતી કાયદો

મહિલા સાંસદે બંગાળી ભાષામાં લખેલા પોતાના સત્તાવાર ત્યાગપત્રમાં વર્તમાન સરકાર અને વહીવટીતંત્ર સામે ચાલી રહેલા વિવાદોનો ખુલ્લેઆમ ઉલ્લેખ કરીને પક્ષની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. સંગઠનાત્મક નિર્ણયો લેતી ખાનગી સલાહકાર સંસ્થા આઈપેક (I-PAC) ના વધી રહેલા વર્ચસ્વની પણ આકરી ટીકા કરી છે.

### લોકપ્રતિનિધિઓના રાજીનામાથી કટોકટી

અત્રે ઉલ્લેખનીય છે કે કાકોલી ઘોષ દસ્તીદારે અગાઉ રવિવારે જ બારાસાત સંગઠનાત્મક જિલ્લા એકમના પ્રમુખ પદ પરથી પણ રાજીનામું આપી દીધું હતું, જેને પક્ષે તાત્કાલિક સ્વીકારીને તાપસ ચેટર્જીને નવા અધ્યક્ષ નિયુક્ત કર્યા હતા. તેઓ અગાઉ મહિલા વિંગના રાષ્ટ્રીય પ્રમુખ અને પ્રખ્યાત 'બંગા જનની' કાર્યક્રમના મુખ્ય સંચાલક રહી ચૂક્યા છે.

# 'આસારામ સરન્ડર કરે, આજીવન કેદની સજા યથાવત'

● રાજસ્થાન હાઈકોર્ટનો ચૂકાદો, સગીરાના યૌન શોષણ કેસમાં આસારામના શિષ્યો શિલ્પી અને શરતચંદ્ર નિર્દોષ



(એજન્સી) જોધપુર । તા. 27

રાજસ્થાન હાઈકોર્ટ (જોધપુર) એ બુધવારે (27 મે) સવારે આસારામની સજા પર ચુકાદો આપ્યો. હાઈકોર્ટે સગીર સાથેના યૌન શોષણના કેસમાં આજીવન કેદની સજાને યથાવત રાખી છે.જસ્ટિસ અરુણ મોંગા અને જસ્ટિસ યોગેન્દ્ર કુમાર પુરોહિતની ડિવિઝન બેન્ચે આ ચુકાદો આપ્યો.

### સહ-આરોપીઓને મોટી રાહત અને કેસની પૃષ્ઠભૂમિ

અદાલતે આ મુખ્ય ચુકાદાની સાથે જ આ કેસમાં સંડોવાયેલા સહ-આરોપીઓ અને આસારામના આશ્રમના મુખ્ય શિષ્યો શિલ્પી તથા શરતચંદ્રને શંકાનો લાભ આપીને નિર્દોષ જાહેર કર્યા છે, જે તેમના માટે મોટી કાનૂની રાહત સમાન છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર વિવાદ ઓગસ્ટ ૨૦૧૩ માં જોધપુર નજીક આવેલા મણાઈ આશ્રમમાં એક સગીર વિદ્યાર્થિની સાથે દુષ્કર્મના ગંભીર આરોપો સાથે શરૂ થયો હતો. આ મામલે લાંબી કાનૂની તપાસ અને સુનાવણી બાદ જોધપુરની વિશેષ પોક્સો (POCSO) અદાલતે ૨૫ એપ્રિલ ૨૦૧૮ ના રોજ આસારામને સગીરા પર અત્યાચાર ગુજારવા બદલ દોષિત ઠેરવીને આજીવન કેદની કડક સજા ફટકારી હતી, જેને હવે ઉચ્ચ અદાલતે પણ યોગ્ય ઠેરવી છે.

# કેરળમાં મની લોન્ડરિંગ કેસના દરોડા દરમિયાન ઈડીની ગાડીઓ પર પથ્થરમારો

### પૂર્વ સીએમ વિજયનની દીકરીની કંપની પર ઈડીના દરોડાથી ભારે તણાવ

(એજન્સી) તિરુવનંતપુરમ । તા. 27

દક્ષિણ ભારતના કેરળ રાજ્યમાં કેન્દ્રીય તપાસ એજન્સીની કાર્યવાહીને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની ગઈ છે. કેરળના પૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયનના કથિત સમર્થકો અને પક્ષના કાર્યકરો દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડીની તપાસ ટીમ પર હિંસક હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નાણાકીય હેરાફેરી અને કાળા નાણાંના વ્યવહારોની તપાસના સંદર્ભમાં ઈડીની ૧૨ સભ્યોની એક વિશેષ ટીમ વહેલી સવારે ૭ વાગ્યે તિરુવનંતપુરમના પ્રખ્યાત બેકરી જંક્શન સ્થિત પૂર્વ મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાન સહિત અન્ય ૧૦ મહત્વપૂર્ણ સ્થળોએ સામૂહિક દરોડા પાડવા માટે પહોંચી હતી. આ આકસ્મિક કાર્યવાહી દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી અને તેમનો પરિવાર ઘરમાં જ હાજર હતો.



### કલાકો સુધી ચાલેલી ઘેરાબંધી અને વાહનોમાં તોડફોડ

કેન્દ્રીય એજન્સીના દરોડાના સમાચાર વાયુવેગે સમગ્ર વિસ્તારમાં ફેલાઈ જતાં જ મોટી સંખ્યામાં પક્ષના ઉશ્કેરાયેલા સમર્થકો અને ડાબેરી સંગઠનોના કાર્યકરો પૂર્વ મુખ્યમંત્રીના ઘરની બહાર એકઠા થઈ ગયા હતા અને વિરોધ પ્રદર્શનો શરૂ કર્યા હતા. બપોરે ૧:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે તપાસ અધિકારીઓની ટીમ પોતાની કાર્યવાહી પૂર્ણ કરીને ઘરની બહાર નીકળી, ત્યારે ત્યાં હાજર હિંસક ભીડે તેમને ચારેય તરફથી ઘેરી લીધા હતા.

### પૂર્વ મુખ્યમંત્રીની પુત્રીની કંપની સામે ગંભીર નાણાકીય આક્ષેપો

આરોપ છે કે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન વીણાની આઈટી કંપની 'એક્સાલોજિક સોલ્યુશન્સ'ને કોચિન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ (CMRL) નામની ખાનગી કંપની દ્વારા માસિક ચુકવણીના ભાગરૂપે ૧.૭૨ કરોડની માતબર રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી.

### કાનૂની રાહત ન મળતા રાજકીય ક્ષેત્રે ગરમાવો

સૂત્રો દ્વારા મળતી અદ્યતન માહિતી મુજબ, આ હિંસક ઘટનાના બરાબર એક દિવસ પહેલા જ કેરળ હાઈકોર્ટે ખાનગી કંપની સીએમઆરએલ દ્વારા દાખલ કરવામાં આવેલી તે અરજીને સંપૂર્ણપણે ફગાવી દીધી હતી, જેમાં ઈડી દ્વારા ચાલી રહેલી આ નાણાકીય તપાસને રદ કરવાની માંગ કરવામાં આવી હતી.

### શાહબાઝ શરીફ ચીન પહોંચતાં જ જિનપિંગનો મતીભ્રમ; ભારતે પણ કહી દીધું- કાશ્મીર ભારતનું હતું, છે ને રહેશે

# પાકિસ્તાન અને ચીને કાશ્મીર મુદ્દે ઉપાડો લીધો

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ 23 થી 26 મે સુધી ચીનના પ્રવાસે છે. તેમણે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત પણ કરી. આ દરમિયાન ચીન અને પાકિસ્તાને મંગળવારે એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું. આ સંયુક્ત નિવેદનમાં જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો.ભારતે ચીન અને પાકિસ્તાન દ્વારા સંયુક્ત રીતે બહાર પાડવામાં આવેલા નિવેદનને સખત શબ્દોમાં નકારી કાઢ્યું છે. ચીન-પાકિસ્તાનના આ સંયુક્ત નિવેદનમાં જમ્મુ-કાશ્મીરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ અંગે ભારત સરકારે વાંધો ઉઠાવ્યો છે.



### સીપીઈસી પ્રોજેક્ટ સામે ભારતનો સાર્વભૌમત્વ વિરોધ

ચીન-પાકિસ્તાનના સંયુક્ત નિવેદનમાં માત્ર કાશ્મીર જ નહીં, પરંતુ વિવાદાસ્પદ 'ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર' (CPEC) પ્રોજેક્ટનો ખાસ ઉલ્લેખ કર્યા પછી આવી છે. PoKમાંથી પસાર થઈ રહેલી આ અબજો ડોલરની પરિયોજનાઓનો સૈદ્ધાંતિક અને રાજદ્વારી સ્તરે ભારે વિરોધ નોંધાવ્યો છે.

**2025માં કોલકાતાના ઈદ કાર્યક્રમમાં સનાતનને ગંદો ધર્મ કહ્યાનો આરોપ**

# મમતા વિરુદ્ધ સિલીગુડીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

(એજન્સી) કોલકાતા । તા. 27

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જીની રાજકીય અને કાનૂની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. મમતા બેનર્જી વિરૂદ્ધ સિલીગુડીના સાયબર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે એક ગંભીર ફરિયાદ નોંધાવવામાં આવી છે. પૂર્વ મુખ્યમંત્રી પર આરોપ છે કે તેમણે વર્ષ ૨૦૨૫ માં કોલકાતા ખાતે આયોજિત એક પવિત્ર ઈદ કાર્યક્રમ દરમિયાન જાહેર મંચ પરથી સનાતન અને હિંદુ ધર્મને લઈને અત્યંત વાંધાજનક તેમજ અપમાનજનક ટિપ્પણી કરી હતી. આ વિવાદ એ ચોક્કસ નિવેદનને લઈને વકર્યો છે, જેમાં સનાતન સંસ્કૃતિ માટે 'ગંદો ધર્મ' જેવા અત્યંત અશોભનીય શબ્દોનો પ્રયોગ કરવાનો ગંભીર આક્ષેપ મૂકવામાં આવ્યો છે. જોકે, આ સંવેદનશીલ વિવાદ પર મમતા બેનર્જી અથવા તેમના પક્ષ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કે પ્રતિક્રિયા આપવામાં આવી નથી.



### અભિષેક બેનર્જીના નિવાસસ્થાને પોલીસ ત્રાટકી: ૧૪ દિવસની મહોલત માંગી

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ નેતૃત્વ પર ચારેય તરફથી સંકટના વાદળો ઘેરાયા છે. ગત ૨૫ મેના રોજ કોલકાતા પોલીસની એક વિશેષ તપાસ ટીમ ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ અભિષેક બેનર્જીના હરીશ મુખર્જી રોડ પર આવેલા ભવ્ય નિવાસસ્થાન 'શાંતિનિકેતન' ખાતે અચાનક પહોંચી ગઈ હતી.

### વકીલ દ્વારા ન્યાયિક કાર્યવાહીની માંગ અને જૂની હેરાનગતિનો આક્ષેપ

આ હાઈ-પ્રોફાઈલ સાયબર ફરિયાદ સ્થાનિક મહિલા વકીલ રિંકી ચેટર્જી સિંહ દ્વારા દાખલ કરવામાં આવી છે. તેમણે મીડિયા સમક્ષ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પૂર્વ મુખ્યમંત્રી જેવા જવાબદાર પદ પર રહેલી વ્યક્તિના આવા બેજવાબદાર નિવેદનથી કરોડો નાગરિકોની ધાર્મિક અને સાંસ્કૃતિક ભાવનાઓને ઊંડી ઠેસ પહોંચી છે.

### પક્ષની અંદરથી જ વિરોધનો સૂર અને કાયદાકીય તપાસ શરૂ

આ સમગ્ર વિવાદમાં તૃણમૂલ કોંગ્રેસ માટે સૌથી મોટી આંચકાજનક બાબત એ છે કે પક્ષના પોતાના જ એક વરિષ્ઠ પદાધિકારીએ આ નિવેદનની જાહેરમાં નિંદા કરી છે. ટીએમસીના દાર્જિલિંગ યુનિટના મહાસચિવ અને વ્યવસાયે વકીલ એવા અત્રી શર્માએ મમતા બેનર્જીના આ કથિત નિવેદનને સદંતર ખોટું અને અયોગ્ય ગણાવ્યું છે.

# યુગાન્ડાથી આવેલી મહિલામાં ઈબોલા જેવા લક્ષણો, ક્વોરન્ટાઈન કરાઈ

### સેમ્પલ ટેસ્ટિંગ માટે મોકલ્યા; ભારતમાં હાલ કોઈ કેસ નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

ભારત સરકારે બુધવારે જણાવ્યું કે દેશમાં ઈબોલા વાયરસનો એક પણ કેસ નથી. સરકારને આ સ્પષ્ટતા એટલા માટે કરવી પડી કારણ કે યુગાન્ડાથી ભારત આવેલી એક મહિલામાં ઈબોલા જેવા લક્ષણો જોવા મળ્યા હતા.મહિલા 23 મેના રોજ બેંગલુરુ એરપોર્ટ પહોંચી હતી. જે બાદ તેને સાવચેતીના ભાગરૂપે સરકારી હોસ્પિટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવી હતી. મહિલાના શરીરમાં હળવો દુખાવો હતો, જોકે હવે તે સંપૂર્ણપણે સ્વસ્થ છે. તેનો એક સેમ્પલ તપાસ માટે 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી' (NIV) મોકલી દેવામાં આવ્યો છે.



### કોંગોમાં ઈબોલા વાયરસથી 80 મૃત્યુ, 246 શંકાસ્પદ કેસ

કોંગોના પૂર્વીય ઈટુરી પ્રાંતમાં ઈબોલાથી અત્યાર સુધીમાં 80 લોકોના મોત થયા છે. 246 શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ તેને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. જોકે, WHOનું કહેવું છે કે તે મહામારીની શ્રેણીમાં આવતું નથી.

**નવીનતમ સેટેલાઈટ રિપોર્ટમાં આઉટબર્સ્ટ ફ્લડનું હાઈ એલર્ટ : ૧૦૧.30 હેક્ટરમાં ફેલાયેલું ગ્લેશિયલ તળાવ બન્યું જીવલેણ**

# NRSC રિપોર્ટ : હિમાચલમાં 'ઘેપન તળાવ' ગમે ત્યારે સર્જી શકે છે મહાવિનાશ



● હિમાચલના પ્રખ્યાત સિસ્સુ ગામ પર સુનામીનો ખતરો, માત્ર ૨૧ મિનિટમાં ડૂબી જવાનો ભય

(એજન્સી) શિમલા । તા. 27

ગ્લોબલ વોર્મિંગ અને ગંભીર ક્લાઈમેટ ચેન્જના કારણે ઉત્તર ભારતના પહાડી રાજ્યો પર એક બહુ મોટું કુદરતી સંકટ તોળાઈ રહ્યું છે. હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતિ પ્રદેશમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલા સુંદર સિસ્સુ ગામ સહિત ૩૪ થી વધુ આસપાસની વસાહતો પર 'ઘેપન તળાવ' (Ghepan Lake) ભારે આફત બનીને મંડરાઈ રહ્યું છે. તાપમાનમાં થઈ રહેલા સતત વધારાને કારણે હિમાલયના વિશાળ ગ્લેશિયર્સ ખૂબ જ ઝડપથી પીગળી રહ્યા છે,

### સ્થાનિકોમાં ફફડાટ: સુનામી આવવાનો મોટો ભય

સિસ્સુ પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ સંદીપે પ્રાદેશિક સ્થિતિ અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું છે કે ગ્લેશિયરની અંદર ઘેપન તળાવની બિલકુલ નજીક એક બીજું નવું અજ્ઞાત તળાવ પણ આકાર લઈ રહ્યું છે. ઘેપન તળાવનો મોટો હિસ્સો હાલમાં બરફની જાડી ચાદર નીચે દબાયેલો હોવાથી તે અંદરથી કઈ ક્ષણે તૂટશે તેની કોઈ આગોતરી કાનૂની કે તકનીકી જાણકારી મળવી મુશ્કેલ છે.

### ઈસરોની સંસ્થા અને એસડીએમએનો સંયુક્ત ચોંકાવનારો અભ્યાસ

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO) ના નેશનલ રિમોટ સેન્સિંગ કેન્દ્ર (NRSC) ના સંયુક્ત સેટેલાઈટ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. અધિકૃત રિપોર્ટ અનુસાર, આ ઘેપન ઘાટ તળાવ ભવિષ્યમાં અત્યંત વિનાશકારી 'ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ' (GLOF) એટલે કે બરફના તળાવ ફાટવાના કારણે આવતા અચાનક પૂરનું મુખ્ય કારણ બની શકે છે.

### મોરેન-ડેમ્ડ તળાવની નબળી ભૌગોલિક સ્થિતિ અને જોખમો

હિમાલયના ઊંચાઈવાળા વિસ્તારોમાં તાપમાન વધવાની સાથે વરસાદના પ્રમાણમાં પણ મોટો ફેરફાર થયો છે. જેના કારણે મુખ્ય ઘેપાંગ ગ્લેશિયર સતત ઓગળી રહ્યું છે અને તેનું તમામ પાણી આ તળાવમાં એકત્રિત થઈ રહ્યું છે. રિપોર્ટમાં વિશેષ ઉલ્લેખ કરાયો છે કે ઘેપન તળાવ એક 'મોરેન-ડેમ્ડ ગ્લેશિયલ લેક' (Moraine-dammed lake) છે.

### સિસ્સુ ગામ સૌથી મોટા ખતરા હેઠળ: માત્ર ૨૧ મિનિટનો સમય

મીડિયા અહેવાલ અનુસાર, વૈજ્ઞાનિકોએ તમામ સંભવિત પરિસ્થિતિઓનું ડિજિટલ મેપિંગ કરીને પ્રખ્યાત સિસ્સુ ગામને સૌથી વધુ જોખમ ધરાવતા 'રેડ ઝોન' (Red Zone) માં મૂક્યું છે. સેટેલાઈટ ગણતરી મુજબ, જો ઘેપન તળાવનો બંધ તૂટે છે, તો પૂરનું પ્રચંડ પાણી માત્ર ૨૧ મિનિટની અંદર સિસ્સુ ગામ સુધી પહોંચી જશે.

# સુરેન્દ્રનગરના ખેડૂતો પોતાના ખેતરમાંથી વીજલાઈન પસાર ન થાય તે માટે શાંતિપૂર્ણ પ્રદર્શન કરતા હતા: પ્રવીણ રામ AAP

## ખેતર પર ભૂમાફિયાનો કબજો થાય અને ખેડૂત પોલીસ ફરિયાદ કરે તો પણ પોલીસ ત્યાં જતી નથી: પ્રવીણ રામ AAP

અમદાવાદ/જૂનાગઢ/સુરેન્દ્રનગર/ગુજરાત | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે હાલમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતો પોતાના ખેતરમાં વીજલાઈનના મુદ્દે શાંતિપૂર્ણ રીતે ધરણા કરી રહ્યા છે. તે સમયે મોટી સંખ્યામાં પોલીસ ત્યાં પહોંચી ખેડૂતોને વિખેરવાનો પ્રયાસ કરે છે, ખેડૂતો સાથે દમનકારી વર્તન કરે છે અને તેમની સાથે અયોગ્ય વ્યવહાર કરવામાં આવે છે. ખેડૂતો જે તાળાબંધી કરે છે, તેમાં જો કોઈ તાળા તોડે તો પોલીસની ફરજ બને છે કે તે વ્યક્તિ સામે કાર્યવાહી કરે, પરંતુ અહીં તો પોલીસ પોતે જ તાળા તોડી રહી છે. ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી પોલીસ પોતાની ફરજ અને કામગીરી કરવાની પદ્ધતિથી વિમુખ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. કોઈ ખેડૂતોના ખેતરમાં જો ભૂમાફિયાઓ કબજો કરે તો ખેડૂતોની મદદ માટે બે પોલીસકર્મી પણ પહોંચતા નથી, પરંતુ વીજ કંપની ફોન કરે એટલે પોલીસના ટોળાં તાત્કાલિક પહોંચી જાય છે. જ્યારે ખેડૂતો પર અત્યાચાર થાય, દમન થાય અથવા કાયદો અને વ્યવસ્થાનો ભંગ થાય ત્યારે ખેડૂતો પોલીસને ફોન કરે છતાં પોલીસ પહોંચી નથી. બીજી તરફ ખેડૂતોના વિરોધમાં પોલીસ તાત્કાલિક ઉતરી આવે છે, જ્યારે ગુજરાતમાં ક્યાંય લૂંટ થાય, દીકરીઓ પર અત્યાચાર થાય, ડ્રગ્સ અને દારૂનું વેચાણ થાય ત્યારે પૂરતી કાર્યવાહી થતી નથી.

**સુરેન્દ્રનગરના ખેડૂતોના શાંતિપૂર્ણ પ્રદર્શન સામે સરકારે પોલીસ ઉતારી: પ્રવીણ રામ AAP**

'આપ' નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અનેક જગ્યાએ લૂંટ, દીકરીઓ પર અત્યાચાર, ડ્રગ્સ અને દારૂના વેપાર જેવી ગંભીર ઘટનાઓ બને છે, છતાં જાગૃત નાગરિકો પોલીસને જાણ કરે ત્યારે પણ યોગ્ય પ્રતિસાદ મળતો નથી. બીજી તરફ વીજ કંપનીઓના હિતમાં તરત જ પોલીસ કાર્યવાહી કરે છે, જે અસમાનતા દર્શાવે છે. આ બાબતે સરકાર અને પોલીસ પ્રત્યે લોકોમાં અસંતોષ અને વિરોધની લાગણી વધી રહી છે. પ્રવીણ રામે સુરેન્દ્રનગરના ખેડૂતોને આશ્વાસન આપતાં જણાવ્યું કે તેમની લડતમાં આમ આદમી પાર્ટી સંપૂર્ણ સમર્થન સાથે ઉભી છે. આવનારા દિવસોમાં ખેડૂતો સાથે ચર્ચા કરીને જે સ્તરે લડત લડવાની જરૂર પડશે તે લડત લડવા માટે તેઓ સંપૂર્ણ તૈયાર છે. ખેડૂત નેતા તરીકે તેમણે સુરેન્દ્રનગરના ખેડૂતોને વિશ્વાસ આપ્યો કે તેમની ન્યાયની લડતમાં તેઓ સતત સાથે રહેશે.

## દબાણ હટાવવાની કામગીરી મુદ્દે રજૂઆત કરવા જનાર AAP નેતા અંકિતા ગોરને પોલીસે લાફા ઝીંક્યા

ભૂજ : આમ આદમી પાર્ટીના નેતા અને સામાજિક કાર્યકર અંકિતા ગોરે જણાવ્યુ હતુ કે ભુજના વાલ્મિકીનગર પાસે દબાણ હટાવવાની કામગીરી તેઓ માત્ર સ્થાનિકોની રજૂઆત લઈને ત્યાં ગયા હતા. સ્થાનિકોની માંગણી હતી કે દબાણ હટાવવાની કામગીરી રોડની વચ્ચેથી નહીં પરંતુ મુખ્ય રોડ તરફથી શરૂ કરવી જોઈએ. રોડની શરૂઆતમાં IG સાહેબના બંગલા પાસેની સરકારી દીવાલ નજીકનો ખૂણો હતો અને ત્યાંથી દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવે તેવી લોકોની રજૂઆત હતી. અંકિતા ગોરે જણાવ્યું કે આ મુદ્દે ચાર કલાક સુધી ચર્ચા ચાલતી રહી હતી. તેમણે કહ્યું કે જ્યારે લોકો ડરી જાય છે ત્યારે તેઓ પોલીસ અને તંત્ર પાસે જ ન્યાયની અપેક્ષા રાખે છે, પરંતુ રજૂઆત કરવાના સમયે પોલીસ તંત્ર દ્વારા તેમની સાથે અભદ્ર ભાષામાં વર્તન કરવામાં આવ્યું. PSI બી.ડી શ્રીમાળીએ તેમની સાથે ગાળાગાળી કરી અને જ્યારે તેમણે 'ગાળ નહીં બોલો" એવું કહ્યું ત્યારે PSIએ તેમને બે લાફા મારી દીધા.'આપ' નેતા અંકિતા ગોરે આ ઘટનાને લોકશાહી પરનો હુમલો ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે આ લાફા માત્ર કોઈ રાજકીય પ્રતિનિધિ કે સામાજિક આગેવાનના ચહેરા પર નહીં પરંતુ લોકશાહીના ચહેરા પર મારવામાં આવેલા લાફા છે.

## LRD ઉમેદવારો માટે લાંબા સમયની પ્રતીક્ષાનો અંત:લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષા 14 જૂને યોજાશે, 6 જૂનથી કોલલેટર ડાઉનલોડ શરૂ

ગાંધીનગર | ગુજરાત પોલીસમાં જોડાવા ઈચ્છતા અને લાંબા સમયથી તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે એક સૌથી મહત્વના અને મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા અંતર્ગત લેખિત પરીક્ષાની સત્તાવાર તારીખ જાહેર કરી દેવામાં આવી છે. શારીરિક કસોટી (ગ્રાઉન્ડ) માં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી 14 જૂન, 2026ના રોજ આયોજિત કરવામાં આવશે. ભરતી બોર્ડના જાહેરનામા ક્રમાંક GPRB/202526/1 અંતર્ગત બહાર પાડવામાં આવેલી વિગતો મુજબ, ઉમેદવારો પરીક્ષા માટેના પોતાના હોલ ટિકિટ એટલે કે કોલલેટર આગામી 6 જૂન, 2026થી ડાઉનલોડ કરી શકશે. ઉમેદવારોએ આ માટે રાજ્ય સરકારના સત્તાવાર ઓનલાઈન પોર્ટલ ઓજસ (https://ojas.gujarat.gov.in) પર જઈને વિગતો સબમિટ કરવાની રહેશે. ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા અને તેમાં આપેલી પરીક્ષા અંગેની તમામ જરૂરી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી લેવા તાકીદ કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, લોકરક્ષક દળ (LRD) ની આ ભરતી માટે રાજ્યભરમાંથી લાખોની સંખ્યામાં યુવાનોએ ઉત્સાહભેર અરજીઓ કરી હતી. પ્રથમ તબક્કાની શારીરિક યોગ્યતા કસોટી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, હવે બીજા અને નિર્ણાયક તબક્કા સમાન લેખિત પરીક્ષા યોજાવા જઈ રહી છે.

## વિસાવદર વિધાનસભા મતવિસ્તારના વિકાસના કામો માટે વિવિધ ગ્રાન્ટ મંજૂર થતા AAP ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ પોતાના મત વિસ્તારના લોકોને શુભેચ્છા પાઠવી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ વીડિયો મારફતે જણાવ્યું હતું કે આજે અત્યંત ખુશખબર એ છે કે જુનાગઢ તાલુકો, ભેંસાણ તાલુકો અને વિસાવદર તાલુકાના તમામ ગામોમાં જરૂરી વિકાસના કામો કરવા માટે અંદાજિત દસ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લા આયોજન મંડળ તરફથી સાડા સાત કરોડ રૂપિયા અને ધારાસભ્ય ગ્રાન્ટમાંથી અઢી કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આજે રાજ્યના શિક્ષણમંત્રી અને જુનાગઢ જિલ્લાના પ્રભારીમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં જુનાગઢ જિલ્લા આયોજન સમિતિની ઓનલાઈન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિસાવદર તાલુકા, ભેંસાણ તાલુકા અને જુનાગઢ તાલુકાના ગામો એટલે કે તેમના વિધાનસભા મતવિસ્તારના તમામ ગામોમાં વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી. ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે ગામોમાં સીસી રોડ, ગટર લાઈન, સ્ટ્રીટ લાઈટ, સાફ-સફાઈ, સ્મશાન, આંગણવાડી, પુર સંરક્ષણ દીવાલ, નાળા સહિત લોકોની નાની-મોટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને



વિવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવશે. તેમણે જણાવ્યું કે જિલ્લા આયોજન મંડળના સાડા સાત કરોડ રૂપિયા અને ધારાસભ્ય ગ્રાન્ટના અઢી કરોડ રૂપિયા મળીને કુલ દસ કરોડ રૂપિયાના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે, જે વિસાવદર મતવિસ્તારના અલગ-અલગ ગામોમાં વિવિધ જરૂરી કામો માટે ખર્ચવામાં આવશે.ગોપાલ ઇટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે આ તમામ વિકાસ કામો મંજૂર થવા બદલ તેઓ વિસાવદર મતવિસ્તારની જનતાને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. તેમણે કહ્યું કે તેમના મતવિસ્તારમાં દસ કરોડ રૂપિયાના વિકાસ કામો શરૂ થવાના છે. ઉપરાંત ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા અગાઉ ત્રીસ કરોડ રૂપિયાના નવા રોડનાં કામો પણ મંજૂર કરવામાં આવ્યા છે, જે હાલ પ્રગતિ હેઠળ છે. એટલે કે હાલના સમયમાં માત્ર રોડ અને અન્ય વિકાસ કામોને મળીને વિસાવદર મતવિસ્તારમાં અંદાજિત ચાલીસ કરોડ રૂપિયાનાં વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં સાડા સાત કરોડ રૂપિયા જિલ્લા આયોજન મંડળમાંથી, અઢી કરોડ રૂપિયા ધારાસભ્ય ગ્રાન્ટમાંથી તેમજ અગાઉ મંજૂર થયેલા રોડનાં કામોનો સમાવેશ થાય છે. તેમણે આ તમામ વિકાસ કાર્યો બદલ સમગ્ર જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગાંધીનગરમાં ઈન્ફોસિટી બાદ હવે SOG કચેરી બનશે સ્માર્ટ

### સોલાર સિસ્ટમ, કમ્પ્યુટર-ઈન્વેસ્ટિગેશન રૂમ અને ડાઈનિંગ એરિયાથી સજ્જ થશે નવી કચેરી, 50 લાખના ખર્ચે અપાશે કોર્પોરેટ લૂક

ગાંધીનગર | ગુજરાતના પાટનગર ગાંધીનગરની પોલીસના ચહેરા અને મોહરા હવે ઝડપથી બદલાઈ રહ્યા છે. દાયકાઓ જૂની સરકારી ઈમારતોમાં ધૂળ ખાતી ફાઈલો અને અવ્યવસ્થિત બેઠક વ્યવસ્થા વચ્ચે કામ કરતા પોલીસ તંત્રને હવે આધુનિકતાનો સ્પર્શ મળી રહ્યો છે. ગાંધીનગર જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના નેતૃત્વમાં પોલીસની કાર્યશૈલીમાં એક મોટો પોઝિટિવ બદલાવ આવ્યો છે.

માત્ર ખાખીનો દબદબો જ નહીં પણ પોલીસ મથકોને સ્માર્ટ અને હાઈટેક બનાવવાની દિશામાં શરૂ થયેલા આ મિશનમાં હવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)ની કચેરીનો પણ વનવાસ પૂર્ણ થવા જઈ રહ્યો છે. SOG માટે આશરે 50 લાખ રૂપિયાના ખર્ચે કોર્પોરેટ લુક ધરાવતા હાઈટેક પોલીસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

**પરંપરાગત ઢબ છોડી કોર્પોરેટ કલ્ચર તરફ પ્રયાણ**

ગાંધીનગર પોલીસમાં હાલ એક નવી અને સકારાત્મક લહેર જોવા મળી રહી છે. જિલ્લા પોલીસ વડાએ પદભાર સંભાળ્યા બાદ જે રીતે પોલીસ મથકોના આધુનિકીકરણ પર ભાર મૂક્યો છે તે જોતા સ્પષ્ટ થાય છે કે ગાંધીનગર પોલીસ હવે પરંપરાગત પદ્ધતિઓ છોડીને કોર્પોરેટ કલ્ચર તરફ ગતિ કરી રહી છે.

રાજ્યના પ્રથમ 12 માળના હાઈરાઈઝ સ્માર્ટ મોડલ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન કમ રેસિડેન્સીના ભૂમિ પૂજન બાદ હવે ગાંધીનગરનું પોલીસ તંત્ર વધુ એક આધુનિક સિદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. સેક્ટર-30 ખાતે આશરે બે દાયકાથી જૂની કોર્ટ પાસેના જર્જરિત સરકારી આવાસમાં કાર્યરત SOGની કચેરી હવે ટૂંક સમયમાં અદ્યતન કોર્પોરેટ શૈલીની ઓફિસમાં ફેરવાઈ જશે.

છેલ્લા ઘણા વર્ષોથી એક જ જગ્યાએ કાર્યરત SOG માટે આ ફેરફાર એક પ્રકારનો વનવાસ પૂર્ણ થવા સમાન છે. હાલમાં સેક્ટર-30 પોસ્ટ ઓફિસની સામે આવેલી જૂની પોલીસ ચોકીનું મેક ઓવર કરી તેને અત્યાધુનિક પોલીસ સ્ટેશનમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. અંદાજિત 50 લાખ રૂપિયાથી વધુના ખર્ચે લોકભાગીદારીના સહયોગથી આ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

નવા આર્કિટેક્ચરલ લે-આઉટ પ્લાન મુજબ આ કચેરીને માત્ર સુવિધાસભર જ નહીં પણ ગુપ્તતા અને કાર્યક્ષમતાના માપદંડોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે.

# News Brief

## ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં સુપ્રીમે તથ્ય પટેલને જામીન આપ્યા

અમદાવાદ | સુપ્રીમ કોર્ટે ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં તથ્ય પટેલને નિયમિત જામીન આપ્યા છે. તથ્યના વકીલે કરી વાતની પુષ્ટિ કરી છે. લગભગ પોણા ત્રણ વર્ષ પછી તથ્ય જેલમાંથી રેગ્યુલર જામીન ઉપર બહાર આવશે. સુપ્રીમ કોર્ટે અગાઉ ફેબ્રુઆરી મહિનામાં ટ્રાયલ કોર્ટને મે મહિના સુધીમાં 25 સાહેદ તપાસવા સૂચના આપી હતી. ઉલ્લેખનીય છે કે, 18 નવેમ્બર 2025ના રોજ તથ્ય સામે ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો હતો.

તથ્ય પટેલની જામીન અરજી તેના વકીલ આઈ.એચ.સૈયદ અને ઝીલ શાહે સુપ્રીમ સમક્ષ રજૂ કરી હતી. 191 સાક્ષી પૈકી આંખે દેખ્યા લગભગ 29 જેટલા સાક્ષીઓની તપાસ પૂર્ણ થઈ હોવાની સુપ્રીમ સમક્ષ રજૂઆત કરી હતી. જ્યારે બાકીના સાક્ષીઓ તપાસવાના બાકી છે.

સુપ્રીમે નોંધ્યું કે તથ્ય ઉપર IPC 304ની કલમ લાગેલી છે ,પરંતુ હજુ સુધી તે તેમાં દોષિત ઠર્યો નથી તથ્યએ લગભગ 02 વર્ષ અને 10 મહિના જેલમાં કાઢ્યા છે.જ્યારે મૃતકોના પરિવારને વળતર વિશે સુપ્રીમે કહ્યું કે, અત્યારે ટ્રાયલ ચાલુ હોવાથી વળતર બાબતે નિર્ણય તેને અસર કરી શકે છે. અમદાવાદના સાબરમતી RTO દ્વારા ટ્રાફિક પોલીસની ભલામણના આધારે તથ્ય પટેલનું ડ્રાઈવિંગ લાયસન્સ આજીવન (જીવનભર માટે) સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હતું. લાયસન્સ કાયમી ધોરણે રદ થવાને કારણે તે હવે ભારતમાં સત્તાવાર રીતે ક્યારેય પણ કોઈ વાહન ચલાવી શકશે નહીં.

તથ્ય પટેલ સામે પોલીસે IPC 279, 337, 338, 304, 504, 506(2), 308, 114, 118 અને મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત કલમ 177, 189, અને 134 અંતર્ગત ફરિયાદ નોંધીને ઘટના બન્યાના 7 દિવસમાં 1684 પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. તથ્ય સામે IPCની કલમ 304 લાગી છે, જેમાં 10 વર્ષ કેદની સજાની જોગવાઈ છે.

## ખેડૂતો-લોકો ડીઝલ વિના હેરાન, જ્યારે IPLના મહાતાયફાને લીલીઝંડી

અમદાવાદ | વૈશ્વિક સ્તરે ખાડી યુદ્ધની ચિનગારીથી આખી દુનિયા ધ્રુજી રહી છે. એટલું જ નહીં, ઈંધણની અછતે આર્થિક વ્યવસ્થાની કમર ભાંગી નાંખી છે. નિષ્ણાતોને ડર છે કે, આગામી દિવસોમાં હજુ વિકટભરી પરિસ્થિતિ સર્જાશે. યુદ્ધની આડઅસરને લીધે વધતી મોંઘવારીથી ગુજરાતના સામાન્ય નાગરિકોના ખિસ્સા અને જીવતર પર સ્પષ્ટ અસર દેખાઈ રહી છે. પરંતુ જનતાની આ પીડા વચ્ચે શાસકોને જાણે દેખાતી નથી. એક તરફ, ગુજરાતનો અન્નદાતા ખેતીની સીઝનમાં ડીઝલ માટે આમથી તેમ ભટકી રહ્યો છે. તો શહેરોમાં વાહનચાલકો કાળઝાળ ગરમીમાં પેટ્રોલ પંપ પર લાંબી કતારોમાં ઊભા રહેવા મજબૂર બન્યાં છે. જનતાની આ તકલીફો વચ્ચે સરકારે પ્રજાના આંસુ લૂછવાને બદલે આઈપીએલની ફાઈનલ મેચની ચિંતા વધુ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

આગામી દિવસોમાં ઈંધણની કટોકટી વધુ વિકટ બનવાના સ્પષ્ટ સંકેતો છે. આવી ગંભીર પરિસ્થિતિમાં સરકારે આપત્તિ વ્યવસ્થાપન કરવાને બદલે અમદાવાદમાં ક્રિકેટના આ મહાતાયફાને લીલીઝંડી આપી દેવાઈ છે. આ સપ્તાહે યોજાનારી ફાઈનલ મેચ જોવા માટે લાખોની મેદની ઉમટશે. વીઆઈપી કલ્ચર અને હજારો પ્રેક્ષકો સ્ટેડિયમ સુધી પહોંચવા માટે લાખો લીટર કિંમતી પેટ્રોલ-ડીઝલનો ધૂમાડો કરશે. પ્રશ્ન એ થાય છે કે જ્યારે સામાન્ય માણસને કટોકટીના સમયે ઈંધણ નથી મળી રહ્યું.

## અમદાવાદમાં 'મેલોડી' જેવી દેખાતી 'માય ડેડી' પર પ્રતિબંધ:ચોકલેટની કોપી કરતાં પારલેએ કેસ કર્યો

અમદાવાદ | પ્રખ્યાત ચોકલેટ 'મેલોડી'ની ડુપ્લિકેટ પ્રોડક્ટ 'માય ડેડી' અમદાવાદમાંથી સામે આવી છે. જેમાં જાણીતી કંપની 'પારલે'ની બ્રાન્ડ 'મેલોડી'ના પેકિંગ અને દેખાવની આબેહૂબ નકલ કરીને અમદાવાદના ઉત્પાદકે 'માય ડેડી' ચોકલેટ બજારમાં મૂકી હતી. ટ્રેડમાર્કના ઉલ્લંઘન બદલ પારલે કંપનીએ કાયદાકીય પગલાં ભરતાં, કોર્ટે ગ્રાહકોમાં ગેરસમજ ન ફેલાય તે માટે નકલી ચોકલેટ 'માય ડેડી'ના પ્રોડક્શન અને વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

ઉલ્લેખનીય છે કે, 20 મે 2026ના PM નરેન્દ્ર મોદીએ ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને મેલોડી ટોફી ભેટ આપી હતી. વડાપ્રધાન મેલોનીએ X પર ભેટ સ્વીકારતાં વીડિયો પોસ્ટ કરીને કહ્યું- "વડાપ્રધાન મોદી મારા માટે ભેટમાં ખૂબ જ સરસ ટોફી લાવ્યા છે- મેલોડી. ભેટ માટે આભાર"

આ વીડિયોને ઈન્સ્ટાગ્રામ પર 100 મિલિયન (10 કરોડ)થી વધુ વખત જોવામાં આવ્યો હતો. જ્યારે X પર પણ તેને 74 લાખથી વધુ વ્યૂ મળ્યા હતાં. ત્યારથી દેશ-વિદેશમાં 'મેલોડી'ની ચર્ચા જોવા મળી રહી છે.

પારલે પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે ટ્રેડમાર્ક એક્ટ, 1999 હેઠળ દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં કાયમી મનાઈ હુકમ માટે દાવો દાખલ કર્યો છે. અરજદાર 1973થી MELODI અને 1983થી MELODY ટ્રેડમાર્ક, ચોક્કસ કલર કોમ્બિનેશન અને વહેતા મ્યુઝિકલ સિમ્બોલ્સવાળા વિશિષ્ટ ટ્રેડ પેકેજિંગનો ઉપયોગ કરે છે. અરજદારની આ ચોકલેટ ભારતમાં, 'મેલોડી ઈતની ચોકલેટી ક્યું હૈ?' જેવા પ્રખ્યાત સૂત્રો સાથે અત્યંત લોકપ્રિય છે.

# જુહાપુરાથી જોધપુર સુધી સાત અલગ અલગ ATMમાંથી એક જ મોડસ ઓપરેન્ડીથી લાખો રૂપિયા ઉપાડી લીધા

અમદાવાદ | અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ATMની અંદર એક એવી ખતરનાક રમત રમાઈ રહી છે, જેમાં ગઠિયાઓ કોઈ હથિયાર વગર લોકોના ખાતા ખાલી કરી રહ્યા છે.ગઠિયાઓ મદદ કરવાની ઓફર કરીને સેકન્ડોમાં ડેબીટ કાર્ડની અદલાબદલી લખો રૂપીયા ઉપાડી લીધા છે.શહેરના જુહાપુરા, મકરબા અને જોધપુર વિસ્તારમાં બનેલી સાત અલગ અલગ ઘટનાઓ અંગે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં 7 ફરિયાદ નોંધાઈ છે.

કિસ્સો 1

જુહાપુરાના રોયલ અકબર ટાવરમાં રહેતા 57 વર્ષીય શાહનવાઝ અઝીઝ એચડીએફસી બેંકના ATMમાં રૂપિયા ઉપાડવા ગયા હતા. ATMમાંથી સ્લીપ બહાર ન આવતા એક અજાણ્યો શખ્સ તેમની પાસે આવ્યો અને બોલ્યો સાહેબ, તમારા સ્ટેટમેન્ટની સ્લીપ બહાર નથી આવી. વૃદ્ધ શાહનવાઝ ફરીથી કાર્ડ મશીનમાં નાખીને સ્લીપ કાઢવા લાગ્યા. આ દરમિયાન ગઠિયાએ સેકન્ડોમાં તેમનું ડેબીટ કાર્ડ બદલી નાખ્યું. થોડા સમય બાદ મોબાઈલમાં મેસેજ આવ્યો ખાતામાંથી 40 હજાર રૂપિયા ઉપડી ગયા હતા.

કિસ્સો 2

જુહાપુરાના જ બીજા ATMમાં ઈરશાદઅલી મન્સુરી રૂપિયા ઉપાડવા ગયા હતા. રૂપિયા બહાર ન આવતા એક શખ્સે મદદ ઓફર કરી. તે બોલ્યો ATMમાં પ્રોબ્લેમ છે, તમારું કાર્ડ આપો, હું ચેક કરું વાતચીત દરમિયાન નજર ચુકવી કાર્ડ બદલાઈ ગયું. થોડા સમયમાં ઈરશાદના ખાતામાંથી 50 હજાર રૂપિયા ઉપડી ગયા.

## ગાંધીનગરના અડાલજમાં મહિલાના ગળામાંથી 2.40 લાખનું મંગળસૂત્ર લૂંટી બાઈકસવાર ફરાર

ગાંધીનગર | ગાંધીનગર નજીક આવેલા અડાલજ વિસ્તારમાં ગઈકાલે સાંજના સમયે ચાલવા નીકળેલા એક મહિલાને નિશાન બનાવી બાઈક સવાર બે અજાણ્યા ચેઈન સ્નેચરો 2.40 લાખ રૂપિયાની કિંમતનું સોનાનું મંગળસૂત્ર આંચકીને ફરાર થઈ જતા અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પાટનગર ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ગુનાખોરીનો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે. તાજેતરમાં રૂપાલના વરદાયિની માતાના મંદિર પરિસરમાં આવેલા ખોડિયાર મંદિરમાં તાળા તોડી 15 લાખની રોકડની ચોરીની ઘટના તાજી છે ત્યાં વાહન ચોરીની વણઝાર વચ્ચે ચેઈન સ્નેચર ગેંગે પણ પાટનગરમાં તરખાટ મચાવ્યો છે.

મૂળ ઈન્દોરના વતની અને હાલ અડાલજની રેવા સ્કાયલિંક સોસાયટીમાં રહેતા 44 વર્ષીય કારપેન્ટર મોહિનીબેન સુભાષભાઈ નંદ કિશોર ગઈકાલે સાંજે સાડા સાતેક વાગ્યે તેમની 24 વર્ષીય દીકરી હર્ષિતા સાથે ચાલવા નીકળ્યા હતા. જ્યારે તેઓ અડાલજમાં આવેલી સ્વર્ણિમ સૃષ્ટિ નજીક રોડ વચ્ચેના ડિવાઈડર પર બેઠા હતા ત્યારે એસજી હાઈવેના સર્વિસ રોડ તરફથી એક કાળા રંગનું પલ્સર જેવું બાઈક લઈને બે લૂંટારૂ તેમની નજીક આવ્યા હતા.

બાદમાં બાઈક પર સવાર બંને શખ્સોએ જાણીજોઈને બાઈક ધીમું કર્યું હતું. અને મહિલાને લાગ્યું કે તેઓ કંઈક પૂછવા માટે ઉભા રહ્યા છે પરંતુ તે દરમિયાન જ બાઈકની પાછળ બેઠેલા શખ્સે મોહિનીબેનના ગળામાંથી આશરે દોઢ તોલાનું સોનાનું મંગળસૂત્ર જોરથી આંચકી લીધું હતું. મહિલાએ બચાવના પ્રયાસમાં લૂંટારુના શર્ટને પકડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ બાઈક ચાલકે ઝાટકો મારી બાઈક હંકારી મૂક્યું હતું.

## હવે ડ્રાઈવિંગ લાઈસન્સ માટે AI ટ્રેક, કોઈની લાગવગ નહીં ચાલે : 8 મિનિટ 10 સેકન્ડમાં પાર કરવા પડશે ચાર તબક્કા

ગાંધીનગર | ટુ વ્હીલર કે ફોર વ્હીલરના લાઈસન્સ માટે અત્યાર સુધી RTOમાં RTO અધિકારી ટેસ્ટ લેતા હતા. પરંતુ, હવે દેશમાં ગુજરાત એવું પ્રથમ રાજ્ય બનવા જઈ રહ્યું છે કે, જેમાં તમામ RTOમાં વાહનોના લાઈસન્સ માટેના ટેસ્ટ AI ટેસ્ટ ટ્રેક પર લેવાશે. રાજ્યમાં 15 જિલ્લામાં તો આ સિસ્ટમ કાર્યરત થઈ ચૂકી છે અને આગામી 2 મહિનામાં અન્ય 20 સ્થળો પર પણ AI ટેસ્ટ ટ્રેક તૈયાર થઈ જશે.

RTO કચેરીમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે અલગ અલગ AI ટેસ્ટ તૈયાર કરાયા છે. જેમાં ફોર વ્હિલર માટે દરેક અરજદારે ચાર તબક્કામાંથી પસાર થવાનું રહેશે જેના માટે તેને કૂલ 8 મિનિટ 10 સેકન્ડનો સમય મળશે. જો આ ચાર તબક્કામાં વાહનચાલક દ્વારા ક્યાય પણ ભૂલ થશે તો મશીન જ તેને ટેસ્ટમાંથી બહાર કરી દેશે. RTO દ્વારા શરૂ કરવામાં આવેલા AI ટેસ્ટ ટ્રેક પર ફોરવ્હિલ ચાલકે કયા કયા ચાર ટેસ્ટ આપવાના રહેશે?, ટેસ્ટ પાસ કરવા માટે કારચાલકે કઈ બાબતનું ધ્યાન રાખવાનું રહેશે? જે તમામ બાબતની ATOZ જાણકારી આ આર્ટિકલમાં મેળવીશું.

અરવલ્લીના મોડાસામાં પ્રથમ AI ટેક્નોલોજી આધારિત ટેસ્ટ ટ્રેક તૈયાર કરાયા બાદ રાજ્યમાં હાલ કૂલ 15 ટ્રેક કાર્યરત છે. આગામી 6 મહિના દરમિયાન રાજ્યની તમામ 42 RTOમાં AI આધારિત ટેસ્ટ ટ્રેક કાર્યરત કરી દેવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા જ AI આધારિત ડ્રાઈવીંગ ટેસ્ટ લેનારું ગુજરાત પ્રથમ રાજ્ય બની જશે.

વાહનચાલકને લર્નિંગ લાઈસન્સ મળ્યાના એક મહિના પછી પાકા લાઈસન્સ માટે ટેસ્ટ આપવાની રહેશે. AI ટેક્નોલોજી આધારિત ટેસ્ટ માટે અરજદાર ઓનલાઈન અને ઓફલાઈન એપોઈન્ટમેન્ટ મેળવી શકશે. જે દિવસે એપોઈન્ટમેન્ટ મળી હોય તે દિવસે જે તે RTO કચેરી પહોંચવાનું રહેશે. ત્યારબાદ અરજદાર કઈ કઈ પ્રોસેસ કરવાની રહેશે તે ગ્રાફિક્સની મદદથી સમજીએ.

વાહન વ્યવહાર રાજ્યમંત્રી પ્રવીણ માળીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, RTO વિભાગ દ્વારા લાંબા સમયથી ફેસલેશ સિસ્ટમ અમલમાં મૂકવાનું આયોજન કરવામાં આવી રહ્યું હતું. ડ્રાઈવીંગ ટેસ્ટ દરમિયાન અરજદારો તરફથી સૌથી વધુ ફરિયાદો આવતી હોવાના કારણે સરકારે AI આધારિત પારદર્શક સિસ્ટમ અમલમાં મૂકવાનો નિર્ણય લીધો હતો.

## જર્જરિત કુબેર ભવન ઈમારત કચરાપેટી બની

વડોદરા | વડોદરા શહેરના જર્જરિત ભયજનક થઈ ગયેલા કુબેર ભવન બહુમાળી સરકારી ઈમારતની ખુલ્લી જગ્યા કચરાપેટી બની ગઈ છે. એક બાજુ વ્યાપારીઓ અને લોકો પાસેથી કચરો નાખનારા પાસેથી દંડ વસૂલ કરવામાં આવે છે ત્યારે કુબેર ભવન ઈમારતમાં બેસનારા સરકારી અધિકારીઓ કર્મચારીઓ જ જવાબદાર છે છતાં પણ કોર્પોરેશનનું તંત્ર સરકારી વિભાગો સામે દંડનીય કાર્યવાહી કરતાં ખચકાય છે. એક તરફ મ્યુનિસિપલ કમિશનર અરૂણ બાબુ અને કાઉન્સિલરો સ્વચ્છતા અભિયાન હેઠળ જાતે સફાઈ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ કુબેર ભવન ખાતે સરકારી બાબુઓની મોટી બેદરકારી સામે આવી છે. છેલ્લા 6 મહિનાથી અહીં કચરાનું સામ્રાજ્ય સ્થપાયું છે. કચરામાં મોટાભાગે પાણીની બોટલો અને ચાના કપ છે, જે દર્શાવે છે કે ખુદ પીડબલ્યુડી અને સરકારી અધિકારીઓ જ અહીં ગંદકી ફેલાવી રહ્યા છે. આ સાથે જ પરિસરમાં 6થી 7 સરકારી ગાડીઓ ભંગાર હાલતમાં મુકી દેવાઈ છે. આ વાહનો સામાન્ય રિપેરિંગથી ચાલી શકે તેમ હોવા છતાં, નવી ગાડીઓ ખરીદવાના મોહમાં તેને વેડફવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ છે. સૌથી ગંભીર બાબત એ છે.

## ઈફ્કોની 55મી એજીએમમાં મહિલા સહકારીઓને રાષ્ટ્રીય ગૌરવ : મહિલા નેતૃત્વને મળ્યો વિશેષ માન



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફ્કો)ની 55મી વાર્ષિક સાધારણ સભામાં સહકારી ક્ષેત્રમાં મહિલા સશક્તિકરણ અને નેતૃત્વને કેન્દ્રસ્થાને રાખી અનોખી પહેલ કરવામાં આવી હતી. પ્રથમ વખત ઈફ્કો સહકારિતા રત્ન અને સહકારિતા બંધુ પુરસ્કાર મહિલા સહકારીઓને એનાયત કરી સહકારી ચળવળમાં મહિલાઓના વધતા પ્રભાવને રાષ્ટ્રીય સ્તરે માન્યતા આપવામાં આવી હતી. ઈફ્કો અધ્યક્ષ દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું કે સહકારીઓ, ખેડૂતો અને કર્મચારીઓ ઈફ્કોની સફળતાની સાચી કરોડરજ્જુ છે. તેમણે 2026ને 'આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ' જાહેર કરવાના સંદર્ભમાં મહિલા ખેડૂત અને સહકારી નેતૃત્વને વધુ મજબૂત બનાવવા ઈફ્કોની પ્રતિબદ્ધતા પુનરોચ્ચાર કરી હતી.વર્ષ 2024-25 માટેનો પ્રતિષ્ઠિ "ઈફ્કો સહકારિતા રત્ન પુરસ્કાર" શ્રીમતી શકીલા અખ્તરને એનાયત કરવામાં આવ્યો હતો, જ્યારે "ઈફ્કો સહકારિતા બંધુ પુરસ્કાર" શ્રીમતી ભાવના ગોંડલિયાને આપવામાં આવ્યો હતો. બંને મહિલા આગેવાનોને ગ્રામ્ય વિકાસ, મહિલા સશક્તિકરણ અને સહકારી ચળવળમાં નોંધપાત્ર યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. નવી દિલ્હીમાં યોજાયેલી આ એજીએમમાં દેશભરમાંથી 850થી વધુ સહકારી આગેવાનો, ખેડૂત પ્રતિનિધિઓ અને હિતધારકોએ ભાગ લીધો હતો. ઈફ્કોએ સભ્ય સહકારી મંડળીઓને મહત્તમ 20 ટકા ડિવિડન્ડ આપવાની પરંપરા યથાવત રાખવાની જાહેરાત પણ કરી હતી. સાથે જ સંસ્થાએ ટકાઉ કૃષિ, નેનો ખાતર, ડ્રોન ટેક્નોલોજી અને એ.આઈ. આધારિત કૃષિ વ્યવસ્થામાં નવી પહેલો દ્વારા 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝનને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## કિમ રેલવે સ્ટેશન પર એકિકૃત યાત્રી સૂચના સિસ્ટમ (IPIS) ની સુવિધા ઉપલબ્ધ

વડોદરા | વડોદરા મંડળ દ્વારા તારીખ 26 મે 2026 ના રોજ કિમ રેલવે સ્ટેશન પર એકિકૃત યાત્રી સૂચના સિસ્ટમ (Integrated Passenger Information System - IPIS) સફળતાપૂર્વક ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધા યાત્રીઓને ઉત્તમ સૂચના અને અધિક સુવિધા આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ પ્રમાણે આ નવી સિસ્ટમ હેઠળ નીચે જણાવેલી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે :પ્લેટફોર્મ નંબર 1 અને 2 પર કોચ ગાઈડન્સ બોર્ડ, બંને પ્લેટફોર્મ પર ઓટોમેટિક ઉદઘોષણા સિસ્ટમ, બુકિંગ કાર્યાલય પાસે ટ્રેન આગમન અને પ્રસ્થાન ડિસ્પ્લે બોર્ડ, NTES ઈન્ટીગ્રેશન મારફતે ટ્રેનોના વાસ્તવિક સમય (Real Time) માહિતી. આ સિસ્ટમ યાત્રીઓને ટ્રેનોના આગમન, પ્રસ્થાન, પ્લેટફોર્મ નંબર તથા કોચ સ્થિતિ સંબંધિત સચોટ અને તાત્કાલિક માહિતી ઉપલબ્ધ કરાવશે. કોચ ગાઈડન્સ બોર્ડ યાત્રીઓને તેમના નિશ્ચિત કોચની સામે પહોંચવામાં સહાયતા કરશે, જેનાથી ટ્રેનમાં ચઢવાની પ્રક્રિયા વધુ સુગમ અને સુવિધાજનક થશે. NTES ઈન્ટીગ્રેશન મારફતે હવે કિમ સ્ટેશન પર યાત્રીઓને ટ્રેનોના વાસ્તવિક સમયની માહિતી પ્રાપ્ત થશે, જેનાથી યાત્રા અનુભવ વધુ ઉત્તમ થશે.

આ પહેલ ભારતીય રેલવેની યાત્રી સુવિધાઓના આધુનિકીકરણ અને ટેકનિકલ અપગ્રેડેશન પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### અસહકાર આંદોલન ચીમકી બંધારણ અધિકાર મુદ્દે, મોટર વ્હીકલ એક્ટ કલમ અમલ માત્ર રીક્ષા પર

# ઓટોરિક્ષા ડ્રાઈવર યુનિયન ભાડું વિવાદ ઉગ્ર બનતાં આંદોલનના મંડાણ

(એજન્સી) વડોદરા । તા. 27

ગુજરાત રાજ્યમાં સામાન્ય નાગરિકોની રોજિંદી મુસાફરીના મુખ્ય સાધન ગણાતી ઓટોરિક્ષાના ભાડાના નિર્ધારણને લઈને વહીવટી તંત્ર અને ચાલકો વચ્ચેનો વર્ષો જૂનો સંઘર્ષ ફરી એકવાર સપાટી પર આવ્યો છે. સંસ્કારી નગરી વડોદરા ખાતેથી ઓટોરિક્ષા ચાલકોના પ્રતિનિધિઓએ સંગઠિત થઈને સરકારની વર્તમાન પરિવહન નીતિઓ સામે ખુલ્લો મોરચો માંડ્યો છે. યુનિયને તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત કરતાં સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે સમાજના અન્ય તમામ વ્યાપારી અને વ્યાવસાયિક વર્ગોને પોતાનું મહેનતાણું કે ભાવ નક્કી કરવાની સંપૂર્ણ આઝાદી છે, તો પછી માત્ર રીક્ષા ચાલકો પર જ કેમ સરકારી નિયંત્રણો લાદવામાં આવે છે? આ ભેદભાવ સામે ચાલકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં પરિવહન વ્યવસ્થા ઠપ્પ કરવાની ગર્ભિત ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.



અત્યાર સુધીની પરિસ્થિતિ જોતાં ઓટોરિક્ષા ડ્રાઈવર યુનિયનના પદાધિકારીઓએ કાયદાના પુસ્તકો ટાંકીને સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે. વરિષ્ઠ પ્રતિનિધિઓના જણાવ્યા અનુસાર, મોટર વ્હીકલ એક્ટની કલમ-૬૭ની જોગવાઈઓ સ્પષ્ટ કરે છે કે પરમિટ ધરાવતા એટલે કે પીળી નંબર પ્લેટવાળા તમામ વ્યાવસાયિક વાહનોના ભાડાં સરકાર દ્વારા જ નક્કી થવા જોઈએ. જો કે, વાસ્તવિકતા એ છે કે વર્ષોથી આ કાયદાનો કડક અમલ માત્ર અને માત્ર ગરીબ અને મધ્યમવર્ગીય રીક્ષા ચાલકો ઉપર જ કરવામાં આવી રહ્યો છે. રાજ્યમાં દોડતી સ્કૂલ રીક્ષા, પ્રાઈવેટ સ્કૂલ વાન, બાઈક ટેક્સી, પ્રાઈવેટ બસો, લક્ઝરી ટ્રાવેલ્સ, માલવાહક ટ્રકો અને ખાનગી એમ્બ્યુલન્સ સેવાઓ સાથે જોડાયેલા લોકો પોતાનું ભાડું જાતે નક્કી કરે છે, ત્યારે રીક્ષા ચાલકો પર જ આ કાયદો થોપી બેસાડવો તે સંપૂર્ણપણે અન્યાયપૂર્ણ અને પક્ષપાતી વલણ છે.

**સમાનતાના અધિકાર પર ત્રાપ અને ઈંધણનો આર્થિક બોજ**

જાણો સમગ્ર ઘટનાક્રમ કે કેવી રીતે સીએનજી ગેસના સતત વધતા જતા ભાવોએ રીક્ષા ચાલકોની કમર તોડી નાખી છે અને તેઓને રસ્તા પર ઉતરવા મજબૂર કર્યા છે. યુનિયનનું સત્તાવાર રીતે કહેવું છે કે સરકારની આ એકતરફી નીતિ ભારતીય બંધારણના આર્ટિકલ-૧૪ એટલે કે દેશના પ્રત્યેક નાગરિકને મળેલા 'સમાનતાના અધિકાર'નું સરેઆમ ઉલ્લંઘન કરે છે. બજારમાં સીએનજી ગેસના ભાવમાં દર અઠવાડિયે કે મહિને સતત વધારો થઈ રહ્યો છે, જેના લીધે રીક્ષા ચાલકોનો દૈનિક ઘર ચલાવવાનો ખર્ચ અને આર્થિક બોજ અસાધ્ય સ્તરે વધી ગયો છે. આવી ગંભીર સ્થિતિમાં દરેક વખતે નિયમ મુજબ કલેક્ટર કચેરી કે આરટીઓ કચેરીએ જઈને ભાડાં વધારવાની લાંબી અને જટિલ માંગણી કરવી પડે છે, જે આ ગંભીર સમસ્યાનો કોઈ કાયમી કે તાર્કિક ઉકેલ નથી.

વડોદરાના સ્થાનિક રીક્ષા ચાલકોએ પોતાનો આક્રોશ ઠાલવતા વહીવટી તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ચાલકોએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, "સરકાર આજે માંડ માંડ લાંબી લડત પછી રૂપિયો-બે રૂપિયા ભાડું વધારી આપે છે અને તેના બીજા જ દિવસે ઓઈલ કંપનીઓ દ્વારા ફરી સીએનજીના ભાવ ઝીંકી દેવામાં આવે છે. તો શું અમારે દરરોજ પોતાના પરિવારનું પેટ ભરવા માટે અને રોજગારી મેળવવા માટે સરકાર પાસે ભીખ માંગવી પડે? વ્યવસાયિક જગતમાં વકીલો, ડોક્ટરો, દૂધ વિતરણ કરનારાઓ, ગેસ એજન્સીઓ, બિલ્ડરો તથા કપડાંના વેપારીઓ પોતાની સેવાઓનું મૂલ્ય બજારના પ્રવાહ મુજબ જાતે નક્કી કરે છે, તો અમને અમારો આર્થિક અધિકાર અને વ્યાવસાયિક સ્વતંત્રતા કેમ ન મળવી જોઈએ?"

**ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની રણનીતિ**

યુનિયને વધતી જતી અસહ્ય મોંઘવારી અને ઈંધણના આકાશ આંબતા ભાવોને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર પાસે તાત્કાલિક ધોરણે ભાડાં મુક્ત રીતે નક્કી કરવાની સ્વાયત્તતા આપવાની માંગ કરી છે. જો સરકાર દ્વારા આ મામલે સકારાત્મક વલણ અપનાવવામાં નહીં આવે, તો આ પ્રશ્નના કાયમી અને નિર્ણાયક ઉકેલ માટે સમગ્ર રાજ્યમાં ગાંધી ચિંધ્યા માર્ગે અસહકાર આંદોલન શરૂ કરવાની દિશામાં દેશવ્યાપી આહ્વાન કરવામાં આવ્યું છે. ચાલકો હવે કોઈપણ સરકારી આદેશ સામે અસહકારનું વલણ અપનાવીને રસ્તાઓ પર ઉતરી શકે છે, જેના કારણે આગામી દિવસોમાં મુસાફરો અને ખાસ કરીને શાળાએ જતા બાળકો માટે પરિવહનની મોટી કટોકટી સર્જાવાની પૂરેપૂરી સંભાવના છે.

## News Brief

### વડોદરા કાર અકસ્માત મધરાતે સર્જાયો બે મિત્રો ઘાયલ



વડોદરા | સંસ્કારી નગરીના પશ્ચિમ વિસ્તારમાં ગત મધ્યરાત્રિએ બેફામ ગતિએ દોડતી એક લક્ઝુરિયસ ફોર વ્હીલર કારના ચાલકે કાબૂ ગુમાવતા વાહન પલટી ખાઈ ગયું હોવાની ગંભીર ઘટના સામે આવી છે. મોડી રાત્રે ભૂખ સંતોષવા માટે નાસ્તો કરવા નીકળેલા બે નવયુવાન મિત્રો આ ભયાનક અકસ્માતનો ભોગ બન્યા હતા. સદનસીબે આ અકસ્માત મધરાતે થયો હોવાથી રસ્તા પર જનમેદની ન હતી, નહીંતર ભૂતકાળના ચકચારી રક્ષિત કાંડ જેવી જ મોટી ખુવારી સર્જાઈ ગઈ હોત. સ્થાનિક રહીશોએ તાત્કાલિક રાહત કામગીરી કરીને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. સ્થાનિક સનફાર્મા રોડ પર આવેલી શ્રીમ ગેલેક્સીના શ્રેષ્ઠા ટાવરનો રહેવાસી ધ્રુવ ગોરધનભાઈ વાઘેલા ગત રાત્રે આશરે અઢી વાગ્યાના સુમારે તેના મિત્ર હેરી દેવેન્દ્રસિંગ ભાટીયા (રહેવાસી જ્ઞાનકુંજ સોસાયટી, સેવાસી) સાથે બહાર નીકળ્યો હતો.

### રાજકોટ ધરતીકંપ આંચકો મધરાતે આવ્યો લોકો ઘર બહાર




રાજકોટ | સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા રંગીલા રાજકોટ શહેરમાં ગત મધ્યરાત્રિએ અચાનક ભૂગર્ભીય હલચલ થતાં સમગ્ર પંથક ધ્રુજી ઉઠ્યો હતો. રાત્રિના ગાઢ અંધકારમાં જ્યારે નાગરિકો ગાઢ નિદ્રામાં હતા, ત્યારે અચાનક આવેલા આંચકાને કારણે લોકો જીવ બચાવવા ખુલ્લા મેદાનો અને રસ્તા પર દોડી આવ્યા હતા. ભૌગોલિક સંશોધન કેન્દ્રના અહેવાલ મુજબ, આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ત્રણ પોઈન્ટ નોંધાઈ છે. આ ઘટનાને પગલે શહેરી વિસ્તારની જમીનની અંદર એક નવી આંતરિક તિરાડ ઉદ્ભવી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે, જેને કારણે વહીવટી તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે. મધરાતે આશરે ૧:૨૦ વાગ્યાના સુમારે મવડી અને કણકોટ રોડની વચ્ચે આવેલા પાળ ગામ નજીક જમીનની અંદર ભારે દબાણને કારણે પ્લેટો ખસી હતી. ગોલ્ડન વિલા પાર્ટી પ્લોટ પાસે ૨૨.૨૨૬ અક્ષાંશ અને ૭૦.૭૫૧ રેખાંશ પર આ કંપન ઉદભવ્યું હતું.

### વડોદરા કોર્પોરેશન નગરસેવક ગાયબ જનતા પરેશાન થઈ



વડોદરા | સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ કલ્યાણકારી કાર્યોના મોટા-મોટા દાવા કરીને સત્તાના સિંહાસન સુધી પહોંચેલા જનપ્રતિનિધિઓ પ્રારંભિક દિવસોમાં જ નિષ્ક્રિય સાબિત થયા છે. વિજય સરઘસો પૂરા થતાં જ શહેરના અનેક વિસ્તારોમાંથી જનતાની ફરિયાદો ઉઠી રહી છે કે તેમના દ્વારા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ હવે ક્ષેત્રમાંથી સદંતર ગાયબ થઈ ગયા છે. બહુમતી મેળવ્યા બાદ લોકપ્રશ્નો ઉકેલવાના બદલે આ નેતાઓ વહીવટી કેન્દ્રોથી અંતર જાળવી રહ્યા છે, જેને કારણે સામાન્ય નાગરિકોમાં ભારે આક્રોશ અને નારાજગીની લાગણી વ્યાપી ગઈ છે. ચૂંટણી પ્રચાર દરમિયાન ગટર, પીવાનું ચોખ્ખું પાણી, રસ્તાની મરામત અને સફાઈ જેવા પાયાના પ્રશ્નોને ગણતરીના દિવસોમાં હલ કરવાની ગુલબાંગો પોકારવામાં આવી હતી.

### આંતરિક લોબિંગ વિવાદનો અંત આવશે

## વડોદરા ભાજપ પદાધિકારી નામોની થોડા સમયમાં સત્તાવાર જાહેરાત થશે

(એજન્સી) વડોદરા । તા. 27

સ્થાનિક મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થયાને એક મહિના કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં, શાસક પક્ષમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણને કારણે વિલંબમાં પડેલી વહીવટી પ્રક્રિયાનો આખરે આવતીકાલે સુખદ અંત આવવા જઈ રહ્યો છે. સત્તાના સર્વોચ્ચ શિખર સમાન પાંચ મુખ્ય હોદ્દાઓ પર કયા ચહેરાઓને સ્થાન આપવું તે અંગે પ્રદેશ નેતાગીરી દ્વારા આખરી મહોર મારી દેવામાં આવી હોવાના અહેવાલ છે. લાંબા સમયથી ચાલી રહેલી રાજકીય અટકળો અને ચર્ચાઓ વચ્ચે આવતીકાલે શહેરને નવા સુકાનીઓ મળશે, જેને પગલે પાલિકાના વહીવટી તંત્રમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી ગત માસની ૨૬મી તારીખે યોજાઈ હતી, જેમાં સત્તાધારી પક્ષે સ્પષ્ટ બહુમતી મેળવીને સત્તા જાળવી રાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, પક્ષના સત્તાવાર મુખ્ય મથક ખાતે આવતીકાલે સવારે તમામ વિજેતા લોકપ્રતિનિધિઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં પ્રદેશ કક્ષાએથી આવેલા બંધ પરબિડીયામાંથી મોવડી મંડળના આદેશ મુજબ મહત્ત્વના નામો વાંચી સંભળાવવામાં આવશે.

### ગેરકાયદે હથિયાર નેટવર્ક પર તરાપ મારી, વેમાલી હોટલ દરોડામાં મોટો મુદ્દામાલ

## વડોદરા શસ્ત્ર ધરપકડ પરપ્રાંતિય શખ્સ પિસ્તોલ સાથે પકડાયો

(એજન્સી) વડોદરા । તા. 27

ઔદ્યોગિક નગરી વડોદરાના સરહદી વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવાના ઈરાદા સાથે રોકાયેલા એક પરપ્રાંતિય શખ્સને સ્થાનિક સુરક્ષા એજન્સીઓએ ઘાતક શસ્ત્રો સાથે ઝડપી લીધો છે. વેમાલી ગામ નજીક આવેલી એક જાણીતી અતિથિગૃહ (હોટલ)માં ગુપ્ત બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડા દરમિયાન આ મોટી સફળતા મળી છે. પકડાયેલા શખ્સ પાસેથી જીવતો દારૂગોળો અને શસ્ત્ર રાખવાનું નકલી પ્રમાણપત્ર મળી આવ્યું છે. સુરક્ષા દળોએ કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધીને આ શખ્સ વડોદરામાં કોઈ મોટી ગેંગવોર કે લૂંટના ઈરાદે આવ્યો હતો કે કેમ તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

સ્થાનિક સુરક્ષા તંત્રને ચોક્કસ બાતમી મળી હતી કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નજીક આવેલી હોટલ રોયલ પેલેસના ચોથા માળના એક રૂમમાં શંકાસ્પદ હિલચાલ થઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, લોકલ ક્રાઈમ બ્રાન્ચે સ્થાનિક મંજુસર પોલીસ મથકના જવાનોને સાથે રાખીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસે અચાનક હોટલના રૂમમાં એન્ટ્રી કરીને ત્યાં રોકાયેલા મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાના લહાર તાલુકાના મોહનપુરા ગામના વતની રવિ બિરેન શર્મા નામના યુવકને કોર્ડન કરી લીધો હતો. રૂમની તલાશી લેતા જવાનો પણ ચોંકી ઉઠ્યા હતા.

તપાસ દરમિયાન આરોપીની બેગમાંથી એક ચમકતી પિસ્તોલ અને શસ્ત્રોની હેરાફેરી કરવા માટે વપરાતી અન્ય સામગ્રી મળી આવી હતી. પોતાની જાતને બચાવવા માટે આરોપીએ સુરક્ષા જવાનોને એક શસ્ત્ર લાયસન્સ બતાવ્યું હતું, પરંતુ ઝીણવટભરી તપાસમાં આ સરકારી દસ્તાવેજ સંપૂર્ણપણે નકલી અને બનાવટી હોવાનું સાબિત થયું હતું.

## વુડાના મકાનોમાં હોબાળો મચ્યો ગટરના પાણીથી જનતા ત્રસ્ત

વડોદરા | શહેરમાં પ્રજા પ્રત્યેની વહીવટી ઉદાસીનતાનો વધુ એક ગંભીર કિસ્સો પશ્ચિમ વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે એક સરકારી આવાસ યોજનાના સેંકડો રહીશો છેલ્લા એક વર્ષથી નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. સ્થાનિક તંત્રના બહેરા કાને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પરિણામ ન મળતા, આજે વહેલી સવારે રોષે ભરાયેલા નાગરિકો, મહિલાઓ અને વૃદ્ધોએ રસ્તા પર ઉતરી આવીને ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે હોબાળો મચાવ્યો હતો. દૂષિત પુરવઠા અને ગટર લાઈન બ્લોકેજના કારણે સમગ્ર વસાહતમાં આરોગ્યનું મોટું સંકટ ઊભું થયું છે. ગયા વર્ષે વડોદરામાં આવેલા વિનાશક પૂરના સમયે સન ફાર્મા રોડ પર આવેલા શાંતિનગર વુડાના મકાનો આસપાસ મોટા પાયે પાણી ભરાઈ ગયા હતા. પૂરના વહેણ ઓસર્યા બાદ આ સરકારી આવાસોની ભૂગર્ભ ડ્રેનેજ લાઈનો સંપૂર્ણપણે ચોકઅપ થઈ ગઈ હતી.

### વડોદરા વીજ કંપની બેકફૂટ પર આવી ગઈ

## સ્માર્ટ મીટર વિરોધ વડોદરામાં ઉગ્ર બન્યો ટીમ પાછી ભાગી, જનતાનો હોબાળો સોસાયટીમાં થયો

(એજન્સી) વડોદરા । તા. 27

ગુજરાતના સાંસ્કૃતિક પાટનગરમાં રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સામે સામાન્ય કરદાતાઓનો અસંતોષ હવે ઉગ્ર જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. સ્માર્ટ મીટર યોજના અંતર્ગત ગ્રાહકોના ઘરે નવા ડિજિટલ ઉપકરણો ફિટ કરવા માટે નીકળેલી સરકારી ટુકડીને આજે સતત બીજા દિવસે સ્થાનિકોના આક્રોશનો સામનો કરવો પડ્યો છે. પૂર્વ ઝોનના એક મોટા રહેણાંક સંકુલમાં સવારે બનેલી આ ઘટનામાં રહીશો એકઠા થઈ જતા વાતાવરણ તંગ બની ગયું હતું. મામલો વધુ બિચકે તે પહેલાં સરકારી કર્મચારીઓએ વાહનો સરખાવીને ત્યાંથી રવાના થઈ જવામાં જ ભલાઈ સમજી હતી.

શહેરના કપૂરાઈ ચોકડી નજીક આવેલા આશરે બહંતેર ફ્લેટ ધરાવતા સાંઈ જલા હાઈટ્સ નામના




એપાર્ટમેન્ટમાં આ આખો વિવાદ સર્જાયો હતો. મીડિયા અહેવાલ મુજબ, મધ્ય ગુજરાત વીજ નિગમ લિમિટેડના ટેકનિશિયનો પૂર્વ સૂચના આપ્યા વગર જ પેટીઓ ભરીને નવા મીટરો લાવ્યા હતા. આ અંગે ગ્રાહકોને જાણ થતાં જ આખી સોસાયટીના રહીશો નીચે ઉતરી આવ્યા હતા અને કામગીરી અટકાવી દીધી હતી.

## રાજકોટ ડ્રગ્સ નેટવર્ક પકડાયું યુવાનોને બરબાદ કરતો હતો

રાજકોટ | સૌરાષ્ટ્રના યુવાધનને નશાના રવાડે ચડાવીને બરબાદ કરવાના એક અત્યંત ચોંકાવનારા આંતરરાજ્ય કારસાનો સ્થાનિક સુરક્ષા પાંખે પર્દાફાશ કર્યો છે. રંગીલા શહેરમાં માદક પદાર્થોની હેરાફેરી કરતા ગુનેગારો હવે ગ્રાહકો મેળવવા માટે પરંપરાગત રીતો છોડીને આધુનિક ટેકનોલોજી અને વર્ચ્યુઅલ પ્લેટફોર્મનો આશરો લઈ રહ્યા હોવાની સત્તાવાર વિગતો બહાર આવી છે. ગુપ્ત બાતમીના આધારે સક્રિય થયેલી ખાસ ટુકડીએ ઘાતક રસાયણ મેફેડ્રોન સાથે એક રીઢા ગુનેગારને રંગેહાથ દબોચી લીધો છે. પકડાયેલો શખ્સ લાખો રૂપિયાનો નફો કમાવવા માટે આખા શહેરમાં જાળ બિછાવી રહ્યો હતો. સ્થાનિક સુરક્ષા તંત્રને માહિતી મળી હતી કે સોશિયલ મીડિયા પર ચોક્કસ કોડવર્ડનો ઉપયોગ કરીને યુવાનોને નશીલા પદાર્થો વેચવામાં આવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે જાળ બિછાવીને ઈરફાન ઉર્ફે રોમીયો ચાનીયા નામના શખ્સને ઝડપી લીધો હતો.

### તંત્રની બેધારી નીતિ સામે આક્રોશ વ્યાપ્યો, કુબેર ભવન વડોદરા ભારે ભયજનક બન્યું

# સરકારી કચેરીમાં ગંદકીનું સામ્રાજ્ય કચરાપેટી બની ઈમારત

(એજન્સી) વડોદરા । તા. 27

શહેરમાં સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓ પાસેથી કચરો ફેંકવા બદલ આકરો દંડ વસૂલતું સ્થાનિક મહાનગરપાલિકાનું પ્રશાસન પોતાના જ સરકારી વિભાગો સામે લાચાર સાબિત થયું છે. વડોદરાના હાર્દ સમાન વિસ્તારમાં આવેલી બહુમાળી મિલકતની ખુલ્લી જગ્યા હાલમાં ઉકરડામાં ફેરવાઈ ગઈ છે. એક તરફ ઉચ્ચ વહીવટી વડાઓ અને લોકપ્રતિનિધિઓ કેમેરા સામે કચરો સાફ કરીને સ્વચ્છતાના પાઠ ભણાવી રહ્યા છે, ત્યારે બીજી તરફ કાયદાના રક્ષકો જ કાયદાના લીરેલીરા ઉડાડી રહ્યા છે. જર્જરિત ઈમારતમાં બેસતા અધિકારીઓની બેદરકારીને કારણે આખું પરિસર રોગચાળાના ભય હેઠળ જીવી રહ્યું છે.



માર્ગ પર ફેંકાયેલા પ્લાસ્ટિકના ગ્લાસ, પાણીની બોટલો અને એઠવાડ એ વાતની સાક્ષી પૂરે છે કે અહીં કામ કરતા કર્મચારીઓ જ આસપાસના વાતાવરણને પ્રદૂષિત કરી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ ખાખી અને સિવિલ બાબુઓની આડોડાઈ સામે નગરપાલિકાનું આરોગ્ય તંત્ર કોઈ પણ પ્રકારની દંડનીય કાર્યવાહી કરતા સતત ખચકાઈ રહ્યું છે, જે વહીવટી તંત્રની પક્ષપાતી માનસિકતા છતી કરે છે.

આ પરિસરમાં લાખો રૂપિયાના મૂલ્યની સત્તાવાર ગાડીઓ સામાન્ય મરામતના અભાવે ધૂળ ખાઈ રહી છે. સત્તાધીશો નવી ગાડીઓની ખરીદીના મોહમાં જૂની મિલકતોને વેડફી રહ્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે. સૌથી આઘાતજનક બાબત એ છે કે, જે બિલ્ડિંગને સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટમાં રહેવા માટે અયોગ્ય જાહેર કરાઈ છે, તેની અંદર જ હજુ પણ સેંકડો કર્મચારીઓ કામ કરી રહ્યા છે અને રોજ હજારો અરજદારો પોતાના જીવના જોખમે અહીં ધક્કા ખાય છે. સ્થાનિક સામાજિક અગ્રણી રાજેશ માળીએ આ ગંભીર બેદરકારી સામે અવાજ ઉઠાવતા જણાવ્યું છે કે, સામાન્ય જનતા પાસેથી સફાઈના નામે ટેક્સ વસૂલતી પાલિકા સરકારી બાબુઓને કયા નિયમ હેઠળ છાવરી રહી છે?

### જળબિલાડી | સરથાણા નેચર પાર્ક દેશમાં મોખરે રહ્યું

## ઓટર બ્રિડિંગ હબ સુરત ઝૂમાં જળબિલાડીની સંખ્યા 63 થઈ

(એજન્સી) સુરત । તા. 27

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન તાપી નદીના વિનાશક પૂરમાંથી બે દાયકા પહેલા બચાવી લેવાયેલી માત્ર ત્રણ સામાન્ય જળબિલાડીઓએ આજે ડાયમંડ સિટીની શાનમાં અભિવૃદ્ધિ કરી છે. દર વર્ષે મે મહિનાના અંતિમ બુધવારે ઉજવાતા વૈશ્વિક પર્યાવરણીય અવસર પર જાહેર થયેલા આંકડા મુજબ, સ્થાનિક વહીવટીતંત્ર સંચાલિત પ્રાણીસંગ્રહાલય ભારતભરમાં એકમાત્ર એવું અનોખું કેન્દ્ર બન્યું છે જ્યાં આ સંવેદનશીલ વન્યજીવનું કુદરતી વાતાવરણ વચ્ચે સૌથી સફળ પ્રજનન થઈ રહ્યું છે. ભૂતકાળની આપત્તિને આશીર્વાદ બનાવીને આ ઝૂએ રાષ્ટ્રીય સ્તરે પોતાની ક્ષમતા સાબિત કરી બતાવી છે.



વર્ષ ૨૦૦૬માં જ્યારે આખું શહેર પૂરના પાણીમાં ગરકાવ હતું, ત્યારે અમરોલી પંથકમાંથી આપત્તિ વ્યવસ્થાપન ટીમને અત્યંત ગંભીર હાલતમાં જળબિલાડીની એક ઈજાગ્રસ્ત જોડી મળી આવી હતી. વન્યજીવ નિષ્ણાતોની રાત-દિવસની મહેનત અને સઘન સારવાર બાદ આ જોડી સ્વસ્થ થઈ હતી. કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે આ નાનકડું રેસ્ક્યુ ઓપરેશન ભવિષ્યમાં દેશના પાંચસોથી વધુ પ્રાણીસંગ્રહાલયો માટે એક આદર્શ રોલ મોડેલ સ્થાપિત કરશે.

કેદમાં એટલે કે કૃત્રિમ પાંજરામાં જળબિલાડીઓનું પ્રજનન કરાવવું એ જૈવિક દ્રષ્ટિએ અત્યંત જટિલ પ્રક્રિયા છે. આ પ્રાણીઓ સામાન્ય રીતે નબળા બચ્ચાને મારી નાખવાની હિંસક પ્રકૃતિ ધરાવે છે. વન્યજીવ રક્ષકોએ આ પડકાર સામે ખાસ અલગ કેજ અને પોષણયુક્ત આહારનું આયોજન કર્યું હતું. જેના પરિણામે ગત વર્ષે એક જ માદા ઓટરે એકસાથે સાત તંદુરસ્ત બચ્ચાને જન્મ આપીને ભારતીય પ્રાણીશાસ્ત્રના ઈતિહાસમાં એક વિરલ ઘટના નોંધી હતી. આજે સુરતની ઉચ્ચ ગુણવત્તાવાળી જળબિલાડીઓની દેશભરમાં ભારે માંગ છે. આ વિનિમય યોજના હેઠળ સુરતે ચંદીગઢ, હૈદરાબાદ અને મૈસુર જેવા પ્રખ્યાત કેન્દ્રોને ઓટર્સ આપીને બદલામાં આકર્ષક પક્ષીઓ અને કિંમતી હિંસક જાનવરો મેળવ્યા છે, જે આજે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રૉમેન્ટિક દિવસ બગાડી નાખશે.

**વૃષભ : બ. વ. ઉ.**
ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે.

**મિથુન : ક. છ. ઘ.**
જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા-કેમ કે એનાથી તમને પછીથી પસ્તાવો થશે.

**કર્ક : ડ. હ.**
બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે.

**સિંહ : મ. ટ.**
અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**કન્યા : પ. ઠ. ણ.**
તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્રઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે.

**તુલા : ર. ત.**
સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**વૃશ્ચિક : ન. ય.**
તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મકર : ખ. જ.**
શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**
તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે.

**મીન : દ. ચ. ઝ. થ.**
આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો.

**અબોલા પશુસેવાનું અનોખું આયોજન**

## મોરઝર રામકથા દરમિયાન વિથોણ જીવદયા સમિતિએ નવ ગામોમાં કરી ગૌસેવા અને સ્વાન ભોજન સેવા



| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના સંત શ્રી પૂજલદાદા આશ્રમ ખાતે આયોજિત પાવન રામકથામાં આધ્યાત્મિકતા સાથે જીવદયાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. કથાના નવ દિવસ દરમિયાન અબોલા પશુઓની સેવા માટે વિથોણ જીવદયા સમિતિને વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી. સમિતિ દ્વારા નિષ્ઠાપૂર્વક કરવામાં આવેલી સેવા બદલ આશ્રમ સંસ્થા તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. રામકથાના અવસરે વિથોણ વિસ્તારના વિથોણ, ચાવડકા, મોરજર, આણંદસર, અધોછણી, રાણારા, ભડલી, થરાવડા અને કોટડા ગામોમાં દરરોજ ગૌમાતાને ઘાસચારો તથા સ્વાન માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. નવ દિવસ સુધી સતત ચાલેલી આ સેવાકીય પ્રવૃત્તિમાં દરેક ગામની સમિતિઓ અને સેવાભાવી આગેવાનોનો ઉત્સાહભેર સહયોગ મળ્યો હતો.અબોલા પશુઓની જઠરાગ્નિ ઠારવા માટે હાથ ધરાયેલા આ સેવાકાર્યને ગ્રામજનો અને કથાશ્રોતાઓએ પણ બિરદાવ્યું હતું. સેવા, સંસ્કાર અને સંવેદનાનું અનોખું સંકલન સર્જતી આ કામગીરી સમગ્ર વિસ્તારમાં પ્રશંસાનો વિષય બની હતી.વિથોણ જીવદયા સમિતિના પ્રમુખ શાંતિલાલ નાયાણીએ જણાવ્યું હતું કે જીવદયા એ માનવધર્મનો અગત્યનો ભાગ છે અને સમાજમાં સેવા ભાવના વધુ મજબૂત બને તે માટે સમિતિ સતત કાર્યરત રહેશે.

**ટેકનોલોજી અને એન્જિનિયરીંગ ક્ષેત્રે વિદ્યાર્થીએ કાઠુ કાઢ્યું**

# ઓસ્ટ્રેલિયામાં યોજાયેલ વિશ્વ પ્રસિદ્ધ સ્ટેટ રેસિંગ સ્પર્ધામાં બોટાદના યુવાનનો ડંકો

(એજન્સી) બોટાદ | તા.27

તાજેતરમાં ઓસ્ટ્રેલિયા ખાતે યોજાયેલ વિશ્વ પ્રસિદ્ધ હાલ સ્ટેટ રેસિંગ તરીકે ઓળખાતી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં મુળ બોટાદના ઋત્વીજ પટેલે અને તેની ટીમ ઐતિહાસિક સફળતા ક્ષેત્રે કાઠુ કાઢ્યું હતું. સમગ્ર પ્રોજેક્ટમાં ઋત્વિજે કારની ગુણવત્તા જાળવવા મહત્વનું યોગદાન આપ્યું હતું. ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં યોજાયેલી વિશ્વપ્રસિદ્ધ એફ૧ ઈન સ્કુલ્સ એટલે કે હાલ સ્ટેમ રેસિંગ તરીકે ઓળખાતી આંતરરાષ્ટ્રીય ટેકનિકલ સ્પર્ધામાં મૂળ બોટાદનાં ઋત્વિજ દિવ્યાંગભાઈ પટેલ અને તેમની ટીમ ટાયફૂનએ શાનદાર સફળતા મેળવી છે. એલામેન્ડા કે-૯ કોલેજ અને હોમસ્ટેડ સિનિયર સેકન્ડરી કોલેજના વિદ્યાર્થીઓની સંયુક્ત ટીમે વિકટોરિયા સ્ટેટ ફાઈનલ્સમાં સતત બીજી વખત સ્ટેટ ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયન નેશનલ ફાઈનલ્સમાં સમગ્ર દેશમાં ચોથું સ્થાન મેળવી અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ્સ જીત્યા હતા.આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ





કમ્પ્રેસ્ડ એરથી ચાલતી મીની ફોર્મ્યુલા-૧ કાર તૈયાર કરે છે અને તેની ટ્રેક પર હાઈસ્પીડ રેસ યોજવામાં આવે છે. સમગ્ર પ્રક્રિયામાં ડિઝાઈન, એન્જિનિયરિંગ, એરોડાયનેમિક્સ, બ્રાન્ડિંગ અને ટેકનિકલ પ્રેઝન્ટેશન જેવા અનેક પાસાઓનું મુલ્યાંકન કરવામાં આવે છે માહિતી મુજબ, દર વર્ષે ફાઈનલ્સમાં આશરે ૨૫થી ૩૦ જેટલી ટોચની ટીમો ભાગ લે છે. આશરે ૨૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ સાથે જોડાયેલા હોવાથી આ સ્પર્ધાને ઓસ્ટ્રેલિયાની સૌથી પ્રતિષ્ઠિત વિદ્યાર્થી ટેકનિકલ સ્પર્ધાઓમાં સ્થાન મળ્યું છે. વર્ષ ૨૦૨૫ની વિકટોરિયા સ્ટેટ ફાઈનલ્સ દરમિયાન ટીમ ટાયફૂને પોતાના ટેકનિકલ પ્રદર્શન અને ઝડપી કાર ડિઝાઈનના બળે સતત બીજી વખત સ્ટેટ ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી હતી. આમ મૂળ બોટાદનાં ઋત્વિજ દિવ્યાંગભાઈ પટેલે વિદેશની ધરતી પર પોતાની પ્રતિભા દ્વારા બોટાદ અને સમગ્ર ગુજરાતનું નામ ઉજાગર કરી ટેકનોલોજી અને એન્જિનિયરીંગ ક્ષેત્રે ગુજરાતી યુવાનો પણ વૈશ્વિક સ્તરે આગવું સ્થાન મેળવી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે.એફ-૧ ઈન સ્કૂલ્સ તરીકે જાણીતી અને હાલ એસટીઈએમ રેસિંગ નામે ઓળખાતી આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા વિદ્યાર્થીઓ માટેની વિશ્વપ્રસિદ્ધ ટેકનિકલ ચેલેન્જ છે. તેમાં વિદ્યાર્થીઓ વાસ્તવિક ફોર્મ્યુલા-૧ ટીમની જેમ કાર ડિઝાઈન, મેન્યુફેક્ચરીંગ, માર્કેટિંગ અને પ્રેઝન્ટેશન પર કામ કરે છે. કમ્પ્રેસ્ડ એરથી ચાલતી મીની એફ-૧ કારને હાઈસ્પીડ ટ્રેક પર દોડાવવામાં આવે છે. જેમાં સ્પીડ, એરોડાયનેમિક્સ, ડિઝાઈન અને ટેકનિકલ કુશળતાનું મૂલ્યાંકન થાય છે.

**મૂવી જોવાની લત ભારે પડી**

## ફ્રી મૂવીની લાલચ આપી સસરા-જમાઈ સાથે સાયબર ફ્રોડ

ભાવનગર : ભાવનગરમાં સસરા જમાઈએ ફ્રી મૂવી જોવાની લાલચ આવી જઈ મોબાઈલ ફોનમાં એપ્લિકેશન ઈન્સ્ટોલ કરતી વખતે તમામ પરમિશન આપતાં જ બંનેના ફોન હેક થઈ ગયા હતા.અને સાસરા જમાઈના બેન્ક એકાઉન્ટમાંથી સાયબર ગઠિયાએ રૂ.૧.૨૨ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. ભાવનગર શહેરના વિઠ્ઠલવાડી વિસ્તારમાં આવેલી નવજીવન સોસાયટીમાં રહેતા અને નિર્મળનગરમાં પ્રોવિઝન સ્ટોર ચલાવતા વેપારી પરેશભાઈ છગનભાઈ કુવરાણીએ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ગત ૫ મે ૨૦૨૬ના રોજ તેઓ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર રીલ્સ જોઈ રહ્યા હતા, ત્યારે 'ટયુબી ટીવી' નામની એપની એક જાહેરાત આવી હતી, જેમાં ફ્રી મૂવી અને વેબ સિરીઝ આપવાનો દાવો કરાયો હતો. આ લાલચમાં આવીને પરેશભાઈએ પોતાના મોબાઈલમાં તમામ પરમિશન આપીને તે એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી લીધી હતી અને આ એપ્લિકેશન શરૂઆતમાં ૨થી ૩ દિવસ વ્યવસ્થિત ચાલી હતી. આ એપ્લિકેશન સસરા પરેશભાઈએ તેમના જમાઈ ધુરમિલભાઈ ભાવેશભાઈ પટેલને પણ ફ્રીમાં મૂવી જોવા માટે આ એપ અંગે વાત કરી હતી અને ૮ મે ૨૦૨૬ના રોજ બ્લુટુથ મારફતે આ એપ્લિકેશન જમાઈના મોબાઈલમાં ઈન્સ્ટોલ કરાવી હતી. એપ ઈન્સ્ટોલ થતાં જ બીજા દિવસે એટલે કે ૯ મે ૨૦૨૬ના રોજ જમાઈ ધુરમીલભાઈનો ફોન હેક થઈ ગયો હતો અને તેમના બેંક ખાતામાંથી રૂ.૭૦,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયા હતા.

**એસઓજીએ કફ સીરપની ૫૯૨ બોટલ રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે લીધો**

## કોડેઇન યુક્ત કફ સીરપની બોટલના જથ્થા સાથે 2 શખ્સ ઝબ્બે

ભાવનગર : નારી ચોકડી કોમલ હોટલ પાછળ, રોયલ ઓટો ગેરેઝમાંથી કોડેઈન યુકત કફ સીરપની ૫૯૨ બોટલ રૂ.૧ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સને એસઓજીએ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત સરકાર દ્વારા નશા મુક્ત ગુજરાત અભિયાન સમગ્ર ગુજરાતમાં ચાલુ કરવામાં આવેલ જે અંતર્ગત ભાવનગર જીલ્લામાં નાર્કોટિક્સ ડ્રગ્સની બદીને નેસ્તનાબુદ કરવા માટે એસઓજી પોલીસને યોગ્ય સુચના આપવામાં આવી હતી. જે અનુસંધાને એસઓજીની અલગ-અલગ ટીમો બનાવી વિસ્તારમાં રેકી કરવામાં આવી હતી. જે આધારે એસઓજી સ્ટાફના પો.કોન્સ અલ્ફાઝભાઈ વોરાએ વરતેજ પોલીસ મથકના નારી ચોકડી કોમલ હોટલ પાછળ, રોયલ ઓટો ગેરેઝ પાસે રેકી કરી ટીમ સાથે દરોડો પાડી અફઝલ રજાકભાઈ ખોરજીયા (રહે.આશાપુરાના ડેલામાં, મોમીનવાડ, બાર્ટન લાઈબ્રેરી, ભાવનગર), મહંમદફારૂક રફીકભાઈ મોમીન (રહે. મોમીનવાડ, બાર્ટન લાઈબ્રેરી, ભાવનગર) ના કબ્જામાંથી કોડેઈન ફોસ્ફેટનુ ઘટક તત્વ ધરાવતી કફ શીરપની બિન અધિકૃત બોટલ ૫૯૨ રૂા.૧,૦૧,૬૮૦ની મળી આવતા એસઓજીએ અફઝલ અને મહંમદફારૂકને ઝડપી લઈ પૂછપરછ કરતા અમદાવાદ ખાતે રહેતો નાસિર પાસેથી મંગાવી વેચાણ કરવા માટે લાવ્યો હોવાની કબુલાત કરતા એસઓજીએ ત્રણ શખ્સ વિરૃધ્ધ એન.ડી.પી.એસ. એકટની વિવિધ કલમ મુજબ વરતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદનો નાસિર નામનો શખ્સ કોડેઈન યુકત કફ સીરપની બોટલો અફઝલ અને મહંમદફારૂકને આપતો હતો અને બન્ને ઈસમો ગેરેજમાં બોટલો રાખી વેપલો કરતા હતા.

**મજૂરને અડફેટે લીધો**

## આમળા ગામની સીમમાં પવનચક્કીની સાઈટ પર અકસ્માતમાં શ્રમિકનું મોત

ભાવનગર : તળાજા તાલુકાના આમળા ગામની સીમમાં આવેલી પવનચક્કીની સાઈડમાં કોન્ક્રિટ મિક્સ કરવાના મશીને શ્રમિકને અડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં શ્રમિકનું મોત નિપજ્યું છે. બનાવ અંગે દાઠા પોલીસે ગુનો નોંધ્યો છે. તળાજા તાલુકાના આમળા ગામે ચાલી રહેલા કે.પી.એનર્જીમાં કન્સ્ટ્રક્શનનું કામ કરી રહેલી રાજ તિલક કંપનીમાં સિવિલ કોરન્ટ્રેક્ટના સુપરવાઈઝર હંસરાજભાઈ ઉર્ફે હિતેશભાઈ નરસિંગભાઈ જાદવે દાઠા પોલીસ મથકમાં જીજે-૦૧-જેટી-૨૦૭૪ નંબરના કોન્ક્રિટ મિક્સ કરવાના ટીએમ મશીનના ચાલક શિવનાથ તુલસી ઠાકુર સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં આમળા ગામે કે.પી.એનર્જી કંપનીની પવનચક્કીની સાઈટમાં પવનચક્કીના ફાઉન્ડેશનનું કામ ચાલી રહ્યું હતું. જ્યાં મજૂરો મોડી રાતે કામ કરી રહ્યાં હતા અને આજે વહેલી સવારના સમયે ફાઉન્ડેશનમાં કોન્ક્રિટ ખાલી કરવા ઉક્ત મશીનના ચાલકે મશીન રિવર્સમાં લેતા કંપનીના મજુર મનોજ નેપાલ મરાણ્ડીને અડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી હતી.

**મુશ્કેલી દુર કરવા માંગ**

## આધારકાર્ડનાં મુખ્ય સેન્ટર હેડ પોસ્ટ ઓફિસમાં સર્વર ઠપ્પ થતા મુશ્કેલી

ભાવનગર - આધારકાર્ડમાં જરૃરી સુધારા વધારા કરવા ચોક્કસ સેન્ટરો ફાળવાયા છે. પરંતુ ક્યાંક પોતાના મનના નિયમો લગાડી અરજદારોને પરેશાન કરતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. જ્યારે આજે હેડ પોસ્ટ ઓફીસમાં સર્વર જ ઠપ્પ થતા કામગીરી અટકી પડી હતી. ભાવનગર શહેરમાં ચાલતા આધારકાર્ડના સેનટ્રમાં મુખ્ય ગણાતા હાઈકોર્ટ રોડ મેન પોસ્ટ ઓફિસમાં આજે સવારથી કોમ્પ્યુટર બંધ થવાની અને સર્વરના ચાલતું હોવાની સતત ફરિયાદ ઉઠી હતી. જ્યારે ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત એસ.ટી. બસ સ્ટેશન પાસેના સેન્ટરમાં પણ અરજદારને ખોટી રીતે હેરાનગતિ કરાતા હોવાની ફરિયાદ ઉઠી છે. દીકરા દીકરીના કાર્ડમાં સુધારો કરવા તેના વાલીનું આધારકાર્ડ માંગે ઈ બરાબર પણ જન્મતારીખનાં દાખલામાં સ્પેલિંગ બરોબર હોઈ તો પણ ગુજરાતીમાં અમને નથી દેખાતું એમ કહી અરજદારને હેરાન કરવાનું અને માતા પિતા બન્નેને બોલવા અને બપોર બાદ ૩.૩૦ કોઈ નવા ટોકન નહીં આપવાની ઘરની ધોરાજી ત્યાં બેસેલ કલર્ક દ્વારા ચલાવાતી હોવાની રાવ ઉઠી છે.

**'સ્વસ્થ કિશોર, સ્વસ્થ ભારત' ના ધ્યેયને સાર્થક કરવા આ પહેલ મહત્વપૂર્ણ**

## "એડોલેસન્ટ હેલ્થ ક્લબ" અંતર્ગત પીઅર એજ્યુકેટર મિટિંગનું આયોજન

| મહેશ એલ.સોની | નખત્રાણા

ઘડુલી ખાતે ૨૭/૫/૨૦૨૬ના રોજ "એડોલેસન્ટ હેલ્થ ક્લબ" અંતર્ગત પીઅર એજ્યુકેટર મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ મિટિંગમાં ગામના શાળાએ જતા કિશોર-કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆતમાં CHO દ્વારા પીઅર એજ્યુકેટરની ભૂમિકા અને જવાબદારી સમજાવવામાં આવી. ત્યારબાદ MPHW અને ASHA બહેનો દ્વારા કિશોરાવસ્થામાં થતા શારીરિક-માનસિક બદલાવો, સંતુલિત આહાર, એનિમિયા નિવારણ, માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન, વ્યસનથી દૂર રહેવા અને વ્યક્તિગત સ્વચ્છતા જેવા મુદ્દાઓ પર સરળ ભાષામાં સમજણ આપવામાં આવી. કિશોર-કિશોરીઓના પ્રશ્નોનું પણ સમાધાન કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે તમામ પીઅર એજ્યુકેટર્સને તેમની



સક્રિય ભાગીદારી બદલ અભિનંદન પાઠવી પ્રોત્સાહક ગિફ્ટ કીટ અર્પણ કરવામાં આવી. CHOએ જણાવ્યું કે, "પીઅર એજ્યુકેટર હવે શાળા અને ગામમાં પોતાના મિત્રો વચ્ચે આરોગ્યદૂત બનીને જાગૃતિ ફેલાવશે. 'સ્વસ્થ કિશોર, સ્વસ્થ ભારત' ના ધ્યેયને સાર્થક કરવા આ પહેલ મહત્વપૂર્ણ છે."કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય સ્ટાફ અને શાળાના શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.



## જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રી પ્રભવ જોશીએ વસ્તી ગણતરી - ૨૦૨૭ અંતર્ગત ડિજિટલી સ્વ- ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭ મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશનરશ્રી પ્રભવ જોશીએ આજે વસ્તી ગણતરી -૨૦૨૭ અંતર્ગત ડિજિટલી સ્વ- ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરી હતી. તેમણે વસ્તી ગણતરીને દેશ માટે ખૂબ અગત્યની પ્રક્રિયા ગણાવતા કહ્યું હતું કે, દેશના ભવિષ્યના આયોજન માટે વસ્તી ગણતરીનો ડેટા આધારરૂપ છે. આ જનગણનાની માહિતીના આધારે લોકોને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે નીતિ ઘડતર પણ થતું હોય છે. તેમણે ખાસ જૂનાગઢવાસીઓને દેશ પ્રત્યેનું એક કર્તવ્ય માનીને se.census.gov.in પોર્ટલ પર સેલ્ફ એન્યુમરેશન એટલે કે સ્વ-ગણતરી કરવા માટે અનુરોધ કર્યો હતો. શ્રી પ્રભવ જોષીએ જણાવ્યું કે, ડિજિટલી વસ્તી ગણતરી મિનિટોમાં પૂર્ણ થઈ જાય છે, ઉપરાંત વસ્તી ગણતરી સંબંધિત કોઈ મુશ્કેલી માટે ટોલ ફ્રી નંબર ૧૮૫૫ પર પણ નાગરિકો સંપર્ક કરી શકે છે. વસ્તી ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરવાથી દેશના ભવિષ્યના નિર્ધારણમાં લોકોનો ખૂબ મોટો ફાળો રહેશે.

## પરવાળા નજીક સર્જાયેલા અકસ્માતમાં આધેડનું મોત

ભાવનગર : ઉમરાળા તાલુકાના પરવાળા ગામની સીમમાં કારે અડફેટે લેતા બાઈક ચાલક આધેડનું કરૃણ મોત નિપજ્યું છે. બનાવ અંગે ઉમરાળા પોલીસ મથકમાં કાર ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ઉમરાળા તાલુકાના પરવાળા ગામે રહેતા હિંમતભાઈ તળશીભાઈ વનાળીયાએ ઉમરાળા પોલીસ મથકમાં જીજે-૧૪-બીએ-૪૨૫૬ નંબરની કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના ભાઈ ગોરધનભાઈ (ઉ.વ.૫૫) પોતાનું મોટર સાયકલ લઈને ગત રોજ પરવાળાથી મેલડી માતાના મંદિરે જતાં હોય ત્યારે પરવાળા ગામની સીમમાં ખારાવાળા મેલડી માતાજીના મંદિર સામે ઉક્ત કારે તેમની મોટર સાયકલ સાથે અકસ્માત સર્જી ગંભીર ઈજા પહોંચાડતા તેમને સારવાર માટે ઉમરાળા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

## વન વિભાગની અનોખી પહેલ : જંગલમાં બનાવાઈ પાણીની કુંડી, પશુ-પક્ષીઓને મળી જીવદાયી રાહત

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ઉનાળાની કાળઝાળ ગરમીમાં માણસોની સાથે પશુ-પક્ષીઓ અને વન્યજીવો માટે પણ પાણીની તીવ્ર અછત સર્જાતી હોય છે. આવી સ્થિતિમાં નખત્રાણા પશ્ચિમ રેન્જના વન વિભાગના કર્મચારીઓએ માનવતાભર્યું કાર્ય કરી જંગલ વિસ્તારમાં પાણીની કુંડી બનાવી અબોલ જીવજંતુઓ માટે જીવદાયી સુવિધા ઉભી કરી છે.રાજડા જંગલ વિસ્તારમાં આવેલ એક જૂના કૂવામાં નાની મોટર બેસાડી સોલાર સિસ્ટમના ઉપયોગથી પાણીની લાઈન નાખી નાની કુંડી તૈયાર કરવામાં આવી છે. આ કુંડીમાં સતત પાણી ઉપલબ્ધ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવતા પક્ષીઓ, વન્યપ્રાણીઓ, સરીસૃપો અને અન્ય અબોલ જીવોને ગરમીમાં મોટી રાહત મળી રહી છે. વન રક્ષક જે. એમ. સોલંકી તથા વનપાલ જી. એલ. સોલંકીએ પરિક્ષેત્ર વન અધિકારી શ્રી વી. સી. મોદી ના માર્ગદર્શન હેઠળ આ કામગીરી



હાથ ધરી હતી. વનમાં વસવાટ કરતા જીવોને ઉનાળામાં પાણી મળી રહે તેવા હેતુથી જરૂરી સામગ્રી ખરીદી સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.આ કામગીરીમાં ચંદુભાઈ મેરીયા તેમજ કાયમી રોજમદાર દેવાજી ઉમરાજી રાઠોડે પણ સહભાગી બની સેવાકીય ભાવનાથી યોગદાન આપ્યું હતું. વન વિભાગની આ અનોખી પહેલને સ્થાનિક લોકો દ્વારા પ્રશંસા મળી રહી છે.

**ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કચ્છ કોર્ટમાં જુબાની**

# રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવ દ્વારા સમય અને ઇંધણ બચતનું અનોખું ઉદાહરણ

(એજન્સી) ગાંધીનગર | તા.27

ન્યાયિક પ્રક્રિયામાં આધુનિક ટેકનોલોજીના વધતા ઉપયોગ વચ્ચે ગુજરાત રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવ દ્વારા ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સિંગ મારફતે કચ્છ કોર્ટમાં જુબાની આપી સમય અને ઇંધણની બચતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.રાજ્યમાં ન્યાય તંત્ર અને પોલીસ વિભાગના સંયુક્ત પ્રયાસોથી કાર્યરત "ફોર્મલ વિટનેસ ડિપોઝીશન સેન્ટર"ની સુવિધાનો ઉપયોગ કરીને ગાંધીનગરથી જ કચ્છ કોર્ટમાં મહત્વપૂર્ણ કેસમાં જુબાની આપવામાં આવી હતી. અગાઉ આવી કાર્યવાહી માટે અધિકારીઓને લાંબી મુસાફરી કરીને કોર્ટમાં હાજર થવું પડતું હતું, પરંતુ હવે વીડિયો કોન્ફરન્સિંગથી ગણતરીના સમયમાં જ પ્રક્રિયા પૂર્ણ થઈ રહી છે.મળતી માહિતી મુજબ વર્ષ 2021ના એક એન્ટી કરપ્શન બ્યુરો (ACB) સંબંધિત કેસમાં



સાક્ષી તરીકે ડૉ. કે. એલ. એન. રાવની જુબાની જરૂરી હતી. ગાંધીનગરથી કચ્છ સુધીની લાંબી મુસાફરી ટાળીને ડિજિટલ માધ્યમથી જુબાની આપતા સરકારનો સમય, ઇંધણ અને નાણાંની મોટી બચત થઈ હોવાનું જણાવાયું છે.રાજ્યના પોલીસ વડાશ્રીએ તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને વીડિયો કોન્ફરન્સિંગ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ન્યાયિક પ્રક્રિયાને વધુ ઝડપી, પારદર્શક અને અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે.

વિડિયો કોન્ફરન્સિંગ આધારિત "Formal Witness Deposition Centre" પોલીસ વિભાગ ઉપરાંત જેલ તંત્ર માટે પણ આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. આ સુવિધાથી કેદીઓને કોર્ટમાં લઈ જવા માટે થતો જાપ્તો, ખર્ચ અને સમય બચી રહ્યો છે તેમજ સુરક્ષાના જોખમોમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં ડિજિટલ ગવર્નન્સને પ્રોત્સાહન આપતા આ પ્રકારના પ્રયાસો ભવિષ્યમાં ન્યાયિક વ્યવસ્થાને વધુ સુલભ અને ઝડપી બનાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## નખત્રાણા વિસ્તારમાં ગૌ રક્ષક દળ દ્વારા બિનવારસી ગાયમાતા અને નંદી મહારાજની સેવા

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા વિસ્તારમાં અબોલ પશુઓની સેવા માટે કાર્યરત હિન્દુ યુવા સંગઠન ગૌ રક્ષક દળની ટીમ દ્વારા ફરી એકવાર ગૌસેવાનો ઉત્તમ દાખલો પૂરું પાડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ નખત્રાણા સુપર માર્કેટ વિરાણી-લખપત હાઈવેના ઉગેડી વિસ્તાર પાસે છેલ્લા બે થી ત્રણ દિવસથી બિનવારસી હાલતમાં ગાયમાતા અને નંદી મહારાજ મળી આવતા ગૌ રક્ષક દળની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ટીમ દ્વારા અબોલ પશુઓને સુરક્ષિત સ્થળે ખસેડી જરૂરી સારવાર અને સંભાળની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં સ્થાનિક ગૌપ્રેમી ભાઈઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. રોજના એકથી બે કેસ મળતા હોવા છતાં ટીમ સતત નિષ્ઠાપૂર્વક સેવા આપી રહી છે. ગૌસેવામાં સહયોગ આપનાર તમામ ગૌપ્રેમી ભાઈઓનો સંગઠન દ્વારા દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. માહિતી આપતા મમુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગૌમાતાની સેવા એ માનવસેવા સમાન છે અને હિન્દુ યુવા સંગઠન ગૌ રક્ષક દળ દ્વારા ભવિષ્યમાં પણ આવી સેવાકીય કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે.

## અશુદ્ધ ચાંદીનો બજારમાં મોટો કારોબાર | હોલમાર્કિંગ વગરની ચાંદીની ખરીદી ટાળવી

# બજારમાં અશુદ્ધ ચાંદીનો રાફડો ફાટતા ગ્રાહકો સાવધાન રહેજો

(એજન્સી) મુંબઈ | તા.27

ચાંદીના ભાવ હાલમાં આસમાને પહોંચ્યા છે, જેનો ગેરફાયદો ઉઠાવીને અસામાજિક તત્વો દ્વારા બજારમાં મોટાપાયે અશુદ્ધ ચાંદીની ચીજવસ્તુઓ, સિક્કા અને લગડીઓ ઠાલવવામાં આવી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બજારના નિષ્ણાતોએ ગ્રાહકોને ખાસ સાવધ રહેવા અને ખરીદી કરતી વખતે પૂરતી તકેદારી રાખવા ચેતવણી આપી છે.

ચાંદીના વેપારમાં ગુણવત્તાના ધોરણોનો અભાવ ગ્રાહકો માટે ચિંતાનો વિષય બન્યો છે. બજારના સુત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે ચાંદીની વિવિધ ચીજવસ્તુઓની ચકાસણી કરવામાં આવી ત્યારે તેમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. ઘણી બધી વસ્તુઓમાં સીસું (લીડ) અને નિકલ જેવી પ્રતિબંધિત ધાતુઓનું મિશ્રણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રકારની અશુદ્ધ ધાતુઓ માનવ સ્વાસ્થ્ય માટે



હાનિકારક સાબિત થઈ શકે છે. રિફાઈનરી ફોરમના મતે, બજારમાં મળતી મોટાભાગની નવી જ્વેલરીમાં સ્ક્રેપ ચાંદીનો ઉપયોગ થાય છે અને તેનું યોગ્ય રીતે રિફાઈનિંગ પણ કરવામાં આવતું નથી.

ગયા વર્ષે સપ્ટેમ્બરથી સરકારે ચાંદી માટે હોલમાર્કિંગ ફરજિયાત બનાવ્યું હોવા છતાં, મોટી સંખ્યામાં ઝવેરીઓ આ નિયમનું પાલન કરતા નથી. રિફાઈનરોએ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ) ને અપીલ કરી છે કે સિલ્વર પ્રોડક્ટ્સ માટે હોલમાર્કિંગનું કડક પાલન કરાવવામાં આવે. ગ્રાહકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે રિફાઈનરો માટે પણ ફરજિયાત લાયસન્સની માંગણી કરવામાં આવી છે.

વર્તમાન આંકડાઓ પર નજર કરીએ તો, ભારતમાં વાર્ષિક ૭૦૦૦ ટન જેટલી ચાંદીનો વપરાશ થાય છે, પરંતુ તેની સામે હોલમાર્કિંગ માટે માત્ર ૨૮૯ કેન્દ્રો જ કાર્યરત છે. તેની સરખામણીએ સોના માટે ૧૯૦૦ જેટલા કેન્દ્રો ઉપલબ્ધ છે, જે ચાંદીના ક્ષેત્રમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અછત દર્શાવે છે. રિટેલ બજારમાં મળતા અનેક સિક્કા અને લગડીઓ એવા પ્રકારના છે જે બીઆઈએસ પ્રમાણપત્ર અને ૯૯૯ શુદ્ધતાના ધોરણોનું પાલન કરતા નથી.

વૈશ્વિક અનિશ્ચિતતા અને ઔદ્યોગિક માગને કારણે ચાંદીના ભાવ સતત વધી રહ્યા છે, ૨૦૨૬ના પ્રારંભમાં તો તે પ્રતિ કિલો રૂપિયા ચાર લાખ સુધી પહોંચ્યા હતા. રોકાણની દ્રષ્ટિએ સોના અને ચાંદીની માગ હંમેશા ઊંચી રહેતી હોવાથી, બનાવટ કરનારાઓ ગ્રાહકોની ભોળપણનો લાભ લઈ રહ્યા છે.

ગ્રાહકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ કોઈપણ ચાંદીની ખરીદી કરતી વખતે હોલમાર્કિંગનું ચિહ્ન ખાસ તપાસે. બજારમાં સસ્તાના મોહમાં આવીને શુદ્ધતા સાથે બાંધછોડ ન કરવી જોઈએ. વેપારીઓ પાસે બીઆઈએસ પ્રમાણપત્ર માંગવાનો ગ્રાહક તરીકે તમારો અધિકાર છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો ગ્રાહકો જાગૃત બનશે અને હોલમાર્કિંગ વગરની વસ્તુઓનો બહિષ્કાર કરશે, તો જ આ અશુદ્ધ ચાંદીના વેપાર પર લગામ લગાવી શકાશે. આગામી સમયમાં વહીવટી તંત્ર દ્વારા પણ વધુ કડક તપાસ અભિયાન હાથ ધરવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

## શેડો AI હેકર્સ કરતા પણ વધુ ખતરનાક સાબિત થઈ રહ્યું છે

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ઝડપી યુગમાં સાયબર સુરક્ષાના નવા પડકારો ઊભા થયા છે. ગૂગલ ડીપમાઈન્ડના સિનિયર ડાયરેક્ટર મનીષ ગુપ્તાએ ચેતવણી આપી છે કે હવે માત્ર હેકર્સ જ નહીં, પરંતુ સંસ્થાઓની અંદર કાર્યરત અનધિકૃત 'શેડો AI' અને અનધિકૃત બોટ્સ સુરક્ષા માટે હેકર્સ કરતા પણ મોટો ખતરો બની ગયા છે. ગૂગલ લીડર્સ કનેક્ટ કાર્યક્રમમાં બોલતા મનીષ ગુપ્તાએ જણાવ્યું હતું કે, AI ના આગમન સાથે સાયબર હુમલાઓની ગતિ અને તીવ્રતા અનેકગણી વધી ગઈ છે. તેમણે ચોંકાવનારી વિગતો આપતા કહ્યું કે, સોફ્ટવેરમાં રહેલી ખામીઓનું શોષણ થવાનો સરેરાશ સમય હવે 'માઈનસ સાત દિવસ' થઈ ગયો છે. એટલે કે, કંપની કોઈ સુરક્ષા પેચ બહાર પાડે તે પહેલાં જ હુમલાખોરો તેનો લાભ ઉઠાવી લે છે. એટલું જ નહીં, સિસ્ટમમાં પ્રથમ પ્રવેશથી લઈને બીજા હુમલા સુધીનો સમય હવે આઠ કલાકથી ઘટીને માત્ર ૨૨ સેકન્ડ થઈ ગયો છે. આ પ્રકારના આધુનિક હુમલાઓને પહોંચી વળવા માટે પરંપરાગત સુરક્ષા પદ્ધતિઓ અપૂરતી છે. ગુપ્તાના મતે, સાયબર સુરક્ષા સિસ્ટમ્સે હવે 'મશીન સ્પીડ' પર કામ કરવાની જરૂર છે. ગૂગલના AI-આધારિત સુરક્ષા એજન્ટો આ દિશામાં કામ કરી રહ્યા છે, જે ૩૦ મિનિટમાં થતી તપાસને માત્ર ૬૦ સેકન્ડમાં ઉકેલી નાખે છે. આ પ્રકારની AI સિસ્ટમ હજારો હજારો જોખમોને એવી રીતે ઓળખી શકે છે જે કોઈ પણ માનવ ટીમ માટે શક્ય નથી. ગૂગલે તેની સુરક્ષા ઈન્ટેલિજન્સ અને ડાર્ક વેબની માહિતીને તેના AI ઈકોસિસ્ટમ સાથે જોડી દીધી છે જેથી સંસ્થાઓને વધુ સુરક્ષિત બનાવી શકાય.

સાયબર સુરક્ષાની સાથે સાથે, ગૂગલ હવે 'એજન્ટિક એન્ટરપ્રાઈઝ' તરફ આગળ વધી રહ્યું છે. આ એવી વ્યવસ્થા છે જેમાં સ્વાયત્ત AI એજન્ટો વ્યવસાયિક કામગીરી અને ગ્રાહક સેવાઓમાં મદદ કરશે. આ માટે ગૂગલે 'નોલેજ કેટલોગ' રજૂ કર્યો છે, જે ડેટાને આપમેળે ટેગ કરીને એજન્ટ-રેડી બનાવશે. આ ઉપરાંત, ડેવલપર્સ માટે 'ડેટા એજન્ટ કિટ' પણ લોન્ચ કરવામાં આવી છે, જે AI કૌશલ્યોને સીધા કોડિંગ વાતાવરણમાં ઉમેરી શકશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે 'લાઈટનિંગ એન્જિન' અને 'ક્રોસ-ક્લાઉડ લેકહાઉસ' જેવી આધુનિક ટેકનોલોજી પણ રજૂ કરવામાં આવી છે, જે ડેટાના વ્યવસ્થાપનને વધુ સરળ અને સસ્તું બનાવશે.

## News Brief

### ભારતીય બિસ્કિટની વૈશ્વિક બજારમાં ધૂમ: આફ્રિકા બન્યું મોટું ખરીદદાર

નવી દિલ્હી: ભારતીય ખાદ્ય પદાર્થોની લોકપ્રિયતા હવે માત્ર એશિયા પૂરતી સીમિત નથી રહી, પરંતુ વૈશ્વિક સ્તરે તેનો વ્યાપ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના વાણિજ્ય વિભાગ (Department of Commerce) દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરવામાં આવેલી માહિતી અનુસાર, ભારતની 'સ્વીટ બિસ્કિટ' (મીઠા બિસ્કિટ) ની નિકાસ માટે આફ્રિકા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઝડપથી વિકસતા બજાર તરીકે ઉભરી આવ્યું છે. આ નવીનતમ વલણ દર્શાવે છે કે આફ્રિકન દેશો સાથે ભારતની વ્યાપારિક ભાગીદારી વધુ મજબૂત બની રહી છે.વાણિજ્ય મંત્રાલયના સત્તાવાર આંકડા દર્શાવે છે કે ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વૈશ્વિક સ્તરે ૩૪૪.૨ હજાર ટન (આશરે ૩.૪૪ લાખ ટન) સ્વીટ બિસ્કિટની નિકાસ કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર, નિકાસમાં થયેલો આ નોંધપાત્ર વધારો આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતના પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સની ગુણવત્તા અને તેની સતત વધી રહેલી માંગને સાબિત કરે છે. ભારતીય બિસ્કિટ હવે વિશ્વના સ્થાપિત અને ઉભરતા બંને પ્રકારના ગ્રાહક બજારોમાં પોતાની મજબૂત પકડ બનાવી રહ્યા છે. ભારતના નિકાસ નકશામાં આફ્રિકા ખંડના દેશો ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આફ્રિકાની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓ અને ત્યાંના ગ્રાહકોની બદલાતી પસંદગીઓને કારણે ભારતીય ઉત્પાદકો માટે નવી તકો ઊભી થઈ છે. આફ્રિકન બજારોમાં ભારતીય સ્વીટ બિસ્કિટની વધતી હાજરી બંને પ્રદેશો વચ્ચે ઊંડા થતા વ્યાપારી સંબંધો અને વેલ્યુ-એડેડ ફૂડ એક્સપોર્ટમાં ભારતની મજબૂતી દર્શાવે છે.

## સહયોગ આપવાની સાથે એક વિશ્વાસપાત્ર બેબીકેરનું સંયોજન

# હિમાલયા બેબીકેર ગોલ્ડન બેબી ગિફ્ટ પેકની રજૂઆત અને સોનું જીતવાના મોકા સાથે નવી શરૂઆતની ઉજવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.27

હિમાલયા બેબીકેર, ભારતની સૌથી વિશ્વાસનીય બેબીકેર બ્રાન્ડ, જેને બાળકો ખૂબ જ પ્રેમ કરે છે, તે લઈને આવ્યું છે, હિમાલયા બેબી ગોલ્ડન બેબી ગિફ્ટ પેક, એક વિચારીને ડિઝાઈન કરવામાં આવેલું જરૂરી પેક છે, જે નવી શુભ શરૂઆતની ઉજવણીની સાથોસાથ બેબી ગિફ્ટીંગને વધુ અર્થપૂર્ણ, સરળ અને સાંકળતું બનાવે છે. ભારતમાં, નવજાતને ભેટ આપવું એ લાગણી અને પરંપરાની સાથે જોડાયેલું છે, તેમાં પણ સોનું એ શુદ્ધતા, આશીર્વાદ અને સમૃદ્ધિનું પ્રતિક છે. આ જ સાંસ્કૃતિક બાબતને ધ્યાનમાં લઈને હિમાલયા બેબીકેર આ જ પરંપરાને આધુનિક વિચારસરણી સાથે રજૂ કરે છે, ગોલ્ડન બેબી ગિફ્ટ પેક, જેમાં બાળકની કાળજી અને સમૃદ્ધિને પ્રતિબિંબિત કરતી આકર્ષક સોનાની થીમ વાળા પેકની સાથે વિશ્વાસપાત્ર બેબીકેરની જરૂરિયાતને લાવે છે.

રૂ.501ની કિંમતનું આ ગોલ્ડન બેબી ગિફ્ટ પેક એ એટલું વિચારીને તૈયાર કરવામાં આવ્યું છે કે, મિત્રો અને પરિવારમાં નવજાતના




આગમનની ઉજવણી માટે એક પ્રીમિયમ ગિફ્ટનું વિકલ્પ બની રહેશે. જેન્ટલ બેબી કેરની જરૂરિયાતની સાથે સુંદર રીતે આ પેકને રજૂ કરવામાં આવ્યું છે, જે આધુનિક માતા-પિતા માટે એક ખાસ ગિફ્ટનો અનુભવ બની રહેશે અને બાળકની સંભાળની જરૂરિયાત પૂરી કરવામાં તેમને સહયોગ પણ આપશે.

લોન્ચમાં એક ઈન્ટરેક્ટિવ અને આકર્ષક સ્તર ઉમેરીને, બ્રાન્ડે હિમાલયા ગોલ્ડન મોમેન્ટ્સ પ્રોગ્રામ રજૂ કર્યો છે, આ એક એવી પહેલ છે, જે માતાપિતાને તેમના બાળકના ખાસ સિમાચિન્હોની ઉજવણી કરવા અને તેને અન્ય સાથે શેર કરવા માટે પ્રોત્સાહિત કરે છે. માતા-પિતા તેમના બાળકની યાદગાર યાદોં અને ટૂંકી વાર્તા અપલોડ કરીને ભાગ લઈ શકે છે અને રૂ. 1,00,000ની કિંમતનું ગોલ્ડ વાઉચર અથવા રૂ. 10,000ની કિંમતનું સિલ્વર વાઉચર જીતવાની તક મેળવી શકે છે. દરેક માન્ય સહભાગીને રૂ.500ની કિંમતનું ખાતરીપૂર્વકનું હિમાલયા બેબીકેર "માય બેબી એન્ડ મી" ઈ-બુક પણ પ્રાપ્ત થશે.

## સેમસંગમાં કર્મચારી યુનિયને વેતન કરારને મંજૂરી આપી દીધી

સિઓલ : વૈશ્વિક ટેકનોલોજી જાયન્ટ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સે તેના કર્મચારીઓ સાથે ચાલી રહેલા વિવાદનો સુખદ અંત આણ્યો છે. કંપનીના યુનિયન સભ્યોએ બુધવારે યોજાયેલા મતદાનમાં વર્ષ ૨૦૨૬ ના કામચલાઉ વેતન અને બોનસ કરારને મંજૂરી આપી દીધી છે. આ નવા કરાર અંતર્ગત કંપનીના સેમિકન્ડક્ટર વ્યવસાયના ઓપરેટિંગ નફામાંથી ૧૦.૫ ટકા જેટલો હિસ્સો ખાસ મેનેજમેન્ટ બોનસ પૂલ તરીકે આપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી કંપની પર તોળાઈ રહેલું હડતાળનું સંકટ સંપૂર્ણપણે ટળી ગયું છે.મીડિયા અહેવાલ મુજબ, આ વેતન પેકેજને મતદાન કરનારા ૬૨,૬૧૬ યુનિયન સભ્યોમાંથી ૭૩.૭ ટકા સભ્યોએ પોતાની મંજૂરી આપી દીધી છે. આ મતદાન પ્રક્રિયામાં કુલ લાયક ૬૫,૫૯૩ મતદારોમાંથી ૯૫.૫ ટકા જેટલું ભારે મતદાન નોંધાયું હતું, જે કર્મચારીઓમાં આ કરાર પ્રત્યેની ગંભીરતા દર્શાવે છે. અગાઉ નેશનલ લેબર રિલેશન્સ કમિશને પણ બંને પક્ષો વચ્ચે મધ્યસ્થતા કરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બોનસ ચૂકવણી અંગેની એક માંગ પર સહમતી ન સધાતા વાટાઘાટો અટકી પડી હતી.કંપનીમાં આયોજિત વૉકઆઉટ એટલે કે હડતાળ શરૂ થવાના થોડા કલાકો પહેલા જ ૨૦ મે ના રોજ મેનેજમેન્ટ અને લેબર યુનિયન વચ્ચે આખરે સંમતિ સધાઈ હતી. જો આ હડતાળ થઈ હોત તો કંપનીના વૈશ્વિક ઉત્પાદનને મોટો ફટકો પડવાની આશંકા હતી. આ નવો બોનસ કરાર ખાસ કરીને 'ડિવાઈસ સોલ્યુશન્સ' વિભાગના કર્મચારીઓ માટે તૈયાર કરવામાં આવ્યો છે, જે સેમસંગના વૈશ્વિક સેમિકન્ડક્ટર અને ચિપ ઉત્પાદનની કામગીરી સંભાળે છે.નવા કરારની શરતો મુજબ, કર્મચારીઓનું વળતર સીધું જ ચિપ સેક્ટરના આર્થિક રિકવરી અને નફા સાથે જોડી દેવામાં આવ્યું છે. કરાર અનુસાર, જો સેમસંગ ઈલેક્ટ્રોનિક્સ આ વર્ષે ૩૦૦ ટ્રિલિયન વૉન (અંદાજે ૨૦૦ અબજ ડોલર) નો ઓપરેટિંગ નફો કરે છે, તો મેમરી બિઝનેસના જે કર્મચારીઓનો વાર્ષિક પગાર ૧૦૦ મિલિયન વૉન છે, તેમને ટેક્સ પહેલા આશરે ૫૫૦ મિલિયન વૉનનું વિશેષ મેનેજમેન્ટ બોનસ મળી શકે છે.

## તનૈરાએ 'ઈનાયા' મોર્ડન સાડી કલેક્શન રજૂ કર્યું

નવી દિલ્હી: જેમ જેમ ઉજવણીઓની શૈલી વધુ આત્મીય, અભિવ્યક્ત અને ફેશન પ્રત્યે સભાન પળોમાં બદલાઈ રહી છે ત્યારે ટાટાની પ્રોડક્ટ 'તનૈરા' એ 'ઈનાયા' નામનું એક મોર્ડન સાડી કલેક્શન રજૂ કર્યું છે. આ કલેક્શન એવી આધુનિક ભારતીય મહિલાઓ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે જેઓ સહજ, વૈવિધ્યસભર અને ઉત્સવના વાતાવરણને અનુરૂપ ભવ્યતા ઈચ્છે છે. રૂ. 3,499ની પ્રારંભિક કિંમત સાથે, આ કલેક્શન ખાસ પ્રસંગોની ફેશનમાં પ્રવેશવા માટે એક આકર્ષક તક પૂરી પાડે છે, જેમાં ઉચ્ચ કક્ષાની ડિઝાઈન, સમકાલીન આકર્ષણ અને વ્યક્તિગત આત્મવિશ્વાસનું સુંદર મિશ્રણ છે. મુખ્યત્વે નવા યુગના હળવા અને મુલાયમ કાપડમાંથી તૈયાર કરાયેલું 'ઈનાયા' કલેક્શન, આરામ અને ભવ્ય દેખાવ વચ્ચે




અદભુત સંતુલન જાળવી રાખે છે. આ સાડીઓ આત્મીય મેળાવડા અને જીવનની મહત્વપૂર્ણ પળોથી લઈને લગ્ન પહેલાના ઉત્સવો અને ઝાકઝમાળવાળા સામાજિક પ્રસંગો સુધીની તમામ પ્રકારની ઉજવણીઓ માટે ડિઝાઈન કરવામાં આવી છે.કુદરતની લય અને બ્રહ્માંડની અવિરત ગતિ (જ્યાં બધું સતત અને સહજ પરિવર્તનમાં અસ્તિત્વ ધરાવે છે)થી પ્રેરિત થઈને આ કલેક્શનમાં અમૂર્ત ફૂલોની છાપ, બદલાતા આકારો અને અવકાશી ભૌમિતિક અસરોને જીવંત કરવામાં આવી છે. પરોઢની નરમાશથી લઈને સંધ્યાકાળની ભવ્યતા અને ખીલેલા ફૂલો જેવા કુદરતના બદલાતા લેન્ડસ્કેપ્સથી પ્રેરિત કલર પેલેટ આ કલેક્શનને વધુ ઊંડાણ અને હૂંફ પ્રદાન કરે છે.આ લોન્ચિંગ પ્રસંગે બોલતા તનૈરાના CSMO સોમપ્રભ કુમાર સિંઘે જણાવ્યું હતું કે, "પ્રસંગોપાત પહેરાતા વસ્ત્રો અમારા બ્રાન્ડનો એક મહત્વપૂર્ણ હિસ્સો રહ્યો છે, જે અમારા કુલ વેચાણમાં અંદાજે 60થી 70 ટકાનો ફાળો આપે છે. આજે, મહિલાઓ ઉત્સવોના પોશાકને વધુ અભિવ્યક્ત અને વ્યક્તિગત દ્રષ્ટિકોણથી જુએ છે. તેઓ ઈચ્છે છે કે દરેક ઉજવણી તેમના વ્યક્તિત્વના એક અલગ પાસાને પ્રતિબિંબિત કરે. 'નેવર લુક ધ સેમ' (ક્યારેય એક સરખા ન દેખાઓ) ના વિચાર પર આધારિત 'ઈનાયા' ને આ બદલાતી માનસિકતાને પહોંચી વળવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેમાં એવી સમકાલીન સાડીઓ છે જે વૈવિધ્યસભર, અભિવ્યક્ત અને સહજ રીતે ભવ્ય લાગે છે.

## સ્વાદની સુપરસ્ટાર પુષ્પ બ્રાન્ડે આઈપીઓ માટે ફાઈલિંગ કર્યું, નવા બ્લેન્ડ્સ અને વીએએસ પ્રોડક્ટ્સ સાથે પોર્ટફોલિયો વિસ્તારવાની યોજના

(એજન્સી) મુંબઈ | તા.27

ભારતની સૌથી ઝડપથી વિકસતી પેકેજ્ડ સ્પાઈસીસ કંપનીઓ પૈકીની એક પુષ્પ બ્રાન્ડ (ઈન્ડિયા) લિમિટેડે તેના સૂચિત આઈપીઓ માટે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) માં પોતાનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. આ ઈશ્યૂમાં સુરેન્દ્ર કુમાર સુરાના અને મહેન્દ્ર કુમાર સુરાના (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) તેમજ એ91 ઈમર્જિંગ ફંડ 1 એલએલપી અને સિક્સ્થ સેન્સ ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ 3 (ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર) સહિતના હાલના શેરધારકો દ્વારા 74,45,000 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર (ઓએફએસ)નો સમાવેશ થાય છે.એ91 ઈમર્જિંગ ફંડ 1 એલએલપીએ વર્ષ 2020માં કંપનીમાં અંદાજે રૂ. 125 કરોડનું રોકાણ કર્યું હતું અને હાલમાં તે કંપનીમાં 20.14 ટકા હિસ્સો ધરાવે છે. આ ઓફર હેઠળ તે પોતાની હિસ્સેદારીનો માત્ર એક ભાગ વેચી રહી છે. તેવી જ રીતે, સિક્સ્થ સેન્સ ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ 3એ વર્ષ 2023માં અંદાજે રૂ. 101 કરોડનું રોકાણ કર્યું હતું અને તે કંપનીમાં 7.81 ટકા હિસ્સો ધરાવે છે. તે પણ વેચાણ માટેની ઓફરના ભાગરૂપે પોતાની હિસ્સેદારીનો માત્ર એક ભાગ વેચશે. મધ્ય પ્રદેશના ઈન્દોરમાં સ્વ. કિશનલાલ સુરાના દ્વારા વર્ષ 1974માં મેસર્સ મુનીમજી એન્ડ સન્સ તરીકે સ્થાપિત આ કંપની પરંપરાગત પ્રાદેશિક મસાલા વ્યવસાયમાંથી વિકસીને આજે પુષ્પ અને મુનીમજી બ્રાન્ડ્સ હેઠળ કામ કરતી એક સુસ્થાપિત પેકેજ્ડ સ્પાઈસીસ અને ફૂડ પ્રોડક્ટ્સની કંપની બની ગઈ છે.છેલ્લા કેટલાક વર્ષોથી કંપનીએ શુદ્ધ મસાલાઓમાંથી આગળ વધીને બ્લેન્ડેડ મસાલા, હિંગ અને સંબંધિત કેટેગરીઓમાં વિસ્તરણ કર્યું છે. સાથે જ તેણે મજબૂત પ્રાદેશિક ફ્રેન્ચાઈઝી અને રાષ્ટ્રીય સ્તરે ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક ઊભું કર્યું છે. કંપનીએ પુષ્પ બ્રાન્ડને શુદ્ધતા, સ્વાદ અને વિશ્વાસના મૂલ્યો સાથે જોડી છે અને મધ્ય પ્રદેશની બહાર મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા મહત્વપૂર્ણ બજારોમાં પણ પોતાની હાજરી સતત મજબૂત બનાવી છે. પશ્ચિમ અને મધ્ય ભારતભરમાં વધતા ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કથી આ વિસ્તરણને વેગ મળ્યો છે.નાણાંકીય વર્ષ 2026 દરમિયાન મસાલા કેટેગરીમાં કંપનીનો પુનઃખરીદીનો દર 95 ટકાથી વધુ રહ્યો હતો, જ્યારે અન્ય પ્રોડક્ટ્સ માટે તે 83 ટકાથી વધુ રહ્યો હતો.

## કેન્દ્રીય મંત્રી સતીશચંદ્ર દુબેએ એસઈસીએલની કામગીરીની સમીક્ષા કરી

(એજન્સી) રાયપુર | તા.27

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રાલયના રાજ્ય મંત્રી સતીશચંદ્ર દુબેએ છત્તીસગઢની મુલાકાત દરમિયાન સાઉથ ઈસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડ (SECL) ની કામગીરી અને ભવિષ્યની યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી. પોતાની આ એક દિવસીય મુલાકાત દરમિયાન તેમણે છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાય સાથે મુલાકાત કરીને રાજ્યમાં કોલસા ઉત્પાદન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, લોજિસ્ટિક્સ કનેક્ટિવિટી, ઉર્જા સુરક્ષા અને ઔદ્યોગિક વિકાસ અંગે ગહન ચર્ચા કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ ઉચ્ચ સ્તરીય બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વિકાસ પરિયોજનાઓને ઝડપી બનાવવા, વ્યાપારી કામગીરીને સરળ બનાવવા અને કોલસા ઉત્પાદક ક્ષેત્રોમાં આર્થિક વૃદ્ધિ સાથે નવી રોજગારીની તકો ઊભી કરવાનો હતો. કેન્દ્રીય મંત્રીએ કોલસા ક્ષેત્રના વિકાસ માટે છત્તીસગઢ સરકાર દ્વારા આપવામાં આવી રહેલા સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સંયુક્ત અભિગમ દેશની ઉર્જા સુરક્ષામાં રાજ્યના યોગદાનને વધુ મજબૂત બનાવશે.એસઈસીએલના મુખ્યાલય ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં મંત્રીએ કોલસા ઉત્પાદન, નિકાસ, ગુણવત્તા વ્યવસ્થાપન, સુરક્ષા પગલાં, પર્યાવરણીય સ્થિરતાના પ્રયાસો અને કોલ ગેસિફિકેશન પ્રોજેક્ટ્સની પ્રગતિની ચકાસણી કરી હતી. તેમણે સુરક્ષિત અને ટકાઉ ખાણકામ પદ્ધતિઓ, આધુનિક ટેકનોલોજીનો સ્વીકાર અને કાર્યક્ષમતા વધારવા પર ભાર મૂક્યો હતો.

## ભારતની મોટી સિદ્ધિ : ડેટા સેન્ટર ક્ષમતામાં ભારત એશિયા પેસિફિકમાં બીજા ક્રમે

નવી દિલ્હી: ભારત વૈશ્વિક સ્તરે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. એક તાજા વૈશ્વિક અહેવાલ અનુસાર, ભારત ૧.૬ ગીગાવોટ (GW) ની ઓપરેશનલ ક્ષમતા સાથે એશિયા પેસિફિક (APAC) ક્ષેત્રમાં બીજા ક્રમે પહોંચી ગયું છે. આ સિદ્ધિ દર્શાવે છે કે ભારત આગામી સમયમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે એક મહત્વનું વૈશ્વિક હબ બનવા જઈ રહ્યું છે. 'કુશમેન એન્ડ વેકફિલ્ડ ગ્લોબલ ડેટા સેન્ટર માર્કેટ કમ્પેરિઝન ૨૦૨૬' ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો વધતો ઉપયોગ, હાઈપરસ્કેલ ક્લાઉડનો વિસ્તાર અને કંપનીઓની વધતી માંગને કારણે ડેટા સેન્ટરના વિકાસની આખી પદ્ધતિ બદલાઈ રહી છે. ભારત હાલમાં એશિયા પેસિફિકના ટોચના ત્રણ બજારોમાં સામેલ છે, જ્યાં ૩.૧ ગીગાવોટની ક્ષમતાના પ્રોજેક્ટ્સ નિર્માણ હેઠળ અથવા આયોજનના તબક્કામાં છે. ભારતમાં લાંબા ગાળાના આયોજન હેઠળ ૧૦.૫ ગીગાવોટથી વધુની ક્ષમતા હજુ જમીન સંપાદનના તબક્કામાં છે, જે ભવિષ્યના મોટા રોકાણો તરફ ઈશારો કરે છે.ભારતની આ મજબૂત સ્થિતિ પાછળ દેશના મલ્ટી-માર્કેટ નેટવર્કનો મોટો હાથ છે. આ મૂલ્યાંકનમાં મુંબઈ, હૈદરાબાદ, ચેન્નાઈ, દિલ્હી એનસીઆર, પુણે અને બેંગલુરુ જેવા અગ્રણી શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે: ભારતનું આ આર્થિક પાટનગર ડેટા સેન્ટરના મુખ્ય બજાર તરીકે ઉભરી આવ્યું છે

## જ્યારે વિશ્વ થંભી જાય છે, ત્યારે ભારત અટકતું નથી

### જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) પણ ગુજરાત રાજ્યમાં અવિરત ઈંધણ પુરવઠો સુનિશ્ચિત કરીને અટકતી નથી

અમદાવાદ : જાહેર ક્ષેત્રની (PSU) ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સમગ્ર ગુજરાત રાજ્યમાં સીમલેસ (અવિરત) કામગીરી અને લોજિસ્ટિક્સ સંકલન સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખ્યું છે, જે દરેક ગ્રાહક માટે, દરરોજ પેટ્રોલ (MS), ડીઝલ (HSD) અને એલપીજી (LPG) ની અવિરત ઉપલબ્ધતાની ખાતરી આપે છે.નાગરિકોના દરેક સામાન્ય દિવસ પાછળ, PSU OMCs દ્વારા ૨૪X૭ (ચોવીસે કલાક) ધોરણે અસાધારણ તૈયારીઓ છુપાયેલી હોય છે, અને વૃદ્ધિના આંકડા પણ આ જ બાબત પ્રતિબિંબિત કરે છે. ગુજરાતમાં પેટ્રોલ (MS) ના છૂટક વેચાણમાં ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીએ મે ૨૦૨૬ દરમિયાન 27% ની વૃદ્ધિ થઈ છે, જ્યારે ડીઝલ (HSD) ના છૂટક વેચાણમાં 40% નો મજબૂત ઉછાળો નોંધાયો છે. આ વિસ્તારમાં જાહેર ક્ષેત્ર સિવાયના અન્ય સપ્લાયર્સ (ખાનગી કંપનીઓ) વચ્ચેના ભાવ તફાવત અને મોસમી ખેતીની પ્રવૃત્તિઓને કારણે સંસ્થાકીય/વાણિજ્યિક ગ્રાહકો જાહેર ક્ષેત્રના રીટેલ આઉટલેટ્સ (પેટ્રોલ પંપ) તરફ વળ્યા છે, જેના લીધે માંગમાં ભારે ઉછાળો (Demand Surge) આવ્યો છે.ગતિશીલ ભારતના દરેક કદમ પાછળ, એક એવું નેટવર્ક છે જે ક્યારેય થોભતું નથી જે ખેતરોથી લઈને હાઈવે સુધી, પહાડોથી લઈને દરિયાકાંઠા સુધી, મુશ્કેલ ભૂપ્રદેશોથી લઈને પડકારજનક સરહદો સુધી, PSU ઓઈલ કંપનીઓ અનિશ્ચિત વૈશ્વિક સમયમાં સ્થિર હાથ લંબાવીને અવિરત ઈંધણ પુરવઠાની પુનઃ ખાતરી આપે છે. OMCs પુનરોચ્ચાર કરે છે કે દેશભરમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. સેવાની નિરંતરતા અને સામૂહિક જવાબદારીથી પ્રેરિત થઈને સુચારુ, અવરોધરહિત અને સતત ઈંધણ પુરવઠો જાળવી રાખવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. નાગરિકોને તેમની સામાન્ય ખરીદી પ્રક્રિયા ચાલુ રાખવા અને બિનજરૂરી ગભરાટમાં આવીને ખરીદી (Panic Buying) ન કરવાની સલાહ આપવામાં આવે છે. દેશ આત્મવિશ્વાસ પર ચાલે છે – અમે પ્રતિબદ્ધતા પર ચાલીએ છીએ. ગ્રાહકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઈંધણની સચોટ ઉપલબ્ધતાની માહિતી માટે માત્ર અધિકૃત ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને એજન્સીઓના સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ ભરોસો રાખે છે.

## બાયજુ રવીન્દ્રનને સિંગાપોર કોર્ટનો દંડ | અદાલતના આદેશોનો ભંગ કરવો પડ્યો ભારે

# બાયજુ રવીન્દ્રનને જેલ અને આર્થિક દંડની આકરી સજા મળી

(એજન્સી) સિંગાપોર | તા.27

એક સમયે ભારતીય શિક્ષણ જગતમાં સફળતાનું મોટું નામ ગણાતા બાયજુ રવીન્દ્રન સામે હવે ગંભીર કાનૂની મુશ્કેલીઓ આવી છે. સિંગાપોરની એક અદાલતે તેમને છ મહિનાની જેલની સજા ફટકારી છે. આ સાથે જ તેમને 70,500 ડૉલરનો મોટો આર્થિક દંડ પણ ભરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કોર્ટના જૂના આદેશોનું સતત ઉલ્લંઘન કરવા અને અદાલતની અવમાનના કરવા બદલ આ કડક પગલું ભરવામાં આવ્યું છે. બાયજુ રવીન્દ્રન એપ્રિલ 2024 થી પોતાની અંગત સંપત્તિ અને રોકાણ સાથે જોડાયેલા કોર્ટના વિવિધ આદેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા હતા. સિંગાપોરની અદાલતે તેમને તુરંત પોલીસ સમક્ષ હાજર થઈ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. આ



આદેશ બાદ સમગ્ર એડ્યુટેક ઉદ્યોગમાં ચર્ચાનો વિષય બન્યો છે. સિંગાપોર કોર્ટે તેમને 90,000 સિંગાપોર ડૉલરનો દંડ ભરવા જણાવ્યું છે, જેની ભારતીય ચલણ મુજબ કિંમત અંદાજે 70,500 ડૉલર થાય છે. આ ઉપરાંત, તેમણે બીયર ઈન્વેસ્ટકો પ્રાઈવેટ લિમિટેડમાં પોતાના માલિકીના શેર અંગેના તમામ પુરાવા અને દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

આ સમગ્ર કાનૂની વિવાદની શરૂઆત કતાર ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટીની પેટા કંપની કતાર હોલ્ડિંગ્સ દ્વારા કરવામાં આવી હતી. જ્યારે બાયજુ રવીન્દ્રનની કંપની કર્મચારીઓની છટણી કરી રહી હતી, તે જ સમયે કતાર હોલ્ડિંગ્સે કંપનીમાં મોટું રોકાણ કર્યું હતું. સમય જતાં આ વિવાદ વકર્યો અને કેસ સિંગાપોરની અદાલત સુધી પહોંચ્યો. આ કાનૂની લડાઈમાં કતાર હોલ્ડિંગ્સ તરફથી ડ્રૂ એન્ડ નેપિયર નામની જાણીતી લો-ફર્મ પક્ષ રાખી રહી છે, જ્યારે બાયજુ ઈન્વેસ્ટમેન્ટ્સ તરફથી ફર્વેન્ટ ચેમ્બર્સના વકીલો દલીલો કરી રહ્યા છે.

બાયજુ રવીન્દ્રન માટે માત્ર સિંગાપોરનો આ કેસ જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે અનેક મુશ્કેલીઓ ઊભી થઈ છે. તેઓ અગાઉથી જ અમેરિકામાં 1.2 અબજ ડૉલરની લોન લેવા અને તેના સંચાલન સાથે જોડાયેલા વિવાદોમાં ફસાયેલા છે. ત્યાં પણ તેઓ વિદેશી રોકાણકારો સામે કાનૂની જંગ લડી રહ્યા છે. હાલમાં બાયજુ રવીન્દ્રન કયા દેશ કે શહેરમાં છે, તેની કોઈ સત્તાવાર જાણકારી ઉપલબ્ધ નથી, જે તેમની મુશ્કેલીઓમાં વધારો કરી રહી છે.

આ આખરી ચુકાદાએ બાયજુ રવીન્દ્રનની વ્યાવસાયિક કારકિર્દી અને ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધું છે. એક સમયે અબજોપતિની યાદીમાં સ્થાન પામનાર રવીન્દ્રન આજે જેલની સજા અને ભારે દંડના આદેશો વચ્ચે ફસાયા છે. શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવવાનો દાવો કરનાર કંપનીનું ભવિષ્ય હવે કાનૂની ગૂંચવણોના કારણે ભારે જોખમમાં જોવા મળી રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે તેઓ આ આદેશનું પાલન ક્યારે કરે છે અને આગળ કયા પ્રકારના કાનૂની પગલાં લેવામાં આવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 12

# નૌતપા : દેશભરમાં આકાશમાંથી આગ વરસાવતી ગરમીનો કેર !

દેશમાં એપ્રિલ મહિનાથી જ ગરમીનો પારો વધવા લાગ્યો હતો તેમાંય મે મહિનામાં તો ગરમી માઝા મુકી છે. ચામડી દઝાડતી ગરમીને કારણે ઉત્તરથી દક્ષિણ ભારત સુધીના લોકો ત્રસ્ત થઈ ગયા છે. તેમાંય સોમવારથી નૌતપાનો પ્રારંભ થયો છે અને તેની સાથે જ દેશમાં ગરમીનો વધુ એક આકરો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. નૌતપાના નવ દિવસ દરમિયાન મધ્ય અને ઉત્તર ભારતમાં અસહ્ય ગરમી પડે છે. મે મહિનાના અંતિમ અઠવાડિયાઓમાં જ્યોતિષ શાસ્ત્રના આધારે નૌતપાની સિઝન આવતી હોય છે. સૂર્યનો રોહિણી નક્ષત્રમાં પ્રવેશ થતાની સાથે જ નૌતપાની શરૂઆત થઈ જાય છે. માન્યતા એવી છે કે, નૈતપા દરમિયાન સૂર્ય જેટલો વધારે આકરો થાય છે તેટલો જ વરસાદ વધારે સારો થાય છે. જો કે આ નૌતપા વિશે વિજ્ઞાન અને જ્યોતિષ શાસ્ત્ર વચ્ચે મતભેદ છે છતાં તેની અસરો સર્વસ્વીકૃત છે.ઉલ્લેખનીય છે કે, નૌતપા ભારતીય પંચાગનો અને જ્યોતિષશાસ્ત્રનો એક શબ્દ છે. ખાસ કરીને ઉત્તર અને મધ્ય ભારતમાં તેનો વધારે ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. નવ અને તાપ એમ બે શબ્દો ભેગા કરીને નૌતપા શબ્દ બનાવવામાં આવ્યો છે. તેનો અર્થ થાય છે કે, નવ દિવસ સુધી ગરમી પડવી. સૂર્ય રોહિણી નક્ષત્રમાં ૧૫ દિવસ સુધી રહે છે. તેમાં શરૂઆતના ૯ દિવસ આકરી ગરમી પડે છે. ખાસ વાત એવી છે કે, વૈજ્ઞાનિકો આ વાતને અધિકારીક રીતે સ્વીકારતા નથી. હવામાન ખાતામાં પણ કે તુચક્રની વહેંચણીમાં પણ આવી કોઈ કેટેગરી આપવામાં આવી નથી. તેમ છતાં વૈજ્ઞાનિકો આ સમયગાળા દરમિયાન પડનારા તાપ અને અસહ્ય ગરમીને નકારી શકતા નથી.આ વાતને જો સાયન્ટિફિકલી જોઈએ તો એવું કહેવાય છે કે, સૂર્ય જ્યારે રોહિણી નક્ષત્રમાં પ્રવેશે ત્યારે તે કર્ક રેખાની વધારે નજીક આવે છે. તેના કારણે સૂર્યના કિરણો સીધા જ ભારત ઉપર પડવા લાગે છે. સૂર્યના કિરણો સીધા જ પડતા હોવાથી ગરમી વધે છે, જમીન ગરમ થવા લાગે છે, વાતાવરણમાં રહેલો ભેજ સુકાવા લાગે છે અને સુકા તથા ગરમ પવનો વહેતા થાય છે. તેને આપણે પારંપરિક રીતે લૂ કહીએ છીએ. બીજી તરફ આ તબક્કાને પ્રિ મોનસૂન પિરિયડ પણ કહેવામાં આવે છે. જાણકારોના મતે જ્યારે જમીન વધારે ગરમ થાય ત્યારે લો પ્રેશર સિસ્ટમ એક્ટિવિટે થાય છે અને તેનાથી ચોમાસું આવવાની સ્થિતિ સર્જાય છે.નૌતપા દરમિયાન પૃથ્વીનો ઉત્તરી ગોળાર્ધ સૂર્ય તરફ વધારે નમેલો હોય છે. તેના કારણે સૂર્યનો સીધો પ્રકાશ ઉત્તરી ભાગ ઉપર પડે છે. સરળ ભાષામાં કહીએ તો શિયાળા દરમિયાન સૂર્યના કિરણો પૃથ્વી ઉપર સીધા નહીં પણ ત્રાંસા પડે છે. તેના કારણે ઓછી ગરમી લાગે છે. બીજી તરફ એપ્રિલ અને મે આવતા સુધીમાં આ કિરણો સીધા થઈ જાય છે અને તેના કારણે સૂર્યનો તાપ અને ઊર્જા સીધા અને વધારે પ્રમાણમાં પૃથ્વી સુધી આવે છે. જેમ આપણે ટોર્ચ વાપરીએ છીએ ત્યારે તેને ત્રાંસી રાખીએ તો તેનો પ્રકાશ ફેલાયેલો લાગે છે પણ જ્યારે ટોર્ચ સીધી હોય તો તે એક જ દિશામાં કેન્દ્રિત હોય છે. સૂર્યનું પણ આવું જ થતું હોય છે.ઉલ્લેખનીય છે કે, આ દરમિયાન સમજવું પડશે કે હીટવેવ અને નૌતપામાં ઘણો તફાવત છે. સામાન્ય રીતે જ્યારે સરેરાશ કરતા ૪ થી ૫ ડિગ્રી વધારે તાપમાન થઈ જાય ત્યારે તેને હીટવેવ કહેવામાં આવે છે. તેની કોઈ નિશ્ચિત મર્યાદા હોતી નથી. ગરમ હવાનું પ્રેશર, ભેજનો અભાવ અને અલનીનો પ્રભાવને આધારે હીટવેવની અસર રહેતી હોય છે. બીજી તરફ નૌતપા એક ખગોળીય ઘટના છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે તે ૯ દિવસની ઘટના છે. સૂર્ય કર્ક રેખાની નજીક આવે અને રોહિણી નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારે ધરતી ઉપર સૂર્યના કિરણો સીધા પડવા લાગે છે. જમીન પહેલા કરતા વધારે સુકી થઈ જાય છે, ભેજ ઓછો થઈ જાય છે અને પવન પણ શુષ્ક અને વધુ ગરમ થઈ જાય છે. તેના કારણે તેને નૌતપા કહેવાય છે. તેની નવ દિવસની જ મર્યાદા હોય છે.જાણકારોના મતે ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે ગરમીમાં અસહ્ય વધારો થયો છે. તેમાંય ગ્લોબલ વોર્મિંગના કારણે હીટવેવનું પ્રમાણ અને તિવ્રતા પણ અસહ્ય રીતે વધ્યા છે. આ ગરમી સતત વધે છે અને તેની સાથે જ્યારે નૌતપાનો સમયગાળો આવે છે ત્યારે ચામડી દઝાડતી ગરમી પડતી હોય તેમ લાગે છે. તેના કારણે નૌતપા ઘાતક બની જાય છે. તેના કારણે માત્ર માણસો ઉપર જ અસર પડે છે તેવું નથી. તેનાથી તમામ જીવજંતુઓ, પશુ-પક્ષીઓને અસર થાય છે. તે ઉપરાંત ઉભા પાકને અને થઈ રહેલા પાકને પણ પ્રભાવ પડે છે, પાણીની ઉપલબ્ધતાને અસર થાય છે. થોડા સમય પહેલાં જ નેચર મેગેઝિનમાં રજૂ થયેલા એક અહેવાલમાં જણાવાયું હતું કે, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે ભારતમાં હીટવેવ અને નૌતપાની સ્થિતિ વધારે આકરી થતી જાય છે.

# અમદાવાદના જાણીતા મેકઅપ આર્ટિસ્ટ દીપ્તિ સોનીને 'માસ્ટર અવોર્ડ 2026' એનાયત

મહેશ એલ. સોની નખત્રાણા



મૂળ ભુજના હાલે અમદાવાદના પ્રખ્યાત મેકઅપ આર્ટિસ્ટ દીપ્તિ સોની ને મેકઅપ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ *ME2 હેર પ્રોફેશનલ્સ અને UP 2 DATE ના સંયુક્ત ઉપક્રમે 'માસ્ટર અવોર્ડ 2026' એનાયત કરવામાં આવ્યો છે. આ સન્માન સમારોહ 26 મે ના રોજ યોજાયો હતો.આ અવોર્ડ માટે 'Always think different' ની થીમ પર પસંદગી કરવામાં આવી હતી. જેમાં જાણીતા હેર અને મેકઅપ નિષ્ણાતો સૌરિન પારેખ (ક્રિએટિવ હેર ડિઝાઈનર), કેતન ડેસ્ટિની (પ્રો મેકઅપ આર્ટિસ્ટ), માસ્ટર પંકજ (ગુજરાત ગુરુ) અને અર્ચના પંચાલ (પ્રો હેરસ્ટાઈલિસ્ટ) એ જ્યુરી તરીકે સેવા આપી હતી.આ પ્રસંગે દીપ્તિ સોનીએ જણાવ્યું કે, 'આ અવોર્ડ મારા માટે ગૌરવની વાત છે. ME2 અને UP 2 DATE ના સપોર્ટ બદલ હું આભારી છું. 'Always think different' ના મંત્ર સાથે હું હંમેશા નવું શીખવા અને કલાને આગળ લઈ જવા પ્રતિબદ્ધ છું.'ME2 હેર પ્રોફેશનલ્સ દ્વારા પ્રતિભાશાળી કલાકારોને પ્રોત્સાહન આપવાની આ પહેલ સમગ્ર બ્યુટી ઈન્ડસ્ટ્રી માટે પ્રેરણારૂપ બની રહી છે. દીપ્તિ સોનીને મળેલ આ સિદ્ધિ બદલ સમાજ અને બ્યુટી જગતમાંથી શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.અત્રે ઉલ્લેખનીય છેકે આ અગાઉ અનેક વખત દિપ્તીબેન સોની એવોર્ડો પ્રાપ્ત કરી જ્ઞાતિનું ગૌરવ વધારી ચુક્યા છે.

# નિધિ ફાઉન્ડેશન દ્વારા 'સેલિબ્રિટી અવોર્ડ શો લાઈવ સ્ટેજ શો 2026' નું ભવ્ય આયોજન

મહેશ એલ. સોની નખત્રાણા

વડોદરા: નિધિ ફાઉન્ડેશન દ્વારા 31 મે 2026, શનિવાર ના રોજ હોટેલ વિંગ - નીલામ્બર ટ્રાયમ્ફ, નીલામ્બર સર્કલ, વાસણા-ગોત્રી મેઈન રોડ, વાસણા, વડોદરા ખાતે આવેલ હયાત પ્લેસ માં 'સેલિબ્રિટી અવોર્ડ શો લાઈવ સ્ટેજ શો 2026' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સવારે 10:00 થી સાંજે 6:00 સુધી ચાલનારા આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના કલાકારોને સન્માનિત કરવામાં આવશે.આ અવોર્ડ શોના ચીફ ગેસ્ટ તરીકે મૂળ ભુજના હાલે અમદાવાદ રહેતા પ્રખ્યાત મેકઅપ આર્ટિસ્ટ, હેર ડ્રેસર, મહેંદી આર્ટિસ્ટ અને હેર સ્ટાઈલિસ્ટ દીપ્તિ સોની ઉપસ્થિત રહેશે. કાર્યક્રમને બોલિવુડ એક્ટર સોનુ સૂદ ની પ્રેરક ઉપસ્થિતિ ચાર ચાંદ લગાવશે. આ સમગ્ર આયોજન ઓર્ગેનાઈઝર શીલા દવે ના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. કાર્યક્રમને ડો. કલ્પેશ પટેલ નો સહયોગ પ્રાપ્ત થયો છે. તમામ કેટેગરીના કલાકારો આ અવોર્ડ શોમાં જોડાઈ શકશે. આયોજક શીલા દવેએ જણાવ્યું કે, 'બ્યુટી, ફેશન અને કલા ક્ષેત્રના પ્રતિભાશાળી કલાકારોને પ્લેટફોર્મ આપવાનો અને તેમની કલાને બિરદાવવાનો અમારો ઉદ્દેશ છે. દીપ્તિ સોની જેવા અનુભવી કલાકાર ચીફ ગેસ્ટ તરીકે આવશે એ અમારા માટે ગૌરવની વાત છે.'કાર્યક્રમને CMF, NG NEWS નમસ્કાર ગુજરાત, હયાત પ્લેસ, મોર્નિંગ સ્ટાર હેર ડિઝાઈનિંગ એકેડમી, રોયલ સ્ટાર, પ્રિયા અને VASU નો સહયોગ પ્રાપ્ત છે.

# સાળંગપુરધામમાં 'અધિક જેઠ માસ' નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને ગીતા જયંતી પ્રસંગે દિવ્ય શણગાર-તરબૂચ અન્નકૂટ દર્શન

નરેન્દ્ર દવે જૂનાગઢ



સાળંગપુર તા.૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ ખાતે શ્રી હરિપ્રકાશ દાસજી સ્વામી, કોઠારી શ્રી વિવેકસાગર દાસજી સ્વામી (અથાણાવાળા - સાળંગપુર ધામ) ના માર્ગદર્શનથી પવિત્ર 'અધિક જેઠ માસ' એટલે કે 'પુરુષોત્તમ માસ' અંતર્ગત વિશેષ ધાર્મિક ઉત્સવોની હારમાળા યોજાઈ રહી છે. આ પવિત્ર માસ દરમિયાન 'મારા દાદાને અધિક શણગારની સેવા' અંતર્ગત આજે તા.૨૭-૦૫-૨૦૨૬ ને બુધવાર (સુદ એકાદશી) ના રોજ ગીતા જયંતી નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને અત્યંત મનોહર અને ભવ્ય દિવ્ય શણગાર અર્પણ કરવામાં આવ્યો છે. આ મહોત્સવ અંતર્ગત મંદિરમાં 'ગીતા-સાર' ના ભવ્ય ચિત્રો અને વિશેષ પૃષ્ઠભૂમિ સાથે શ્રી કૃષ્ણ અને અર્જુનના દિવ્ય પ્રસંગોનું જીવંત વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. ગીતા જયંતીના આ પાવન અવસરે હનુમાનજી દાદાના દિવ્ય શણગાર અને ગીતાજીના જ્ઞાનમય વાતાવરણ ના દર્શન કરી હજારો ભક્તો ધન્યતા અનુભવી રહ્યા છે.છે. દિવ્ય શણગાર દર્શન શણગાર આરતી : સવારે ૦૫:૪૫ કલાકે,રાજોપચાર પૂજન : સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦ કલાકે, સંધ્યા આરતી : સાંજે ૦૭:૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યુ છે.

# આતંક મચાવતી માદા દીપડી આખરે પાંજરે પુરાઈ,સ્થાનિકોમાં રાહત..

ડાંગ | ગિરિમથક સાપુતારા ખાતે છેલ્લા કેટલાક સમયથી આતંક મચાવતી માદા દીપડીને દક્ષિણ ડાંગ વન વિભાગનાં શામગહાન રેંજની ટીમે સફળતાપૂર્વક પાંજરે પકડી પાડતા સ્થાનિકો તેમજ પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે.દક્ષિણ ડાંગ વન વિભાગના ડી.સી.એફ. નિરજકુમારનાં માર્ગદર્શન હેઠળ શામગહાન રેંજનાં આર.એફ.ઓ. મંજુલાબેન ઠાકરે ની ટીમ દ્વારા સાપુતારાના વિવિધ વિસ્તારોમાં પાંજરાં ગોઠવવામાં આવ્યા હતા.આ દરમિયાન રાત્રિના



સમયે શિકારની શોધમાં ભટકતી માદા દીપડી પાંજરામાં પુરાઈ હતી. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ સાપુતારા વિસ્તારમાં એક ખૂંખાર નર દીપડો પણ પાંજરે પુરાયો હતો.આ નર દીપડા સાથે જ માદા દીપડી ફરતી જોવા મળતી હતી.બન્ને દીપડાનું જોડું સાપુતારાના જંગલ તેમજ આસપાસના વિસ્તારોમાં સતત ફરી રહ્યું હતુ.અને પાળતુ કૂતરાં તેમજ ઘોડાઓને નિશાન બનાવી રહ્યુ હતુ.સાપુતારામાં દીપડાની ચહલ પહલથી પ્રવાસીઓમાં ભય ફેલાયો હતો.જેથી દક્ષિણ ડાંગ વન વિભાગનાં શામગહાન રેંજ દ્વારા સતત મોનિટરિંગ અને ટ્રેપિંગ કામગીરી હાથ ધરાતા અંતે માદા દીપડી પણ પાંજરે પુરાતાં સ્થાનિક રહેવાસીઓ અને પ્રવાસીઓમાં સુરક્ષાની લાગણી મજબૂત બની છે.

# જૂનાગઢમાં ભવનાથમાં બ્યુટીફિકેશન અને દામોદર કુંડની સફાઈ અંગે કમિશનરશ્રી, ડે. મેયરશ્રી અને સ્થાયી સમિતિ ચેરપર્સનશ્રી તથા દંડકશ્રીનું સ્થળ નિરીક્ષણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭. તા:૨૭/૦૫/૨૦૨૬ના રોજ દામોદર કુંડ ખાતે વરસાદી પાણીના નિકાલ તેમજ નિયમિત સફાઈને લગતા પ્રશ્નો અંગે સ્થળ પર જ ચર્ચા કરવામાં આવી હતી. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને, દામોદર કુંડ ખાલી કરવા માટેના ગેટ (દરવાજા) ની સમીક્ષા કરવામાં આવી હતી. આ તમામ પ્રશ્નોનું યોગ્ય અને કાયમી સોલ્યુશન લાવવા માટે કમિશનરશ્રી પ્રભવ જોષી, ડે. મેયરશ્રી આકાશભાઈ કટારા, સ્થાયી સમિતિ ચેરપર્સનશ્રી પલ્લવીબેન ઠાકર, દંડકશ્રી કલ્પેશભાઇ અજવાણી દ્વારા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને, દામોદર કુંડ ખાલી કરવા માટેના ગેટ (દરવાજા)ની સમીક્ષા કરવામાં આવી હતી.આ તકે કમિશનરશ્રી તથા પદાધિકારીશ્રીઓ પવિત્ર દામોદરકુંડ ખાતે રાધા દામોદરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ નિરીક્ષણ દરમિયાન કાર્યપાલક ઈજનેરશ્રી દુષ્યંત પાનસુરીયા (બાંધકામ શાખા), કાર્યપાલક ઈજનેરશ્રી અલ્પેશ પી.ચાવડા (વોટર વર્ક્સ શાખા) , સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટશ્રી કલ્પેશ જી.ટોલીયા તેમજ લગત શાખાના કર્મચારીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "ફાટકમુક્ત જુનાગઢ" તરફ ઐતિહાસિક પગલું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭. જૂનાગઢ મહાનગર માટે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ છે. વર્ષોથી શહેરજનો જે "ફાટક મુક્ત જુનાગઢ"નું સ્વપ્ન જોઈ રહ્યા હતા તે હવે સાકાર થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. રેલવે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ આવેલા જુનાગઢ- વિસાવદર મીટરગેજ રેલ્વે વિભાગમાં ગ્રોફેડ વિસ્તાર, બિલખા રોડ, જૂનાગઢ નજીક નવા મીટરગેજ રેલ્વે સ્ટેશનના નિર્માણને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણયને કારણે સમગ્ર જૂનાગઢ શહેરમાં ખુશી અને ઉત્સાહનો માહોલ સર્જાયો છે.આ પ્રોજેક્ટની સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે ગ્રોફેડ ખાતે નવું સ્ટેશન કાર્યરત થયા બાદ ગ્રોફેડ અને હાલના જૂનાગઢ સ્ટેશન વચ્ચેનો અંદાજે 4.2 કિલોમીટર લાંબો મીટરગેજ રેલવે ટ્રેક કાયમી રીતે બંધ કરવામાં આવશે. હાલમાં આ રેલવે ટ્રેક શહેરના ઘનવસ્તી વિસ્તારમાંથી પસાર થાય છે જેના કારણે શહેરના 7 સમપાર ફાટકો વારંવાર લાંબા સમય સુધી બંધ રહેતા હોય છે અને તેના પરિણામે શહેરમાં ભારે ટ્રાફિક જામ સર્જાય છે. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ, નોકરી-ધંધે જતાં લોકો, વેપારીઓ અને ઈમરજન્સી સેવાઓ માટે આ સમસ્યા વર્ષોથી માથાનો દુખાવો બની રહી હતી. પેટ્રોલ ના પાણી થતાં હતાં ત્યારે નવી વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ શહેરની અંદરના તમામ 7 સમપાર ફાટકો દૂર થઈ જશે જેના કારણે શહેરને ટ્રાફિક સમસ્યામાંથી કાયમી રાહત મળશે. સાથે જ માર્ગ અકસ્માતો અને રેલવે અકસ્માતોની સંભાવનામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. રેલવે ફાટકોના સંચાલન અને જાળવણીમાં લાગતા માનવબળનો ઉપયોગ અન્ય કામગીરીમાં વધુ અસરકારક રીતે કરી શકાશે.જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા નવા ગ્રોફેડ સ્ટેશન અને હાલના જૂનાગઢ સ્ટેશન વચ્ચે ઈ-બસ સેવા શરૂ કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે જેથી મીટરગેજના મુસાફરોને બ્રોડગેજ ટ્રેનો તથા શહેરના અન્ય વિસ્તારો સુધી સરળ અને સુવિધાજનક જોડાણ મળી રહે. ઉપરાંત હાલના જૂનાગઢ સ્ટેશન ખાતે મીટરગેજ કામગીરી બંધ થયા બાદ ઉપલબ્ધ થતી જમીનનો ઉપયોગ બ્રોડગેજ યાર્ડ અને અન્ય રેલવે સુવિધાઓ ના વિસ્તરણ માટે કરવામાં આવશે. આથી શહેરના ભવિષ્યના વિકાસને પણ નવી દિશા મળશે.

# પાનધ્રો-ફુલરા વચ્ચે નદીના કારણે ૧૫ વર્ષથી પ્રજા પરેશાન, તંત્રની ઘોર બેદરકારી સામે કોંગ્રેસ સેવાદળની તપાસની માંગ

મહેશ એલ. સોની નખત્રાણા

લખપત તાલુકાના પાનધ્રો અને ફુલરા ગામ વચ્ચેથી પસાર થતી નદી છેલ્લા ૧૫ વર્ષથી સ્થાનિક રહીશો માટે ગંભીર સમસ્યા બની ગઈ છે. દર ચોમાસે વરસાદી પાણી સાથે માઈન્સનું પાણી આ નદીમાં છોડી દેવાતા નદીના પાણી રસ્તા પર ફરી વળે છે. પરિણામે રસ્તાની બંને બાજુની ચીકણી માટી રસ્તા પર આવી જતા વાહન વ્યવહાર ઠપ્પ થઈ જાય છે. રસ્તો અવાર-નવાર બંધ રહેતો હોવાથી ગ્રામજનોને વાયા દયાપર થઈને ૨૦-૨૫ કિ.મી.નો વધારાનો ચકરાવો મારવાની ફરજ પડે છે, જેનાથી સમયનો વ્યય અને ડીઝલ-પેટ્રોલનો બિનજરૂરી ખર્ચ વધી રહ્યો છે. બીમાર દર્દીઓને સમયસર સારવાર મળવામાં પણ મુશ્કેલી પડે છે.કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ શ્રી રાજેશ સોનીએ આ મુદ્દે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે ૧૫ વર્ષથી લોકો આ સમસ્યાથી પીડાય છે છતાં વહીવટી તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આ તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે.'શ્રી સોનીએ વધુમાં માંગણી કરી કે, 'GMDC દ્વારા આ રસ્તાના સમારકામ માટે જે નાણાં ફાળવવામાં આવ્યા હતા, તેની શું પ્રક્રિયા થઈ તેની ઉચ્ચ સ્તરીય તપાસ હાથ ધરવામાં આવે. સાથે જ લોકોની સુખાકારી માટે આ નદી પર તાત્કાલિક પુલ અથવા કોઝવે બનાવવાનું કામ હાથ ધરવામાં આવે અને માઈન્સનું પાણી નદીમાં છોડવા પર પ્રતિબંધ મૂકવામાં આવે.'કોંગ્રેસ સેવાદળે ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક પગલાં નહીં લેવાય તો જનઆંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે.

# રાજુલા તાલુકા પંચાયત મહિલાઓ ના હાથમાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા તાલુકા પંચાયત પ્રમુખ તરીકે મધીબેન હિંમતભાઈ બલદાણીયા ઉપપ્રમુખ તરીકે રેખાબેન કમલેશભાઈ મકવાણા કારોબારી ચેરમેન તરીકે હેતલબેન અમકુભાઈ કામપળીયાશાસક પક્ષ ના નેતા તરીકે અમરાભાઈ મંગળભાઈ ગોહિલ પક્ષ ના દંડક તરીકે મધુભાઈ રાણાભાઈમકવાણા નિ વરણી કરવામાં આવી તાલુકા પંચાયત નું વહીવટી સુકાન હાલ મહિલાઓ ના હાથમાં છે. રાજુલા તાલુકા પંચાયત નીચે આવતા આશરે ૭૨ ગામડાનો વહીવટ અમરેલી જિલ્લા પંચાયત અને રાજુલા તાલુકા પંચાયત હેઠળ આવે છે. આજરોજ તાલુકા પંચાયતમાં નવા પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન શાસક પક્ષના નેતા શાસક પક્ષના દંડક સહિતના હોદ્દેદારો ની બિનહરીફ વરણી કરવામાં આવી છે. આ વરણીમા મહિલાઓ મહત્વના પદો મળતા પંચાયત નું સુકાન મહિલાઓ ના હાથમાં આવ્યું છે. તેમજ પક્ષ ના દંડક અને નેતા પુરુષો ની વરણી કરવામાં આવી છે. આ વરણી પ્રદેશ ભાજપ ની સુચના અને જિલ્લા નું નેતૃત્વના માર્ગદર્શન હેઠળ સર્વસંમતિથી કરવામાં આવી હતી રાજુલા જાફરાબાદ ખાંભા મત વિસ્તાર ના ધારાસભ્ય અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા હોદ્દેદારોની નામની સત્તાવાર જાહેરાત કરી હતી અનેહાર્દિક શુભેરછા પાઠવી હતી તેમજ નવનિયુક્ત પંચાયતમાં

તેમજ અન્ય વિવિધ હોદ્દાઉપર વરણી ની જાહેરાત થતાં તાલુકા પંચાયત ના પ્રાંગણ માં ઉત્સાહનો માહોલ છવાયો હતો રાજુલા તાલુકા ના નવા સુકાની ઓને અને નવનિયુક્ત હોદ્દેદારો ને ફૂલહાર અને કેસરિયો ખેસ પહેરાવી આવકાર્ય હતા નવા સુકાની ઓને ભાજપનું શિર્ષનેતૃત્વ દ્વારા આવકારવામાં આવ્યા હતા તેમજ નવા સુકાની ઓને જનતા જનાર્દન ના પ્રણપ્રશનોને વાંચા આપવા તથા ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે આગળ વધવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# વૈદેહી સંસ્કાર ધામ ખાતે અખંડ શ્રીરામ ધૂન;-જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત દ્વારા ભંડારામાં અનાજનું દાન

ડાંગ | ડાંગ જિલ્લાનાં શિવારીમાળ સ્થિત આવેલા વૈદેહી સંસ્કાર ધામ ખાતે પૂજ્ય યશોદા દીદીના પાવન સાનિધ્યમાં અખંડ શ્રીરામ ધૂન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રીરામના નામનો જાપ સતત ચાલી રહ્યો છે,જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડીને દર્શન અને ધૂનનો લાભ લઈ રહ્યા છે. આ ધાર્મિક મહોત્સવને કારણે સમગ્ર પંથકમાં ભક્તિનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે.અને લોકોમાં ધાર્મિક આસ્થા વધુ મજબૂત બની રહી છે.આ પવિત્ર પ્રસંગે આયોજિત ભંડારામાં ડાંગ જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ રાજેશભાઈ ગામીતે પ્રશંસનીય સેવાભાવી સહયોગ આપ્યો હતો.તેમણે ભંડારાના સફળ સંચાલન માટે તેલ, બટાકા તેમજ ચોખા સહિતના જરૂરી અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો દાન સ્વરૂપે અર્પણ કર્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખના આ સેવાકાર્યથી પ્રભાવિત થઈને ત્યાં ઉપસ્થિત સાધુ-સંતો અને ભક્તજનોએ તેમના આ સહયોગને મુક્ત કંઠે બિરદાવ્યો હતોઆ પ્રસંગે પૂ.યશોદા દીદીએ જણાવ્યું હતું કે, અખંડ ધૂન જેવા ધાર્મિક આયોજનોથી સમાજમાં એકતા, ભાઈચારો અને સેવાભાવનાનો સંદેશ પ્રસારિત થાય છે. સાથે જ,સમાજજીવનમાં આવા પ્રેરણાદાયી સેવાકીય કાર્યો લોકોમાં પરસ્પર પ્રેમ, સહકાર અને માનવતાની ભાવનાને વધુ દ્રઢ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# જૂનાગઢ જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૈધરીની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭ જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. જૂનાગઢ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં ૧૯ અરજી નો નાગરીકોની રૂબરૂમાં સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના પાણી નિકાલ કરવા, રોડ રસ્તા ને લગત દબાણો હટાવવા અને રસ્તાની મરામત કરવા, રેવન્યુ રેકર્ડ સુધારવા, નવા વીજ કનેક્શન, જમીન માપણી ભૂલો સુધારણા, પ્રોપર્ટીકાર્ડ, લગ્ન સહાય જેવા પ્રશ્નોનોનુ નિવારણ લાવવા જિલ્લાકલેક્ટરશ્રીએ સબંધિત અધિકારીઓ સાથે અરજદારની હાજરીમા વિગતવાર સમીક્ષા કરી.

# જાફરાબાદ તાલુકાના ભાકોદર ગામનો યુવાન બે દિવસથી લાપતા યુવાનનો બાવળોની કાટમાથી મુતદેહ મળ્યો : વન્યપ્રાણીએ યુવાનને ફાડી ખાધો હોય તેવી સ્થિતિ માં મુતદેહ મળ્યો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદના ભાકોદર નજીક બાવળની કાટમાંથી ભરતભાઈ મધાભાઈ બારૈયા નામના યુવાનનો ક્ષત-વિક્ષત મૃતદેહ મળી આવ્યો છે. આ યુવાન પર વન્ય પ્રાણીએ હુમલો કરી તેને ફાડી ખાધો હોવાની વનવિભાગે આશંકા વ્યક્ત કરી છે. આ યુવાન બે દિવસથી ગૂમ હતો. ભરે શોધખોળ દરમિયાન ભાકોદર ગામ નજીકથી બાવળોની કાટમાથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા અને વનવિભાગ સામે રોષ વ્યક્ત કર્યો હતો. સ્થિતિ વણસતા રાજુલા અને જાફરાબાદ બંને રેન્જના RFO સહીત વનવિભાગનો કાફલો ઘટના સ્થળે દોડયો હતો. લોકોમાં રોષ વધતા જાફરાબાદ મરીન પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. વનવિભાગની એક ટિમ દ્વારા વન્યપ્રાણીનું લોકેશન લેવા કવાયત હાથ ધરવામા આવી છે. મળતી માહિતી મુજબ આ યુવાન બે દિવસથી ગૂમ હોય અને પરિવાર દ્વારા શોધખોળ ચાલુ હતી તે વેળાએ ભકોદર ની બાવળોની કાટમાથી યુવાનના માત્ર અવશેષો મળ્યા હતા સ્થાનિક લોકો ને જાણ થતાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા વનવિભાગ સામે આક્રોશ વ્યકત કર્યો હતો અવારનવાર રહેણાંક વિસ્તારોમાં સાવજોના આંટા ફેરા થી અને આ ઘટના ઘટતા સ્થાનિક લોકો ભયનો માહોલ સર્જાયો છે.

# સરકારી આઈ.ટી.આઈ. દાંતીવાડામાં વિવિધ એન. સી.વી.ટી. કોર્ષમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ

પાલનપુર | સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) દાંતીવાડા દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદી મુજબ આઈ.ટી.આઈ. દાંતીવાડા ખાતે એન.સી.વી.ટી. એફિલિએટેડ વિવિધ ટ્રેડોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાલમાં ચાલુ છે. જેમાં ફીટર, ઈલેક્ટ્રિશિયન, મિકેનિક ડીઝલ એન્જિન, કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ (કોપા) તેમજ વેલ્ડર ટ્રેડનો સમાવેશ થાય છે. પ્રવેશ માટે અરજી કરવાની છેલ્લી તારીખ તા.૨૩/૦૬/૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને સમયમર્યાદામાં અરજી કરી લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.સંસ્થા દ્વારા જણાવ્યા મુજબ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. તથા જનરલ વર્ગના તાલીમાર્થીઓને સરકારશ્રીના નિયમો મુજબ પ્રતિ માસ રૂ.૫૦૦/- સ્ટાઈપેન્ડ, વિનામૂલ્યે બસ પાસ તથા રૂ.૨૦૦૦/- સુધીની ગણવેશ સહાય આપવામાં આવશે. મહિલા તાલીમાર્થીઓને નમોલક્ષ્મી કૌશલ્ય યોજના હેઠળ એક વર્ષના કોર્ષ માટે રૂ.૧૫,૦૦૦/- સુધી તથા બે વર્ષના કોર્ષ માટે રૂ.૨૪,૦૦૦/- સુધીની આર્થિક સહાય મળશે. ઉપરાંત દિવ્યાંગ તાલીમાર્થીઓને માસિક રૂ.૩૦૦૦/- મુસાફરી સહાયનો લાભ પણ આપવામાં આવશે.

# વાવ-થરાદ જિલ્લામાં સરકારી કચેરીઓની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પૂર્વ પરવાનગી વગર ઉપવાસ-ધરણા કરવા પર પ્રતિબંધ

થરાદ | વાવ-થરાદ જિલ્લામાં નાગરિકો કે સંગઠનો દ્વારા પોતાની માંગણીઓ અને રજૂઆતો તરફ ધ્યાન ખેંચવા માટે સરકારી કચેરીઓના પ્રાંગણમાં કે મુખ્ય માર્ગો પર અચાનક અને મનસ્વી રીતે પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ કે ભૂખ હડતાલ જેવા આયોજનો કરવામાં આવતા હોય છે. આવા આયોજનોને કારણે સરકારી કામકાજમાં બાધા ઉભી થાય છે અને કચેરીએ આવતા સામાન્ય અરજદારો તેમજ જનતાને ભારે દુવિધાનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાવ - થરાદ જિલ્લામાં જાહેર સુલેહ-શાંતિ, સંવાદિતા અને સલામતી જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે વાવ-થરાદના જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ક્લ્પેશકુમાર શર્મા (આઈ.એ.એસ.) દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળ એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

# બનાસકાંઠા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કમલેશ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રિ-મોન્સુન કામગીરીની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

પાલનપુર | આગામી ચોમાસાને ધ્યાને લઈને બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મોન્સુન કામગીરીની સમીક્ષા કરવા માટે જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને એક વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી, પાલનપુર ખાતે આયોજિત આ બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે ચોમાસા પૂર્વે રાખવાની થતી જરૂરી સાવચેતી, રાહત અને બચાવ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કમલેશ પટેલે અધિકારીઓને જિલ્લાના માર્ગોનું વહેલી તકે સમારકામ પૂર્ણ કરવા, વરસાદી પાણીના નિકાલની સુચારુ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ ચોમાસા દરમિયાન નાગરિકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટેની તમામ પૂર્વ તૈયારીઓ સમયસર પૂર્ણ કરી લેવા તાકીદ કરી હતી. તેમણે દરેક વિભાગના અધિકારીઓ પાસેથી ચોમાસા પૂર્વેની તૈયારીઓનો અહેવાલ મેળવ્યો હતો. મંત્રીશ્રીએ જર્જરીત કે ભયજનક સરકારી ઈમારતોની ચકાસણી કરવા, ચોમાસામાં વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે વીજપોલની આજુબાજુથી વેલ અને ઝાડી-ઝાંખરા દૂર કરવા, વાહનવ્યવહારના રસ્તાઓ ચકાસવા, કચરો અને કેનાલોની સાફ-સફાઈ કરાવવા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આગોતરું આયોજન કરવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલે બેઠકમાં જણાવ્યું હતું કે, પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત ક્લાસ-૧ અધિકારીઓની નોડલ ઓફિસર તરીકે નિમણૂક કરી દેવામાં આવી છે અને જરૂરી તાલીમ પણ પૂર્ણ થઈ ચૂકી છે.

# વારસાઈ ભૂલના કારણે છેલ્લા ૧૦ વર્ષથી જમીન નામે કરાવવા માટે હેરાન થતી મહિલાને ન્યાય અપાવતી અમરેલી જિલ્લા પોલીસ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

(૧) સને ૨૦૧૧ માં અમરેલી જિલ્લાના વંડા પોલીસ સ્ટેશન વિસ્તારના હિપાવડલી ગામે રહેતા રક્ષાબેન નલિનભાઈ કચ્છીનાઓ સાથે જમીનની વારસાઈ બાબતેનો બનાવ બનેલ.

(૨) જેમો રક્ષાબેનના સસરા રણછોડભાઈએ તેમની હયાતીમાં ૨૦૧૧ માં તેમણે વારસાઇ કરવા માટે કરેલ પેઢીનામમાં તેમના પુત્ર નલિનની જગ્યાએ લલીત લખાવેલ જેથી વારસાઈમાં તેમના પુત્રની વારસાઈમાં નામ ચડેલ નહીં બાદ તેઓને જાણવા મળેલ કે તેમના સસરાએ જે તે સમયે તેમના પતિનું નામ નલિનની જગ્યાએ લલિત લખાવેલ હોય જેથી તેમના પુત્રનું નામ વારસાઈમાં ચડેલ નહી.

(૩) જે અનુસંધાને ફરિયાદી રક્ષાબેન અલગ અલગ કચેરીમાં નામ સુધારવા માટે ગયેલ પરંતુ કાયદાની આંટી ઘૂંટીના કારણે રક્ષાબેનને ન્યાય મળેલ નહી.

(૪) બાદ રક્ષાબેન છેલ્લા દસેક વર્ષથી અલગ અલગ કચેરીના ધક્કા ખાઈને થાકીને અમરેલી જિલ્લાના વંડા પોલીસ સ્ટેશન ખાતે તેમના પતિનું ખોટું નામ ચડાવનાર વિરૂધ્ધ ઠગાઈ અને વિશ્વાસઘાતની અરજી આપેલ.



અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબ નાઓના માર્ગદર્શન અને સુચના હેઠળ વંડા પોલીસ સ્ટેશનના ઇ.ચા.પો. ઈન્સ. શ્રી પી.જે. રામાણી નાઓએ આ અરજી તપાસ કરી, એફ. આઈ. આર. દાખલ કરેલ તેમજ સાવરકુંડલા વિભાગના જે તે વખતના મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી વલય વૈદ્ય નાઓએ આ ગુનાની વિગતો બહુ સારી રીતે સમજી, આ કેસના કાગળો મહેસૂલ વિભાગથી, કૃષિ વિભાગથી જરૂરી પુરાવા મેળવ્યા હતા અને આ પુરાવા આધારે કેસ પણ ચાલી ગયેલ.

(૫) બાદ જિલ્લા કલેકટરશ્રીમાં નામ સુધારવા માટેની રી-અપીલ દાખલ કરવામાં આવેલ. આ કેસના કામે આ જે ખોટી વારસાઈ થયેલ છે તે બાબતે જિલ્લા કલેક્ટર સાહેબશ્રીને રિપોર્ટ કરીને આ રક્ષાબેનને જે વારસાઈનો પ્રશ્ન છે તે નિકાલ કરવા માટે જિલ્લા પોલીસે એક ભલામણ પણ કરી હતી અને એના ભાગરૂપે જિલ્લા કલેક્ટર સાહેબશ્રીનાઓએ આ જે વારસાઈનો હુકમ હતો આમાં સુધારો કરીને, આ રક્ષાબેનની જે હિસ્સાની ૧૧ વીઘા જમીન હતી જે જમીનના વારસાઈના તમામ હક્કો પરત મળેલ. આ રક્ષાબેનની રી-અપીલ દાખલ કરનાર વકીલશ્રી પરેશભાઈ તળાવીયાનાઓએ પણ આ બેન પાસેથી કોઈ પણ જાતની ફી નહી લઈ હક્કો પરત અપાવવામાં પુરતો સહકાર આપેલ છે.આમ અમરેલી જિલ્લા પોલીસ અને અમરેલી કલેકટરશ્રીના સંકલન અને ટીમ વર્કના કારણે છેલ્લા દસેક વર્ષથી હેરાન થતા મહિલા ફરીયાદીને ન્યાય મળેલ. અમરેલી જિલ્લાના પોલીસ અને પ્રજા વચ્ચે, અને અન્ય મહેસૂલ વિભાગ તથા અન્ય વિભાગ છે સૌના સહકારના ભાગરૂપે આ ફરિયાદી બેનને ન્યાય મળવા માટે પ્રયત્ન કરેલા છે તે માટે અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબ નાઓએ બિરદાવેલ છે અને ભવિષ્યમાં પણ આ પ્રકારના કોઈપણ કેસમાં વ્યાજખોરીના કેસ, જમીન વારસાઈના કેસ, છેતરપિંડીના કેસ છે તે બાબતે કોઈને પણ કોઈ પણ ફરિયાદ હોય, જિલ્લા પોલીસ બહુ સંવેદનશીલતાથી જે પણ ભોગ બનનાર છે એને મદદરૂપ થવા માટે જિલ્લાના સમગ્ર તંત્ર કાર્યરત છે અને અમરેલી પોલીસ એ જ રીતે ભવિષ્યમાં પણ કામ કરશે.

# મહાનગરપાલિકા, જૂનાગઢની ફૂડ શાખા દ્વારા ગરમીની સિઝનમા સઘન ફૂડ ચેકિંગ.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭. ૧૫-મે થી ૨૫-મે-૨૦૨૬ દરમિયાન ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ, 2006 હેઠળ જુનાગઢ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા ઉનાળાની સીઝન ને ધ્યાનમા રાખી ખાસ ચકાસણી અને જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન શહેરના વિવિધ વિસ્તારના કુલ 15 આઈસ ગોલાના, ૧ કેરીના રસ તેમજ 11 આઈસક્રીમ/શ્રીખંડના ઉત્પાદક/વિક્રેતા પેઢીમાં તપાસ કરવામાં આવી હતી. ખાદ્ય વ્યવસાયકારોને સ્વચ્છતા જાળવવા, ગુણવત્તાયુક્ત કાચા માલનો ઉપયોગ કરવા તથા ખાદ્ય સુરક્ષા ધોરણોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત રજિસ્ટ્રેસન ના કરાવેલ હોય તેવા ૬ આઈસ ગોલા ના સ્ટ્રીટ વેન્ડરો ને સમજ આપી સ્થળ પર રજિસ્ટ્રેસન કરાવ્યા.આ ઉપરાંત વખતો વખત વડી કચેરી ગાંધીનગર તરફથી આપવામા આવતી ડ્રાઈવોમાની પનીર ડ્રાઈવના અનુસંધાને શહેર ના વિવિધ વિસ્તાર જેમકે ઝાંઝરડા રોડ, ચોબારી રોડ, મધુરમ તેમજ રાજકોટ રોડ પર આવેલા રેસ્ટોરંટો, હોટલો તેમજ ઢાબા એમ મળી કુલ ૧૭ પેઢીમા જઈ



ગ્રાહક જાગૃતિ માટે જરૂરી પનીર ડિસ્પ્લે બોર્ડ ફરજિયાત રીતે લગાવવામા આવ્યા.

## રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા અને રાજ્યમંત્રીશ્રી કૌશિક વેકરીયાએ જૂનાગઢ જિલ્લાની પ્રિ -મોન્સૂન કામગીરીની સમીક્ષા કરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭ રાજ્યના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને ઉર્જા રાજ્ય મંત્રી તથા સહ પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ આજે જિલ્લા આયોજન મંડળની બેઠક પૂર્ણ થયા બાદ વર્ચ્યુઅલી જિલ્લાની પ્રિ- મોન્સૂનની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

પ્રભારી મંત્રીશ્રી પ્રદ્યુમન વાજાએ પ્રિ- મોન્સૂનની કામગીરીની સમીક્ષા કરતા આગામી ચોમાસામાં સંભવત પૂર, વાવાઝોડા વગેરે આપત્તિમાં લોકો અને તેમના જાન માલને નુકસાન ન થાય તે પ્રકારે પૂર્વ તૈયારીઓ રાખવા સૂચના આપી હતી. ઉપરાંત આપત્તિની સ્થિતિમાં લોકોના સ્થળાંતરની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા પણ નિર્દેશ આપ્યા હતા. આ સાથે રાહત બચાવની કામગીરી અસરકારક રીતે થઈ શકે તે માટે મોકડ્રીલ યોજવા પણ સૂચન કર્યું હતું. સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ ભારે વરસાદની સ્થિતિમાં પૂર નિયંત્રણ થઈ શકે તે માટે પાણીની આવક -જાવક પર જરૂરી આયોજન કરવા પર ભાર આપ્યો હતો. ઉપરાંત માર્ગોની બંને બાજુ નડતરરૂપ જાડી જાખરાઓ દૂર કરવા પણ સૂચના આપી હતી. પૂર્વ તૈયારીઓના ભાગરૂપે સરકારી મકાનો સહિતની ઈમારતોની ચકાસણી પૂર્ણ કરવા માટે નિર્દેશ આપ્યા હતા. જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીએ સમયાંતરે સમીક્ષા કરીને પ્રિ - મોન્સૂનની કામગીરીને વધુ અસરકારક બનાવવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

## રાજ્યના કેબિનેટ અને જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠકમાં રૂ. ૧૯.૩૧ કરોડના ૬૩૧ વિકાસ કામો મંજૂર

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭ રાજ્યના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા ના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠકમાં અંદાજે રૂપિયા ૧૯.૩૧ કરોડના ૬૩૧ કામોને મંજૂરી આપવામાં આવી છે. જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી સાથે ઉર્જા રાજ્ય મંત્રીશ્રી તથા જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાની વર્ચ્યુઅલી ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં ૮ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧૩.૭૩ કરોડના ૪૮૩ કામોને મંજૂરી આપવામાં આવી છે, જિલ્લાની ૭ નગર પાલિકા પૈકી ૫ નગરપાલિકાના રૂ. ૨.૦૭ કરોડના વિકાસકામોને મંજૂરી આપવામાં આવી છે, વર્ષ ૨૦૨૪-૨૫ના ૮૭- વિસાવદર ધારાસભ્યના ફંડમાંથી રૂ.૧.૪૩ કરોડના કુલ - ૫૨ કામોને મંજૂરી આપવામાં આવી છે. ઉપરાંત અન્ય બચત રકમના વિકાસ કામોને પણ આ બેઠકમાં બહાલી આપવામાં આવી હતી. પ્રભારી મંત્રીશ્રી ડો. પ્રદ્યુમન વાજાએ મંજુર થયેલા વિકાસ કામો ઝડપભેર પૂર્ણ થાય તે માટે વિકાસ કામોને પૂર્ણ કરવાની સમય અવધી નક્કી કરવા માટે પણ સ્પષ્ટ સૂચના આપી હતી. ઉપરાંત પ્રગતિ હેઠળના કામો પણ સમયસર પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જન સુવિધા અને જનસુખાકારીને વેગ આપતા કામોમાં સીસી રોડ, ગટર, પેવર બ્લોક, સ્ટ્રીટ લાઈટ નાળા પુલિયા, સબમર્સીબલ મોટર સાથે બોર, કોમ્યુનિટી હોલ, રેન બસેરા વગેરે કામોનો સમાવેશ થાય છે.જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીએ પ્રભારી મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી વિક્રાંત પાંડેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને જિલ્લા આયોજન મંડળની બેઠકની પૂર્વ ભૂમિકા આપી હતી. આ બેઠકમાં વર્ચ્યુઅલી મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી વિક્રાંત પાંડેએ જૂનાગઢવાસીઓ માટે ટ્રાફિકની સમસ્યા માટે કારણરૂપ રેલવે ક્રોસિંગ દૂર થાય તે માટે નવું ગ્રોફેડ વિસ્તારમાં રેલ્વે સ્ટેશન ખસેડવાની મંજૂરી આપવામાં આવી છે, તેની વિગતો આપી હતી. મહાનગરપાલિકા સહિતના તંત્ર સાથે સંકલન કરીને ઝડપથી કામ પૂર્ણ થાય તે માટે પણ જરૂરી માર્ગદર્શન કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા આયોજન અધિકારીશ્રી આર.એમ. ગંભીરે પ્રેઝન્ટેશનના માધ્યમથી વિકાસ કામોના આયોજનની વિગતો આપી હતી.આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન વિપુલભાઈ કાવાણી, મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા, વર્ચ્યુઅલી ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠિયા, શ્રી અરવિંદભાઈ લાડાણી, ગોપાલભાઈ ઈટાલીયા, જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનરશ્રી પ્રભવ જોશી, જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરા, નાયબ વન સંરક્ષકશ્રી અક્ષય જોશી, નિવાસી અધિક કલેકટર સુશ્રી બી. એસ. બારડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી પી.એ.જાડેજા, શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલીયા તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત તાલુકા નગરપાલિકાના અધિકારી પદાધિકારીઓ પણ વર્ચ્યુઅલી આ બેઠકમાં જોડાયા હતા.

## જામનગર જીલ્લાના ખીમરાણા ગામે ઇંગ્લીંશ દારૂના ચપટા નંગ-૪૭૦૪ કિ.રૂ.૭,૦૫,૬૦૦/- તથા ઇંગ્લીંશ દારૂની હેરાફેરીમાં ઉપયોગ કરેલ ઈનોવા કાર કિ.રૂ.૪,૦૦,૦૦૦/-મળી કુલકિ.રૂ.૧૧,૦૫,૬૦૦/-ના મુદામાલ પકડી પાડતી જામનગર પંચકોષી એ ડીવીઝન પોલીસ



વિશાલ જે હરવરા જામનગર

પંચકોષી એ ડિવી.પો.સ્ટે.ના પો. ઈન્સ. એમ.એન.શેખ પંચકોષી 'એ' ડિવી. પો.સ્ટે.ના સ્ટાફના માણસોને પ્રોહી જુગારના વધુમા વધુ કેશો શોધી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બીંગ ના.રા પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પો.સબ ઈન્સ. એ.આર.પરમાર તથા એ.એસ.આઈ નિર્મળસિંહ બી. જાડેજા તથા પો.હેડ કોન્સ. ચેતનભાઈ આર.ઘાઘરેટીયા તથા પો.કોન્સ. હરદેવસિંહ એમ. ઝાલા તથા કમલેશભાઈ એ. ખીમાણીયા તથા સંદિપભાઈ સી. પરમાર નાઓને સંયુક્ત રીતે બાતમી રાહે હકિકત મળેલ કે એક ઈસમ ટોયટા કંપનીની ઇનોવા કાર રજી નંબર GJ 10 BG 3234 માં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને ફલ્લા તરફથી આવી રહેલ છે અને ખીજડીયા બાયપાસ તરફ જવાની હોય જે અનુસંધાને પોલીસ સ્ટાફના માણસો વોચ તપાસમાં હોઈ જે દરમ્યાન ઉપરોક્ત નંબરની ઈનોવા કાર ફલ્લા તરફથી આવતી જોવામા આવતા તુરંતજ તેને ખાનગી આડશ ઉભી કરી રોકવા ઈશારો કરતા કારના ચાલકે કાર રોકેલ નહિ અને કાર ચાલકએ પોતાની કબ્જાની કારને ફુલ સ્પીડમાં ચલાવી નાસી ગયેલ જેથી અમો તેનો પીછો કરતા આ કાર ચાલક પોતાની કાર ખીમરાણા ગામની સરકારી શાળાની પાછળના રસ્તે દિવાલ સાથે કાર અથડાઈ જતાં કાર મુકી નાશી જતા સદરહુ ઈનોવાકારની ઝડતી તપાસ કરતા કારમાંથી ભારતીય બનાવટની અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીંશ દારૂના ચપટા નંગ-૪૭૦૪ કિ.રૂ.૭,૦૫,૬૦૦/-તથા દારૂના જથ્થામાં ઉપયોગમાં લીધેલ ટોયોટા કંપની ની ઈનોવા કાર જેના રજી. નંબર GJ 10 BG 3234 જેની કિ. રૂ.૪,૦૦,૦૦૦/-મળી કુલ કિ.રૂ. ૧૧,૦૫,૬૦૦/-ના મુદામાલ તથા આરોપી નાશી જઈ મજકુર આરોપી વિરૂધ્ધમાં પો.સબ.ઈન્સ એ.આર. પરમાર નાઓએ ફરીયાદ રિપોર્ટ આપતા પો.ઈન્સ. એમ.એન.શેખ નાઓએ પ્રોહિબીશન ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## ડીસા બનશે કળા અને સંસ્કૃતિનું નવું કેન્દ્ર: રૂા.૨૧ કરોડના ખર્ચે 'અર્બન હાટ'નું ખાતમુહૂર્ત કરતા મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી અને મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર

### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'સ્વદેશી વસ્તુઓ અપનાવવાના' સપનાને સાકાર કરવાની દિશામાં અર્બન હાટ એક મહત્વપૂર્ણ કદમ:- મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર

### પરંપરાગત હસ્તકલાઓ જેવી કે પેચવર્ક, પટોળા વણાટ, ટાંગલીયા વણાટ, માતાની પછેડી, શાલ, મોતીકામ, ભરતકામ અને ટેરાકોટાના કારીગરો માટે આશીર્વાદરૂપ બનશે આ અર્બન હાટ

પાલનપુર | બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય વ્યાપારી મથક અને અંદાજે ૩ લાખથી વધુ વસ્તી ધરાવતું ડીસા શહેર હવે માત્ર વેપાર પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ તે કળા અને સંસ્કૃતિનું પણ એક મોટું કેન્દ્ર બનશે. ભારત સરકાર અને ગુજરાત સરકારના 'વોકલ ફોર લોકલ', 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવા માટે ડીસા ખાતે ભવ્ય 'અર્બન હાટ'ની સ્થાપના કરવાની મંજૂરી આપવામાં આવી હતી. રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી તથા ખાદી, કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરે ડીસા ખાતેથી આ ભવ્ય 'અર્બન હાટ'નું ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીઓએ નાગરિકો સાથે મળીને વિધિવત રીતે આ શુભ કાર્ય સંપન્ન કર્યું હતું અને ટૂંક સમયમાં જ આ કામગીરી પૂર્ણ કરીને તેને જનતા માટે ખુલ્લું મૂકવાની કટિબદ્ધતા દર્શાવી હતી.ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, આશરે ૨૧ કરોડના ખર્ચે બનવા જઈ રહેલું આ નવીનીકરણવાળું અર્બન હાટ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'સ્વદેશી વસ્તુઓ અપનાવવાના' સપનાને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્થાનિક વિસ્તારના કલાકારો સ્વદેશી વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ એક જ જગ્યાએ કરી શકશે, જેનાથી તેમને રોજગારીની શ્રેષ્ઠ તકો મળશે. તેમણે જણાવ્યું કે, આ હાટના માધ્યમથી મોટી સંખ્યામાં લોકો જોડાશે, જેનાથી સ્થાનિક લોકોને આર્થિક રીતે પગભર થવામાં મોટી મદદ મળશે અને સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસને નવી ગતિ મળશે. આ અર્બન હાટ બનાસકાંઠા જિલ્લાની પ્રસિદ્ધ અને પરંપરાગત હસ્તકલાઓ જેવી કે પેચવર્ક, પટોળા વણાટ, ટાંગલીયા વણાટ, માતાની પછેડી, શાલ, મોતીકામ, ભરતકામ અને ટેરાકોટાના કારીગરો માટે આશીર્વાદરૂપ બનશે અને તેમને પોતાનું હકનું બજાર પૂરું પાડશે. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ, ગ્રામીણ કલાકારોની વર્ષોની તપસ્યા અને અજોડ કૌશલ્યને વૈશ્વિક સ્તરે પહોંચાડવા માટે આ પ્રોજેક્ટ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપતી આવી સુંદર વ્યવસ્થા ઊભી કરવા બદલ મંત્રીશ્રીઓએ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકના કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા અંદાજે રૂા. ૨૧.૦૦ કરોડના ખર્ચે આ અત્યાધુનિક પ્રોજેક્ટનું નિર્માણ હાથ ધરવામાં આવશે, જે સમગ્ર વિસ્તાર માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.ડીસા શહેર ભૌગોલિક રીતે વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે, જ્યાં સ્થાનિક જનતા ઉપરાંત પડોશી રાજ્ય રાજસ્થાનથી પણ મોટી સંખ્યામાં ગ્રાહકો ખરીદી માટે આવે છે. આ વધતી માંગ અને બજારની ક્ષમતાને ધ્યાનમાં રાખીને હસ્તકલાના કારીગરોને કાયમી પ્લેટફોર્મ પૂરું પાડવા માટે અહીં અર્બન હાટની આવશ્યકતા ઊભી થઈ હતી. આ આધુનિક હાટમાં કારીગરો અને મુલાકાતીઓની સગવડતા માટે પાકા સ્ટોલ, સ્વાદિષ્ટ વાનગીઓ માટે ફૂડ સ્ટોલ, મલ્ટીપર્પઝ હોલ, રહેવા માટે ડોરમેટરી અને વિશાળ પાર્કિંગ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## વિસાવદર તાલુકામાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત કેન્દ્ર સંચાલકોની ભરતી માટે અરજી પ્રક્રિયા શરૂ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭. વિસાવદર તાલુકામાં મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વિવિધ પ્રાથમિક શાળાઓમાં કેન્દ્ર સંચાલકની ખાલી જગ્યાઓ સરકારશ્રીએ નિયત કરેલ માસિક ઉચ્ચક માનદવેતનથી ખંડ સમય માટે હંગામી ધોરણે ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. વિસાવદર તાલુકાની ચાર પ્રાથમિક શાળાઓ જેમાં નાની પીંડાખાઈ,દેસાઈ વડાળા,ગોવિંદપરા,ઈશ્વરીયા માંડાવડ ઉપરોક્ત કેન્દ્રોમાં ખંડ સમય માટે હંગામી ધોરણે ભરતી કરવામાં આવશે. ઉમેદવારી કરવા ઈચ્છુક ઉમેદવારોએ મામલતદાર કચેરી, મધ્યાહન ભોજન યોજના શાખા, વિસાવદરનો સંપર્ક કરી જરૂરી આધાર- પુરાવા સાથે અરજી રજૂ કરવાની રહેશે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા-માણાવદરમાં પ્રવેશસત્ર-૨૦૨૬ માટે એડમિશન પ્રક્રિયા શરૂ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૭. રાજ્ય સરકારના રોજગાર અને તાલીમ વિભાગ હસ્તકની ઔદ્યોગિક તાલીમ સંસ્થા-માણાવદર ખાતે પ્રવેશસત્ર-૨૦૨૬ અંતર્ગત એડમિશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આઈ.ટી.આઈ.માં કારકિર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે વિવિધ વ્યવસાયલક્ષી ટ્રેડમાં પ્રવેશ મેળવવાની ઉત્તમ તક ઉપલબ્ધ બની છે. સંસ્થામાં હાલ ઈલેક્ટ્રીશિયન, વાયરમેન, ફિટર, મિકેનિક ડીઝલ, કોમ્પ્યુટર તથા સુઈંગ એન્ડ ટેકનોલોજી જેવા ટ્રેડમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. સંબંધિત ટ્રેડ માટે ધોરણ ૮ થી ૧૦ પાસ ઉમેદવારો અરજી કરી શકશે. રસ ધરાવતા ઉમેદવારો તથા વાલીઓને જરૂરી દસ્તાવેજો સાથે ઔદ્યોગિક તાલીમ સંસ્થા-માણાવદર ખાતે રૂબરૂ સંપર્ક કરી એડમિશન પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડ માટે ફોર્મ રજિસ્ટ્રેશન કરવાની છેલ્લી તા. ૨૩/૦૬/૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. વધુ માહિતી માટે ઉમેદવારોને સંસ્થા ખાતે સંપર્ક સાધવા સૂચન કરવામાં આવ્યું છે.

## જૂનાગઢ જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની નવી ૩ યોજનાઓ અમલમાં: આઈ-ખેડૂત પોર્ટલ પર ૧૯ જૂન સુધી અરજી કરી શકાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૭ વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયત ખાતાની નવી ત્રણ યોજના સરકારશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવી છે. બહુસ્તરીય પધ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ, રાઈઝોમેટીક (આદુ,હળદર) પાકોને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ તથા ફળ પાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ. આ ત્રણ યોજનાઓનો લાભ મેળવવા માટે જિલ્લાના ખેડુતો માટે તા. ૧૯/૦૬/૨૦૨૬ સુધી આઈ ખેડૂત પોર્ટલ (I- Khedut) ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૨૬-૨૭ આઈ-ખેડુત પોર્ટલ ૨.૦ પર નોંધણી કરેલ તેમજ નવા નોંધણી થનાર ખેડૂતોએ પોતાનુ આધાર ઓથેન્ટિકેશન ફરજીયાત કરવાનુ રહેશે ત્યાર બાદ જ ઓનલાઈન અરજી કરી શકશે. તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળ અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રીન્ટ લઈ ખેડુતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે.

# અંતે સાતમા દિવસે અક્ષરાએ મેસેજમાં વધારે શબ્દો વેડફ્યા વગર...

..બોલ કોણ છું? અક્ષરા.. અક્ષરા એ અજાણ્યા નંબર પરથી આવેલ મેસેજ જોતા જ વિચારવા લાગી કે કોણ છે આ? જો જવાબ આપ્યો તો એ મને એની વાતમાં ફસાવી દેશે ને મારા જ મોઢે થી બોલાવશે કે એ કોણ છે?.. અક્ષરા એ સતત સવાર થી સાંજ સુધી આવતા મેસેજ પર બેત્રણ દિવસ ધ્યાન આપ્યું નહિ. પ્રથમ વિચાર નંબર બ્લોક કરી દેવાનો હતો પરંતુ મનોમન કુતૂહલ જાગ્યું કે કોણ છે? જાણવો પડશે..સતત ત્રણ દિવસ કોણ છું? હું નો મેસેજ કર્યા કરતા યુગ ને જવાબ ના આપ્યો એટલે યુગ એ લાસ્ટ મેસેજ વાંચી ને પ્લીઝ અક્ષરા મને મારા મેસેજ નો જવાબ આપજે...હું યુગ તને ખાસ મળવા માટે યુ. એસ થી ભારત આવ્યો છું.. ..

અંતે સાતમા દિવસે અક્ષરા એ મેસેજ માં વધારે શબ્દો વેડફ્યાવગર ટુંક માં લખ્યું કોણ યુગ? મારી લાઈફ માં યુગ નામની વ્યક્તિ આવી જ નથી...યુગ એ જવાબ માં લખ્યું કે ખોટું બોલે છે તારા હદય ને પૂછ એ તને સાચો જવાબ આપશે..હું તારા હદય ના પ્રત્યેક ધબકારા માં ધબકતો તારો એક માત્ર યુ.એસ નો વિખૂટો પડી ગયેલ પ્રેમી...યાદ કરીશ તો જરૂર થી યાદ આવશે જાનેમન, યાદ કર રેસ્ટોરન્ટ માં જમ્યા બાદ બિલ ચૂકવનાર,વ્હિસ્કી ની બે બોટલ એક વાર માં ગળા નીચે ઉતર્યા બાદ બેહોશ થયેલ તમને આશરો આપનાર યુગ,બીજે દિવસે ભાન માં આવ્યા બાદ ઘર ડ્રોપ કરનાર યુગ....અક્ષરા એ લખ્યું કે લાઈફ માં યુ.એસ જોયું નથી ને યુ. એસ ગઈ હોવ તો જોવ ને..સોરી!!!તમે પરેશાન થયા,ઈન્ડિયા ની બહાર ક્યાંય ગઈ જ નથી.તમારી સમજવા માં ભૂલ થઈ હોઈ શકે. મારું નામ અક્ષરા છે પણ તમારી યુ. એસ ની ફ્રેન્ડ હું નથી..યુગ મનોમન સમજી ગયો ને લખ્યું કે કેન આઈ વિડિયો કોલ? અક્ષરા એ કહ્યું નો ...નોટ નીડ,મને તમારા સાથે વાત કરવા માં રસ નથી. યુગ એ મનમાં ધીરજ જાળવીને લખ્યું કે

'સાગર ના મોજા ને દોડવું તો ઘણું દૂર છે,
પણ કિનારે જાતે જ પાળ બાંધી દીધી છે.'

અક્ષરા એ લખ્યું:

'દશા એ સાગર ની જોઈને અશ્રુ વહ્યા ઘણા પણ,
પાછા ફરી ને સમાઈ ગયા એ સમદ્રના મોજમાં ત્યાં,'

યુગ ને ખાતરી થઈ ગઈ કે આ કાવ્યની પંક્તિ માત્ર ને માત્ર એ એક અક્ષરા જ જાણતી હતી.લખ્યું ત્યારે અક્ષરા ને ખૂબ ગમ્યું હતું એટલે તો આ કાવ્ય પ્રકાશિત કર્યું નહતું.મારી એ ખિલખિલાટ કરતી અક્ષરા તને ઓળખી ગયો છું પરંતુ તને શું થયું છે? મને ઓળખવા ની ના કેમ પાડે છે? ઓનલાઈન ચેટ કરતા પ્રેમ થયો હતો ને એ બાદ ઘણા સમય સુધી સાથે ફરતા હતા.કેટ કેટલીય રાતો અને દિવસો અક્ષરા તે મારી સાથે વિતાવી છે. બન્ને એકબીજા ને હદ કરતા પણ વધારે પ્રેમ કરતા હતા..અચાનક એક દિવસ એ અક્ષરા નો ફોન આવ્યો કે ઈન્ડિયા જાવ છું .. પૂછ્યું તો એનો જવાબ હતો કે દાદાજી ખૂબ બીમાર પડી ગયા છે એટલે પપ્પા મમ્મી સાથે ઈન્ડીયા જાવ છું. દાદાજી નું એક માત્ર સંતાન પપ્પા છે, બીમારી લાંબી ચાલે એમ છે...સોરી યુગ!!ઈન્ડીયા થી પરત ફરતા જ કોલ કરીશ..



મિટ માય વાઈફ
- રુપાલી દવે

અક્ષરા ના વિચારો માં યુગ ખોવાયેલો હતો ત્યાં જ એની કેબિન માં એની કંપની નાં મેનેજર હેડ કેવલ એ દાખલ થયો. યુગ એ કેવલ ને કહ્યું કે અમદાવાદ પ્રથમ વખત આવ્યો છું વિક એન્ડ માં સોમનાથ અને દ્વારકા જવાની ઈચ્છા છે.યુ.એસ થી નીકળ્યો ત્યારે મોમ એ ફોર્સ કરીને કીધું હતું કે દ્વારિકા અને સોમનાથ જવું જ પડશે. કેવલ એ બોસ ને કહ્યું કે સારી વાત તો છે સોમનાથ અને દ્વારિકા જવું જ જોઈએ.પરંતુ સર,આપ આટલા વર્ષો બાદ અમદાવાદ ની મુલાકાતે આવ્યા જ છો તો મારા ઘરની પણ મુલાકાત પણ આપને યોગ્ય લાગે તો અચૂક લેશો. તાજ હોટેલ જેવું ભોજન નો ટેસ્ટ મળવો મુશ્કેલ છે પરંતુ મારી વાઈફ રસોઈ બનાવવા ખૂબ નિષ્ણાંત છે. યુગ એ કેવલ સામુ જોયું ને કહ્યું ચોક્કસ,અચૂક તમારે ત્યાં ડિનર માટે આવીશ.કેવલ એ સ્મિત ફરકાવી ને કહ્યું સર,તો નક્કી રહ્યું કે આજ આપ મારા ઘરે ડિનર માટે આવો છો ને વિક એન્ડ માં હું તમને સોમનાથ અને દ્વારિકા ના દર્શન એ લઈ જઈશ..

યુગ એ કેવલ ના આમંત્રણ ને સ્વીકારતા વિચાર્યું કે યુ.એસ થી આટલા દૂર અમદાવાદ ખાસ અક્ષરા ને ઈન્ડિયા મળવા આવ્યો હતો અને મળીને સાથે યુ એસ પરત લઈ જવાની ઈચ્છા હતી પરંતુ બન્ને માંનું એકપણ મનનું ના થયું.કેવલ ના ઘરે જઈશ તો કમ સે કમ અમુક કલાક તો અક્ષરા મગજ માંથી વિસરી શકીશ.ત્યાં જઈશ તો મનમાં રહેલ અક્ષરા ને ના મળવાનો બોજ પણ ઓછો થશે..

......ખાસ બેત્રણ બિઝનેસ મિટિંગ પૂરી થતા જ યુગ તાજ હોટેલ માં જવા હોટેલ ની કાર માં નીકળી ગયો. રાત્રિ ના નવ વાગ્યે કેવલ ના ઘરે ડિનર ફિક્સ થયું હતું એટલે યુગ એ શાવર લઈને બ્લુ ચેકસ નું શર્ટ અને બ્લ્યુ જીન્સ માં સજ્જ થયો. વિદેશી પરફ્યુમની મહેક યુગ ના શરીર માંથી ધીમી ધીમી પ્રસરી રહી હતી. એકઝેટ રાત્રે ૯ વાગ્યે હોટેલ ના રિસેપ્શન પર થી રિસેપ્શનિસ્ટ નો ફોન આવ્યો કે સર,આપના માટે કાર આવી ચૂકી છે, યુગ કાર ની પાછલી સીટ પર બેસી ગયો. પુર ઝડપે કાર ને ડ્રાઈવર એ પ્રહલાદ નગર એરિયા થી આંબાવાડી વિસ્તાર તરફ ઝડપ થી હંકારી લીધી.

વોશિંગ્ટન મધ્યપૂર્વમાં શાંતિ સ્થાપવાના વૈશ્વિક પ્રયાસો વચ્ચે એક ચોંકાવનારા લશ્કરી ઘટનાક્રમમાં અમેરિકાનો હોર્મુઝ નજીક સૈન્ય પોર્ટ પર હુમલો થતાં સમગ્ર વિસ્તારમાં ભારે તણાવ વ્યાપી ગયો છે. એકબાજુ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે ઐતિહાસિક શાંતિ કરાર ખૂબ જ નજીક હોવાના દાવા કરી રહ્યા છે, ત્યારે બીજીબાજુ તેમના જ લશ્કરે ઈરાનના વ્યૂહાત્મક અબ્બાસ બંદર અને હોર્મુઝ જળડમરુમધ્ય નજીક ભીષણ મિસાઈલ મારો ચલાવ્યો છે. આ અણધાર્યા સૈન્ય પ્રહારોના કારણે ઈરાનના ચાર સૈનિકોના મોત થયા હોવાની સત્તાવાર પુષ્ટિ ઈરાનની સ્થાનિક પ્રસારણ સેવાઓ દ્વારા કરવામાં આવી છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે આ હુમલાને સંપૂર્ણપણે 'સ્વબચાવ'માં લેવાયેલું પગલું ગણાવ્યું છે. તેમનો દાવો છે કે ઈરાનનું લશ્કર અરબની ખાડીના આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં દરિયાઈ સુરક્ષાને જોખમાવતી માઈન્સ ગોઠવી રહ્યું હતું, જેના કારણે અમેરિકન સૈનિકોની સુરક્ષા કાજે આ મર્યાદિત કાર્યવાહી કરવી અનિવાર્ય બની હતી. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલામાં ઈરાનની મિસાઈલ લોન્ચિંગ સાઈટ્સ અને લશ્કરી બોટોને સીધું નિશાન બનાવવામાં આવ્યું છે, જેના વળતા પ્રહાર તરીકે ઈરાને પોતાની તમામ એર ડિફેન્સ સિસ્ટમને હાઈ એલર્ટ પર મૂકી દીધી છે. બીજી તરફ, આ સૈન્ય અથડામણથી રાજદ્વારી મોરચે મોટી ગૂંચવણ ઊભી થઈ છે. જ્યારે ટ્રમ્પ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઈરાન સાથેની વાટાઘાટો યોગ્ય દિશામાં જઈ રહી હોવાના સંદેશા વહેતા કરી રહ્યા છે, ત્યારે આ આકસ્મિક હુમલાએ ઈરાનને નારાજ કર્યું છે.

# બુદ્ધના મુખ્ય શિષ્યોનો પવિત્ર વારસો અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનના પવિત્ર અવશેષો આજે કેમ મહત્વપૂર્ણ છે?

બુદ્ધના બે મુખ્ય શિષ્યો - અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાન - ના પવિત્ર અવશેષોને ભારતીય વાયુસેના (IAF) ના વિશેષ વિમાન દ્વારા મંગોલિયા લઈ જવામાં આવશે, જ્યાં 1 થી 10 જૂન સુધી ઉલાનબતારના ગંદન મઠ ખાતે તેને જાહેર દર્શનાર્થે રાખવામાં આવશે.



ભારત અને થાઈલેન્ડ દ્વારા આયોજિત 2024ના પ્રદર્શન દરમિયાન થાઈલેન્ડના ઉબોન રત્ચાથાનીમાં સ્થાપિત કરવામાં આવેલા બુદ્ધ અને તેમના મુખ્ય શિષ્યો અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનના પવિત્ર અવશેષો. બે હજારથી વધુ વર્ષોથી, બૌદ્ધ જગતમાં અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનના નામ અત્યંત આદરણીય સ્થાન ધરાવે છે. ગૌતમ બુદ્ધના બે મુખ્ય શિષ્યો તરીકે, તેઓ માત્ર બુદ્ધના સૌથી નજીકના આધ્યાત્મિક સાથી જ નહોતા, પરંતુ બુદ્ધના જ્ઞાનપ્રાપ્તિ ધમ્મના મુખ્ય રક્ષક અને પ્રચારક પણ હતા.બૌદ્ધ પરંપરા અનુસાર, સારિપુત્ત અને મહામોગ્ગલ્લાનનો જન્મ વર્તમાન નાલંદા નજીક મગધ ક્ષેત્રના પાડોશી ગામોમાં એક જ દિવસે થયો હતો. સારિપુત્તનો જન્મ ઉપતિસ્સા ગામમાં થયો હતો, જ્યારે મહામોગ્ગલ્લાનનો જન્મ કોલિતા ગામમાં થયો હતો. બાળપણથી જ મિત્રતાના બંધનમાં બંધાયેલા આ બંને જિજ્ઞાસુઓએ આખરે પરમ સત્યની શોધમાં સાથે મળીને સંસારનો ત્યાગ કર્યો હતો. તેમની આધ્યાત્મિક યાત્રા બુદ્ધના શરણમાં આવીને પૂર્ણ થઈ, જ્યાં તેઓ પ્રારંભિક સંઘના બે સૌથી પ્રતિષ્ઠિત સભ્યો તરીકે ઝડપથી ઉભરી આવ્યા.



બુદ્ધના શિષ્ય તરીકે સારિપુત્ત અને મહામોગ્ગલ્લાનના દીક્ષા ગ્રહણનું દૃશ્ય, જે 20મી સદીના પ્રારંભિકાળની દિલ્હી પ્રદેશની કોતરણીવાળી હાથીદાંતની કલાત્મક કૃતિમાં દર્શાવવામાં આવ્યું છે, હાલમાં નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સંરક્ષિત છે

સંસ્કૃતમાં સારિપુત્ત તરીકે જાણીતા સારિપુત્ત, બુદ્ધિ અને સિદ્ધાંતોના વિશ્લેષણના પરમ ગુરુ તરીકે પ્રખ્યાત થયા. બૌદ્ધ ગ્રંથો તેમને "અસાધારણ બૌદ્ધિક સ્પષ્ટતા" અને "ચોકસાઈ તેમજ કરુણા સાથે ઉપદેશો સમજાવવાની અજોડ ક્ષમતા" ધરાવતા હોવાનું વર્ણવે છે. તેમણે મઠના શિસ્તની દેખરેખ રાખી, ધ્યાન પદ્ધતિઓનું માર્ગદર્શન કર્યું અને સ્વતંત્ર રીતે સાધુઓને દીક્ષા આપવા માટે અધિકૃત થયેલા પ્રથમ શિષ્ય બન્યા. બુદ્ધના પુત્ર રાહુલને બુદ્ધના સીધા નિર્દેશ પર સારિપુત્ત દ્વારા નવદીક્ષિત સાધુ (સામણેર) તરીકે દીક્ષા આપવામાં આવી હતી. તેમના નેતૃત્વ અને ધમ્મ પરના પ્રભુત્વને કારણે, બુદ્ધે તેમને "ધમ્મના સેનાપતિ" (ધમ્મ સેનાપતિ) નું બિરુદ આપ્યું હતું. થેરવાદ બૌદ્ધ પરંપરા અનુસાર, જ્ઞાનપ્રાપ્તિ પછી, બુદ્ધે તાવતિંસા સ્વર્ગમાં દેવોને અભિધમ્મનો ઉપદેશ આપ્યો હતો, જેમાં તેમના માતા પણ સામેલ હતા જેમનો ત્યાં પુનર્જન્મ થયો હતો. આ સમયગાળા દરમિયાન, બુદ્ધ દરરોજ ટૂંકા સમય માટે માનવ લોકમાં પાછા ફરતા હોવાનું કહેવાય છે, જ્યાં તેઓ સારિપુત્ત સમક્ષ તે ઉપદેશોનો સારાંશ રજૂ કરતા હતા, અને ત્યારબાદ સારિપુત્તે આ ઉપદેશો વ્યવસ્થિત રીતે જનસમૂહ સુધી પહોંચાડ્યા હતા.



સારિપુત્ત અને મહામોગ્ગલ્લાનના પવિત્ર અવશેષો

તેનાથી વિપરીત, મહામોગ્ગલ્લાનને ધ્યાન અને આધ્યાત્મિક સિદ્ધિઓના અગ્રેસર ગુરુ તરીકે આદરણીય માનવામાં આવતા હતા. બૌદ્ધ સાહિત્યમાં તેમને ગહન ધ્યાન શક્તિ અને અસ્તિત્વના વિવિધ લોક (જગત) ને જોવાની ક્ષમતા ધરાવતા હોવાનું વર્ણવે છે. દેવતાઓ, બ્રાહ્મણો અને દુઃખી અવસ્થામાં પીડાતા જીવો સાથેના તેમના સંવાદો દ્વારા, તેમણે કર્મના સિદ્ધાંતો અને સંસારની વાસ્તવિકતાઓને સ્પષ્ટ કરી. તેમના ઉપદેશોએ અનુયાયીઓને માનવ કાર્યોના નૈતિક અને આધ્યાત્મિક પરિણામોની સ્પષ્ટ સમજ આપી. ગૌતમ બુદ્ધ દ્વારા પ્રારંભિક સંઘના શિક્ષક, આધ્યાત્મિક માર્ગદર્શક અને રક્ષક તરીકે અરહંત મહામોગ્ગલ્લાન પર ઊંડો વિશ્વાસ રાખવામાં આવતો હતો, જેઓ ઘણીવાર શિસ્ત અને સમુદાયના નેતૃત્વની બાબતોમાં બુદ્ધ વતી કાર્ય કરતા હતા. તેમણે દેવદત્ત દ્વારા ઊભા કરાયેલા સંઘભેદને રોકવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી, જેનાથી સાધુઓને ફરીથી બુદ્ધ સાથે જોડવામાં અને બૌદ્ધ સમુદાયની એકતા જાળવવામાં મદદ મળી હતી.

## પવિત્ર અવશેષો અને તેમની અમર પૂજા

અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનનું મહાપરિનિર્વાણ એ બુદ્ધ અને બૌદ્ધ સંઘ માટે અત્યંત ભાવુક ક્ષણ હતી. અરહંત સારિપુત્તે બુદ્ધના મહાપરિનિર્વાણના થોડા સમય પહેલા, કત્તિકા/કાર્તિક મહિનાની (ઓક્ટોબર/નવેમ્બર) પૂર્ણિમાના દિવસે પરમ મુક્તિ પ્રાપ્ત કરી હતી, જ્યારે અરહંત મહામોગ્ગલ્લાન આશરે પંદર દિવસ પછી, તે જ મહિનાની અમાસના દિવસે નિર્વાણ પામ્યા હોવાનું પરંપરાગત રીતે માનવામાં આવે છે.

બૌદ્ધ પરંપરામાં, તેઓ આધ્યાત્મિક સિદ્ધિના પવિત્ર સ્વરૂપ અને જ્ઞાનપ્રાપ્તિના જીવંત સ્મરણ સમાન માનવામાં આવે છે. તેથી, અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનના પવિત્ર અવશેષો અસાધારણ મહત્વ ધરાવે છે, જે બુદ્ધ ધમ્મના ત્રિરત્ન પૈકીના એક એવા સાક્ષાત્કારી સંઘનું પ્રતિનિધિત્વ કરે છે. સમગ્ર બૌદ્ધ સંસ્કૃતિઓમાં, આ પવિત્ર અવશેષો શ્રદ્ધા, તીર્થયાત્રા અને ચિંતનને પ્રેરણા આપતા રહે છે. તેમનો આદર પ્રાચીન ભારતથી લઈને આધુનિક વિશ્વ સુધી બુદ્ધના ઉપદેશોની અતૂટ નિરંતરતાનું પ્રતીક છે. આ આદર અને શ્રદ્ધાનું ભવ્ય પ્રદર્શન ફેબ્રુઆરી 2024માં થાઈલેન્ડમાં તાજેતરના ઇતિહાસના સૌથી મહત્વપૂર્ણ બૌદ્ધ રાજ્ય સમારોહ દરમિયાન જોવા મળ્યું હતું.

## થાઈલેન્ડનું ઐતિહાસિક 2024નું અવશેષ પ્રદર્શન

અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનના પવિત્ર અવશેષો 23 ફેબ્રુઆરી 2024ના રોજ પ્રથમ વખત ભારતની બહાર ગયા હતા, જ્યારે થાઈલેન્ડે બેંગકોકના સનામ લુઆંગ ખાતે બુદ્ધના પવિત્ર અવશેષોની સાથે અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનના અવશેષોની સ્થાપના માટે એક ભવ્ય રાજ્ય સમારોહનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમની સંયુક્ત અધ્યક્ષતા સોમદેત ફ્રા સંઘરાજા સકલ મહા સંઘપરિનાયક અને પ્રધાનમંત્રી શ્રેથ્થા થાવિસીન દ્વારા કરવામાં આવી હતી.



રોયલ થાઈ સરકાર અને ભારત સરકાર વચ્ચે "ગંગા-મેકોંગ પવિત્ર બુદ્ધ અવશેષ" પહેલ હેઠળ પરસ્પર સહયોગ દ્વારા આયોજિત આ પ્રદર્શન, મહા વજિરાલોંગકોર્નની છઠ્ઠી-ચક્ર જયંતિના શુભ અવસરની ઉજવણીનો એક ભાગ હતું. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અને ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કોન્ફેડરેશને ભારતમાંથી સાધુઓ અને વિદ્વાનોને લાવીને તેમજ બેંગકોકની સિલ્પકર્ન યુનિવર્સિટી ખાતે આખો દિવસ વિપશ્યના કાર્યક્રમનું આયોજન કરીને આ પ્રદર્શનના સંકલનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ કાર્યક્રમે ભક્તોની શ્રદ્ધા અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ધ્યાન આકર્ષિત કર્યું હતું. બેંગકોક પ્રદર્શન પછી, પવિત્ર અવશેષોએ ચિયાંગ માઈ, ઉબોન રત્ચાથાની અને ક્રાબી સહિત સમગ્ર થાઈલેન્ડનો પ્રવાસ કર્યો - જેનાથી દેશના તમામ પ્રદેશોના આશરે પચાસ લાખ બૌદ્ધોને આ પવિત્ર અવશેષો પ્રત્યે આદર વ્યક્ત કરવાની તક મળી.



વિવેક અગ્રવાલ, IAS

## મંગોલિયા માટે આ અવશેષો કેમ મહત્વના છે

અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાનના પવિત્ર અવશેષોને મોંગોલિયા પહોંચાડવાની સુસંગતતા 'ધમ્મ વાહકો' તરીકેની તેમની ભૂમિકામાં રહેલી છે - પ્રારંભિક સંઘના સ્તંભો જેમના જીવનમાં બુદ્ધના ઉપદેશોના પ્રચાર અને રક્ષણનો સમાવેશ થતો હતો. તેમના બે મુખ્ય શિષ્યોના પવિત્ર અવશેષો વિશ્વમાં તે જ્ઞાનપ્રાપ્તિના સંરક્ષણ, અર્થઘટન અને પ્રસારનું પ્રતીક છે.

અરહંત સારિપુત્ત અને અરહંત મહામોગ્ગલ્લાન તીવ્ર આધ્યાત્મિક અભ્યાસ દ્વારા ધમ્મના અનુભવાત્મક સાક્ષાત્કારનું પ્રતિનિધિત્વ કરે છે.

સાથે મળીને, આ બંને શિષ્યો બૌદ્ધ સાધનાના પૂરક સ્તંભો સમાન બન્યા: જ્ઞાન અને અનુભૂતિ, સિદ્ધાંત અને પ્રત્યક્ષ અનુભવ. તેથી, તેમના પવિત્ર અવશેષો તે જીવંત સિદ્ધાંતોનું પ્રતીક છે જેના દ્વારા મુક્તિ શક્ય બને છે, આમ તે સંઘના શુદ્ધ સ્વરૂપનું પ્રતિનિધિત્વ કરે છે. તેમનું સન્માન કરવું એ હકીકતમાં, સમગ્ર માનવ ઈતિહાસમાં બુદ્ધના જ્ઞાનના સફળ પ્રસારનું સન્માન કરવા સમાન છે.

મંગોલિયા માટે, આ પવિત્ર અવશેષોનું આગમન અસાધારણ અર્થ ધરાવે છે. મંગોલિયાની બૌદ્ધ ઓળખ ઐતિહાસિક રીતે આદર, વિદ્વતા, મઠના શિસ્ત અને ધ્યાનની પરંપરામાં આધારિત રહી છે. આ પવિત્ર અવશેષોની હાજરી એક પવિત્ર અને પ્રત્યક્ષ જોડાણ સ્થાપિત કરે છે, જે બુદ્ધ ધમ્મના જીવંત ચિત્રને પૂર્ણ કરે છે. મંગોલિયામાં તેમની ઉપસ્થિતિ મંગોલિયન મઠના સમુદાય (સંઘ) માટે પણ એક અત્યંત દુર્લભ અને શુભ આશીર્વાદ સમાન છે.

(લેખક ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયના સચિવ છે.)

# NFR એ DHR ના શતાબ્દી વર્ષ જૂના સ્ટીમ એન્જિન 808C નું નવીનીકરણ કર્યું

માલીગાંવ : ભારતના સમૃદ્ધ રેલ વારસાને સાચવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ દાર્જિલિંગ હિમાલયન રેલ્વે (DHR) ના ઐતિહાસિક (4-6-2) પેસિફિક સ્ટીમ એન્જિન નંબર 808-C ક્લાસ NG લોકોનું સફળતાપૂર્વક નવીનીકરણ કર્યું. તેને માલીગાંવમાં મુખ્યાલય સંકુલમાં અપગ્રેડેડ હેરિટેજ પ્રદર્શન તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે.આ નવીનીકૃત હેરિટેજ એન્જિનનું ઉદ્ઘાટન 26 મે, 2026 ના રોજ નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવ દ્વારા વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું.આ ઐતિહાસિક એન્જિન, 1914 માં બનેલ અને નોર્થ બ્રિટિશ લોકોમોટિવ કંપની લિમિટેડ, ગ્લાસગો (યુકે) દ્વારા ઉત્પાદિત, ભારતના રેલ વારસાનું એક દુર્લભ પ્રતીક છે. આ એન્જિન, જે અગાઉ માલીગાંવમાં નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે મુખ્યાલય સંકુલમાં પ્રદર્શિત



હતું, હવે તેને સંપૂર્ણ સમારકામ, રંગકામ અને નવીનીકરણ કાર્ય દ્વારા એક નવો દેખાવ આપવામાં આવ્યો છે.નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના જનરલ મેનેજરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ, ન્યૂ બોંગાઈગાંવ ખાતે કેરેજ અને વેગન ફેક્ટરી દ્વારા પુનઃસ્થાપન હાથ ધરવામાં આવ્યું હતું. નવીનીકૃત એન્જિન સુશોભન લાઈટિંગ, તેમજ વાસ્તવિક અવાજ અને ધુમાડાની અસરોથી સજ્જ છે, જે તેને રેલ મુસાફરો અને ઉત્સાહીઓ માટે એક આકર્ષક વારસો પ્રદર્શન બનાવે છે.આ સ્ટીમ એન્જિન, નંબર 808, પ્રખ્યાત 4-6-2 પેસિફિક ક્લાસ સ્ટીમ લોકોમોટિવ પરિવારનું છે, જે 1914 માં દાર્જિલિંગ હિમાલયન રેલ્વે હેઠળ સેવામાં મૂકવામાં આવ્યું હતું. તેના જોડિયા, નંબર 807 સાથે, આ એન્જિને DHR ના કિશનગંજ એક્સટેન્શન વિભાગ પર 800 ટન સુધીની માલગાડીઓને ખેંચવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.૧૯૪૮માં સિલિગુડી-કિશનગંજ લાઈનને મીટર ગેજમાં રૂપાંતરિત કર્યા પછી, ૧૯૬૦ના દાયકામાં તેને બંધ કરવામાં આવ્યું ત્યાં સુધી આ એન્જિન સિલિગુડીમાં શન્ટિંગ પાઈલટ તરીકે સેવા આપવાનું ચાલુ રાખ્યું. આ સાચવેલ સ્ટીમ એન્જિન હવે સ્ટીમ યુગ અને ભારતીય રેલ્વેની એન્જિનિયરિંગ શ્રેષ્ઠતાની યાદ અપાવે છે.સ્ટીમ એન્જિન નંબર ૮૦૮નું પુનઃસ્થાપન ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેની ઐતિહાસિક રેલ્વે સંપત્તિઓના સંરક્ષણ અને પ્રોત્સાહન તેમજ ભારતમાં સ્ટીમ એન્જિન વારસા વિશે જાગૃતિ લાવવાની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### 'જાણે મને ઘરેથી તગેડી મૂકાઈ રહી હોય...',

# ભાજપ સરકારના નિર્ણય પર કિરણ બેદીનું દર્દ છલકાયું

(એજન્સી) નવી દિલ્હી | તા 27

કેન્દ્રની ભાજપ સરકારે દિલ્હીના 27.3 એકરમાં ફેલાયેલા પ્રતિષ્ઠિત દિલ્હી જિમખાના ક્લબને ખાલી કરવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય પર પૂર્વ આઈપીએસ ઑફિસર કિરણ બેદીએ ભારે નારાજગી અને દુઃખ વ્યક્ત કર્યું છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે, જ્યારે મેં ક્લબ ખાલી કરવાનો આદેશ સાંભળ્યો ત્યારે મને એવો આઘાત લાગ્યો જાણે મને પોતાના જ ઘરમાંથી બેદખલ કરવામાં આવી રહી હોય. આ ક્લબ સાથે મારી દાયકાઓ જૂની યાદો જોડાયેલી છે.કિરણ બેદીએ પોતાના ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું કે, 'જ્યારે હું 14 વર્ષની હતી ત્યારે ટેનિસ ટુર્નામેન્ટ રમવા માટે અમૃતસરથી દિલ્હી આવતી હતી. આ ક્લબમાં જ અમે રમીને મોટા થયા અને તેના કારણે જ મને દિલ્હી શહેર સાથે પ્રેમ થઈ ગયો હતો. મેં સપનું જોયું હતું કે હું એક દિવસ દિલ્હીમાં જ રહીશ અને નોકરી કરીશ. બાદમાં જ્યારે 24 વર્ષની ઉંમરે મારું પહેલું પોસ્ટિંગ ચાણક્યપુરીમાં આસિસ્ટન્ટ સુપરિટેન્ડન્ટ ઑફ પોલીસ



(ASP) તરીકે થયું, ત્યારે આ જિમખાના ક્લબ મારા જ પોલીસ વિસ્તારનો એક ભાગ હતો.'આ ક્લબના ભવ્ય ઈતિહાસ વિશે વાત કરતા કિરણ બેદીએ કહ્યું કે, 'અહીં એશિયાના સૌથી શ્રેષ્ઠ લોન ટેનિસ કોર્ટ આવેલા છે. દિલ્હીમાં લોન ટેનિસ એસોસિએશન કોમ્પ્લેક્સ બન્યું તે પહેલા તમામ આંતરરાષ્ટ્રીય મેચો અને ડેવિસ કપના મુકાબલા અહીં જ રમાતા હતા. મેં રામનાથન કૃષ્ણન, જયદીપ મુખર્જી, અમૃતરાજ બ્રધર્સ અને નિરુપમા માંકડ જેવા ભારતના દિગ્ગજ ટેનિસ ખેલાડીઓને અહીં રમતા જોયા છે. આ સિવાય અહીં 100 વર્ષ જૂનો સ્વિમિંગ પૂલ, સ્ક્વોશ કોર્ટ, આધુનિક જીમ અને દેશની સૌથી શ્રેષ્ઠ લાઈબ્રેરી આવેલી છે, જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીએ પણ નવો પૂલ બનાવવામાં મદદ કરી હતી.'

# કાર્યવાહીની ડરથી બાંગ્લાદેશીઓમાં ફફડાટ, પશ્ચિમ બંગાળમાં સામાન સાથે સરહદે ભારે ભીડ

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા 27

પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને કાઢી મુકવાની કવાયત શરૂ કરવામાં આવી છે. જેની અસર પણ જોવા મળી રહી છે. બંગાળમાં રહેતા બાંગ્લાદેશી ઘૂસણખોરોની ધરપકડ થાય તે પહેલા જ તેઓ સરહદે પહોંચી ગયા છે. છેલ્લા બે દિવસથી બંગાળમાં બાંગ્લાદેશની સરહદ પાસે અનેક લોકો એકઠા થયા છે, તેઓ પોતાના દેશ બાંગ્લાદેશ પરત જવા સરહદે એકઠા થયા છે. જિલ્લા સ્તરે હોલ્ડિંગ સેન્ટરો ખોલવા અને ઘૂસણખોરો સામે કાર્યવાહીના નિર્ણય વચ્ચે ડરને પગલે હવે ઘૂસણખોરો પરત ભાગવા લાગ્યા છે. બંગાળની ભાજપ સરકારના મુખ્યમંત્રી સુવેંદુ અધિકારીએ ડિટેક્ટ, ડિલિટ એન્ડ ડિપોર્ટ એટલે કે પકડો, દસ્તાવેજોમાંથી દૂર કરો અને દેશ નિકાલ કરોની આકરી કાર્યવાહીના આદેશ આપ્યા છે. જેને પગલે હાલમાં સમગ્ર બંગાળમાં પોલીસ દ્વારા ઠેરઠેર તપાસ અભિયાન ચલાવાઈ રહ્યું છે. જ્યારે બીજી તરફ બાંગ્લાદેશ સરહદે અલગ જ દ્રશ્યો જોવા મળી રહી છે. હાથમાં બેગ, સુટકેસ, રસોઈનો સામાન, વાસણો વગેરે સાથે અનેક લોકો બાંગ્લાદેશ તરફ આગળ વધતા જોવા મળ્યા છે. બાંગ્લાદેશ સરહદ પાસે હકીમપુરમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ બીએસએફની ચેકપોઈન્ટ પાસે આશરે 100 જેટલા બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ એકઠા થયા હતા, આ તમામ લોકો સરહદ પાર કરીને બાંગ્લાદેશ જવા માગે છે. કેટલાક લોકોએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે જો સરકાર અમને રહેવા દેવાની છૂટ ના આપતી હોય તો પછી પરત જવા સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી રહેતો, જે પણ લોકો બાંગ્લાદેશ સરહદ પાસે એકઠા થયા છે તેઓ નજીકના વિસ્તારો જેમ કે દુમદુમ, ન્યૂ ટાઉન અને દાનકુની વગેરે વિસ્તારોમાં મજૂરી કામ કરતા હતા અને વર્ષોથી અહીંયા જ રહેતા હતા. કેટલાક લોકો સ્થાનિકોના ઘરોમાં પણ કામ કરી આપતા હતા.

# સુપ્રીમ કોર્ટનો CBSEની ધો.9-10માં '3 ભાષા ફોર્મ્યુલા' પર રોક લગાવવાનો ઈનકાર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ 9 અને 10ના અભ્યાસક્રમમાં ત્રણ ભાષા ફરજીયાત બનાવવાના નિર્ણય વિરુદ્ધની અરજી પર મોટો નિર્ણય લીધો છે. કોર્ટે CBSEના આ નિર્ણય પર રોક લગાવવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. જોકે કોર્ટે કેન્દ્ર સરકાર અને સીબીએસઈને નોટિસ પાઠવીને જવાબ રજૂ કરવાનો પણ આદેશ આપ્યો છે. CBSEના નિર્ણય વિરુદ્ધમાં દાખલ કરાયેલી અરજી કહેવાયું છે કે, નવી ભાષા નીતિના કારણે વિદ્યાર્થીઓ પણ વધારાનું દબાણ વધી શકે છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેંચે સુનાવણી હાથ ધરી હતી. આ દરમિયાન અરજદારે કહ્યું કે, 'CBSEના આ નવા નિયમના કારણે વિદ્યાર્થીઓ પર વધારાનું દબાણ વધી શકે છે. હવે આ મામલે કોર્ટે કેન્દ્ર સરકાર અને CBSE પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટે આગામી સુનાવણી 15 અથવા 16 જુલાઈ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, CBSE દ્વારા ધોરણ 9 અને 10ના અભ્યાસક્રમમાં ભાષાઓની નીતિને લઈને મોટો ફેરફાર જાહેર કરવામાં આવ્યો છે. CBSE દ્વારા 15 મે, 2026ના રોજ બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર અનુસાર, શૈક્ષણિક વર્ષ 2026-27 થી ધોરણ-9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હવે ત્રણ ભાષાઓનો અભ્યાસ કરવો સંપૂર્ણપણે ફરજિયાત રહેશે. આ નવો નિયમ 1 જુલાઈ, 2026થી દેશભરની તમામ CBSE સંલગ્ન શાળાઓમાં અમલી બની જશે. જો કે, વિદ્યાર્થીઓ પર ભણતરનો બોજ ન વધે તે માટે બોર્ડે ધોરણ-10માં ત્રીજી ભાષાની બોર્ડ પરીક્ષામાંથી મુક્તિ આપી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ના ભાગરૂપે લેવાયેલા આ નિર્ણયથી શાળાકીય શિક્ષણના માળખામાં મોટો બદલાવ આવશે.

# આગામી ચૂંટણીમાં જનતા ભાજપને ધોઈ-પછાડીને સૂકવી નાખશે

લખનઉ : ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલા ગંભીર વીજ સંકટ વચ્ચે રાજકીય ગરમાવો આવી ગયો છે. સમાજવાદી પાર્ટી (સપા) ના પ્રમુખ અખિલેશ યાદવે રાજ્યની ભાજપ સરકાર અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે રાજ્ય સરકારની કાર્યયોજના પર સવાલો ઉઠાવતા કટાક્ષ કર્યો છે કે હવે ભાજપમાં કોઈ કરંટ બચ્યો નથી.અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરીને ઉત્તર પ્રદેશના ઉર્જા મંત્રી અરવિંદ કુમાર શર્મા અને મુખ્યમંત્રી વચ્ચેના સંબંધો પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે દાવો કર્યો કે ઉર્જા મંત્રી મુખ્યમંત્રીની સમીક્ષા બેઠકોમાં હાજર રહેતા નથી અથવા તેમને આમંત્રણ આપવામાં આવતું નથી, કારણ કે બંને મંત્રીઓ ક્યારેય સાથે જોવા મળતા નથી. સપા પ્રમુખે ભાજપમાં આંતરિક વિખવાદ હોવાનો ઈશારો કરતા કહ્યું કે ભાજપના જ ધારાસભ્યો અને સાંસદો પોતાની સરકાર વિરુદ્ધ પત્રો લખી રહ્યા છે.આગામી ચૂંટણીમાં જનતા ભાજપને સારી રીતે ધોઈ-પછાડીને હંમેશા માટે સૂકવી નાખશે. સારું છે કે ઉત્તર પ્રદેશના 'નિષ્ફળ મુખ્યમંત્રી' એ એવું ના કહ્યું કે આ 'મોટી વીજળી આપત્તિ' પાછળ દિલ્હીના લોકો દ્વારા મોકલવામાં આવેલા દૂતોનું ષડયંત્ર છે. તેમણે ઉમેર્યું કે વીજ મથકો પર પ્રદેશિક આર્મ્ડ કોન્સ્ટેબ્યુલરી (PAC) ના જવાનોને તૈનાત કરીને સરકાર જનતાના ગુસ્સાથી બચવાનો કાયરતાપૂર્ણ પ્રયાસ કરી રહી છે.

# કોન્ટ્રેક્ટ પૂરો થયા પછી નોકરી પર ચાલુ રહેવાનો કોઈ કાનૂની અધિકાર નથી: દિલ્હી હાઈકોર્ટ

નવી દિલ્હી : કરાર આધારિત (કોન્ટ્રેક્ટ) નોકરી કરતા કર્મચારીઓ અંગે દિલ્હી હાઈકોર્ટે એક અત્યંત મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે કોન્ટ્રેક્ટ પર રાખવામાં આવેલા કર્મચારીનો કાર્યકાળ નિર્ધારિત સમયમર્યાદા પૂરી થતાં જ આપોઆપ સમાપ્ત થઈ જાય છે. કરારનો સમય પૂરો થયા પછી પણ નોકરી પર ચાલુ રહેવા માટે કર્મચારી કોઈ કાનૂની કે નિહિત અધિકાર (Vested Right) નો દાવો કરી શકે નહીં.મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ તેજસ કારિયાની ડિવિઝન બેન્ચે ડેલ્હી ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (DERC) માં એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ તરીકે સેવા આપતા એક કર્મચારીની અરજીને ફગાવી દેતા આ આદેશ આપ્યો છે. કર્મચારીએ તેની નોકરી લંબાવવાનો (એક્સટેન્શન) અગાઉનો આદેશ રદ કરવાના DERC ના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. આ પહેલા સિંગલ જજની બેન્ચે પણ કર્મચારીની અરજી નકારી કાઢી હતી, જેને ડિવિઝન બેન્ચે યોગ્ય ઠેરવી છે.કેસના રેકોર્ડ અનુસાર, અરજીકર્તા કર્મચારીની નિમણૂક સૌપ્રથમ ડિસેમ્બર ૨૦૧૪ માં ત્રણ વર્ષ માટે કરારના આધારે કરવામાં આવી હતી. ત્યારબાદ સમયાંતરે તેનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો હતો. એપ્રિલ ૨૦૨૧ માં તેને ફરીથી ત્રણ વર્ષ માટે નિયુક્ત કરાયો હતો, જેનો સમયગાળો ૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ પૂરો થતો હતો. આ સમય પૂરો થાય તે પહેલા જ કર્મચારીએ ૨૦૨૭ સુધી એક્સટેન્શન માંગ્યું હતું.

### નબળી ગુણવત્તા | ક્વોલિટી ચેક વિના જ ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરોને થઈ ગયા બખ્ખા

# પ્રધાનમંત્રી સડક યોજનામાં માર્ગોની ગુણવત્તા ચકાસાઈ નહીં, રુરલ ડેવલમેન્ટ મિનિસ્ટ્રીનો ધડાકો

(એજન્સી) નવી દિલ્હી | તા 27

ગુજરાતમાં રસ્તાઓના મુદ્દે સામાન્ય વાહનચાલકોનો સૂર સરકાર તરફ રહ્યો નથી. ખાડાઓને કારણે દર વર્ષે રસ્તાઓની બૂમરાણ સરકારની પ્રતિષ્ઠા ખરડી રહી છે. દરમિયાન, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયે એક એવો આંકડો જાહેર કર્યો છે, જે રાજ્ય સરકારના મજબૂત રસ્તાના દાવાઓની પોલ ખોલી ખુલી છે કેમકે, પ્રધાનમંત્રી સડક યોજનામાં એકેય માર્ગની ગુણવત્તા ચકાસવામાં આવી નથી.શહેરોમાં ચકાચક રસ્તા બનાવી મતદારોને આકર્ષવામાં આવી રહ્યાં છે પણ ગામડાઓમાં બનતાં માર્ગો પ્રત્યે ઝાઝું ધ્યાન અપાતું નથી. કેન્દ્રીય મંત્રાલયના રિપોર્ટ મુજબ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મિઝોરમ, આસામ, પશ્ચિમ બંગાળ સહિત 28 રાજ્યોમાં નેશનલ ક્વોલિટી મોનિટર્સે પ્રધાનમંત્રી



સડક યોજના અંતર્ગત બનેલા રસ્તાઓની ગુણવત્તા ચકાસી હતી. કુલ 2061 માર્ગોની તપાસનું તારણ એવું આવ્યું કે 400થી વધુ રસ્તાઓમાં અત્યંત નબળું કામ થયું હોવાનું બહાર આવ્યું છે. એટલે કે, દર પાંચમાંથી એક રસ્તો સરકારી ચોપડે જ નાપાસ થયો હતો.વર્ષ 2025માં ગુજરાતમાં આ મોનિટર્સ કદાચ 'વિકાસ' જોવામાં એટલા વ્યસ્ત હતા કે તેમને રાજ્યનો એક પણ ગ્રામીણ રસ્તો તપાસવા જેવો જ ન લાગ્યો! નેશનલ ક્વોલિટી મોનિટર્સ દ્વારા એક પણ રસ્તાની તપાસ કરવામાં આવી નહીં. પરિણામે, ક્વોલિટી ચેક વગર જ કોન્ટ્રાક્ટરોને બખ્ખા થઈ ગયા છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી બનેલા રસ્તાઓ પહેલા વરસાદમાં જ ધોવાઈ જાય છે.ગ્રામ્ય વિસ્તારોમાં નબળી ગુણવત્તાના કારણે તૂટતા માર્ગો. નોંધનીય છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજના હેઠળ બનતાં માર્ગો નબળી ગુણવત્તાને પગલે તૂટી જાય છે. નિર્માણ થયાના થોડાક વખતમાં જ ખાડાખૈડાવાળો થઈ જાય છે. આમ છતાંય રસ્તાની ગુણવત્તા ચકાસણી થતી નથી. આ કારણોસર ભ્રષ્ટ સરકારી અધિકારીઓ અને મળતિયા કોન્ટ્રાક્ટરોને ફાવતું ફાવ્યું છે.


**कार्यपालक अभियंता का कार्यालय, पथ निर्माण विभाग, पथ प्रमंडल, सरायकेला-खरसावाँ**

**अति अल्पकालीन ई-प्रोक्योरमेंट सूचना (तृतीय कॉल)**

**Old PR 379607 Road (26-27)_D**

**e-Tender Ref. No. – RCD/SERAIKELLA/03 Dated 27.05.2026**

| | | |
|---|---|---|
| 1. | कार्य का नाम | आदित्यपुर-काण्ड्रा सेक्शन के चैनेज 14+850 कि०मी० में अवस्थित टॉल प्लाजा में User Fee का Collection का कार्य । |
| 2. | राशि (Annual Potential Collection) | रु० 13,12,18,643.00 (तेरह करोड़ बारह लाख अठारह हजार छः सौ तेरालीस रुपये) मात्र |
| 3. | बीड जमानत राशि | रु० 26,25,000.00 (छब्बीस लाख पचीस हजार रुपये) मात्र |
| 4. | User Fee Collection की अवधि | 02 (दो) वर्ष |
| 5. | बेबसाईट पर निविदा प्रकाशन की तिथि | 01.06.2026 (10:30 बजे पूर्वाहन् से) |
| 6. | निविदा प्राप्ति की अन्तिम तिथि | 08.06.2026 (12:00 बजे दोपहर तक) |
| 7. | निविदा प्रकाशन करनेवाले कार्यालय का नाम एवं पता | कार्यपालक अभियंता का कार्यालय, पथ निर्माण विभाग, पथ प्रमंडल,सरायकेला-खरसावाँ। |
| 8. | प्रोक्योरमेंट पदाधिकारी का सम्पर्क संख्या | 9199867872 |
| 9. | ई-प्रोक्योरमेंट सेल का हेल्पलाईन नम्बर | 0651.2401010 |

नियम एवं शर्त्तें के लिए बेबसाईट –www.jharkhandtenders.gov.in पर देखें ।

कार्यपालक अभियंता
पथ निर्माण विभाग, पथ प्रमंडल,
सरायकेला-खरसावाँ ।

PR.NO.380947 Road(26-27):D

સિટી
એક્સપ્રેસ
THURSDAY 28 MAY-2026
AHMEDABAD

## ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં સુપ્રીમે તથ્ય પટેલને જામીન આપ્યા

અમદાવાદ | સુપ્રીમ કોર્ટે ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં તથ્ય પટેલને નિયમિત જામીન આપ્યા છે. તથ્યના વકીલે કરી વાતની પુષ્ટિ કરી છે.લગભગ પોણા ત્રણ વર્ષ પછી તથ્ય જેલમાંથી રેગ્યુલર જામીન ઉપર બહાર આવશે. સુપ્રીમ કોર્ટે અગાઉ ફેબ્રુઆરી મહિનામાં ટ્રાયલ કોર્ટને મે મહિના સુધીમાં 25 સાહેદ તપાસવા સૂચના આપી હતી. ઉલ્લેખનીય છે કે, 18 નવેમ્બર 2025ના રોજ તથ્ય સામે ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો હતો. તથ્ય પટેલની જામીન અરજી તેના વકીલ આઈ.એચ.સૈયદ અને ઝીલ શાહે સુપ્રીમ સમક્ષ રજૂ કરી હતી.

## LRD ઉમેદવારો માટે લાંબા સમયની પ્રતીક્ષાનો અંત

ગાંધીનગર | ગુજરાત પોલીસમાં જોડાવા ઈચ્છતા અને લાંબા સમયથી તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે એક સૌથી મહત્વના અને મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા અંતર્ગત લેખિત પરીક્ષાની સત્તાવાર તારીખ જાહેર કરી દેવામાં આવી છે. શારીરિક કસોટી (ગ્રાઉન્ડ) માં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી 14 જૂન, 2026ના રોજ આયોજિત કરવામાં આવશે.ભરતી બોર્ડના જાહેરનામા ક્રમાંક GPRB/202526/1 અંતર્ગત બહાર પાડવામાં આવેલી વિગતો મુજબ, ઉમેદવારો પરીક્ષા માટેના પોતાના હોલ ટિકિટ એટલે કે કોલલેટર આગામી 6 જૂન, 2026થી ડાઉનલોડ કરી શકશે.



# અમદાવાદ આવેલા 11 હોમ આઈસોલેશનમાં, ઈબોલાને લઈ એલર્ટ

## આફ્રિકન દેશોમાંથી આવતા લોકોને ફરજિયાત ક્વોરન્ટીન કરાશે, SVPમાં 60 બેડનો વોર્ડ તૈયાર



અમદાવાદ | આફ્રિકન દેશો યુગાન્ડા અને કોંગોમાં ફેલાયેલા ઈબોલા વાઈરસનાં પગલે તકેદારીના ભાગરૂપે અમદાવાદમાં AMC આરોગ્ય વિભાગ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. આફ્રિકન દેશો યુગાન્ડા, સાઉથ સુદાન અને કોંગો દેશમાંથી અમદાવાદ આવેલા 11 જેટલા દર્દીઓને તેમના ઘરે હોમઆઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

દર્દીઓ પશ્ચિમ વિસ્તારમાં રહે છે અને કોઈપણ વ્યક્તિને લક્ષણો નથી તેમજ તેઓ પોઝિટિવ દર્દીના સંપર્કમાં પણ આવ્યા નથી. આ 3 દેશોમાંથી કોઈ દર્દી આવશે તો તેઓને ફરજિયાત હોમ આઈસોલેશનમાં રાખવામાં આવશે. SVP હોસ્પિટલમાં દર્દીઓને ક્વોરેન્ટાઈન રાખવા માટે અલગથી 60 બેડનો વોર્ડ તૈયાર કરાયો છે.

AMCના આરોગ્ય વિભાગના અધિકારી ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, આફ્રિકન દેશોમાં ફેલાયેલા ઈબોલા વાઈરસને લઈને રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય વિભાગ, રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ સિવિલ હોસ્પિટલ અને એરપોર્ટ સાથે સંકલનમાં રહી કામગીરી કરી રહ્યા છીએ. યુગાન્ડા, કોંગો અને સાઉથ સુદાન દેશોમાંથી આવતા લોકોને એરપોર્ટ પર સ્ક્રીનિંગ અને સેલ્ફ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવી રહ્યા છે.

છેલ્લા 3 દિવસમાં યુગાન્ડાથી 11 લોકો અમદાવાદ આવ્યા છે. જેમાં થલતેજમાં 10 અને જોધપુરના 1 નાગરિક છે. તમામ 11 લોકોને હાલમાં હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. કોઈપણ પ્રકારના તેઓને લક્ષણો નથી અને પોઝિટિવ દર્દીને સંપર્કમાં આવ્યા નથી. જો આ ત્રણ દેશમાંથી કોઈ પણ નાગરિક મુસાફરી કરીને આવે અને તેમને કોઈ પણ પ્રકારના લક્ષણો નથી અથવા પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યા ન હોય તો તેઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવશે. જે કોઈ વ્યક્તિ પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યું હોય તો તેમને ક્વોરન્ટીન કરવામાં આવશે. જો કોઈ પેસેન્જર આ દેશમાંથી મુસાફરી કરી આવ્યો હોય અને તેને લક્ષણો હોય તો સિવિલ હોસ્પિટલમાં તેને શંકાસ્પદ દર્દી તરીકે દાખલ કરવામાં આવશે. અત્યારે કોઈપણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. જે લોકો મુસાફરી કરી અને આવ્યા છે તેઓ યુગાન્ડાથી આવેલા છે અને તેમને હાલમાં હોમ ક્વોરન્ટીન રાખવામાં આવ્યા છે.

ઈબોલા વાઈરસ (EVD)ને કારણે જાહેર આરોગ્ય કટોકટીની આંતરરાષ્ટ્રીય ચિંતા (PHEIC) ઊભી થતાં, રાષ્ટ્રીય હિતમાં તમામ ઈન્ટરનેશનલ મુસાફરો માટે તાત્કાલિક અસરથી ફરજિયાત જાહેર આરોગ્ય પગલાં લાગુ કરવામાં આવ્યા છે. રોગના આયાત અને સંક્રમણના જોખમને ઘટાડવા માટે સિવિલ એવિએશન ડિરેક્ટોરેટ જનરલ (DGCA) અને મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિએશન (MOCA) દ્વારા પ્રવેશ બિંદુઓ (PoE) પર તમામ એરલાઈન્સ અને હિસ્સેદારો માટે સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ (SDF)નું પાલન કડક બનાવવામાં આવ્યું છે.

DGCA માર્ગદર્શિકા પરિશિષ્ટ-1 હેઠળ આવરી લેવામાં આવતી એરલાઈન્સની બધી ફ્લાઈટ્સ, આ POE પર કોઈપણ સંભવિત રાષ્ટ્રીય જાહેર આરોગ્ય જોખમ અને રોગના આયાતને ઘટાડવા માટે, બધા રૂટ માટે, બધા મુસાફરો માટે SDF ફોર્મ ફરજિયાત ભરવાનું સુનિશ્ચિત કરશે. બધા કિસ્સાઓમાં, આરોગ્ય પગલાં અને SDF ભરવા અંગેની ફ્લાઈટમાં જાહેરાતો આગમન પહેલાં પૂર્ણ કરવામાં આવશે, જેથી ભીડ ટાળી શકાય અને ઈબોલા રોગના સંક્રમણનું જોખમ ઓછું કરી શકાય.

આગમન વિસ્તારમાં 24x7 ફરજ પર ફ્રન્ટલાઈન આરોગ્ય કર્મચારીઓ તૈનાત છે. બધા હિસ્સેદારોએ ચેપ નિવારણ અને નિયંત્રણ પગલાંનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવું જરૂરી છે. કોઈપણ સંજોગોમાં ગેરવહીવટને કારણે આરોગ્યસંભાળ કાર્યકરો અથવા મુસાફરોને ચેપનું જોખમ ન હોવું જોઈએ. જોડાયેલ SOPનું કડક અને ફરજિયાત પાલન કરવામાં આવશે.

પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે, આગામી સમયગાળામાં MOCA દ્વારા એર સુવિધા પોર્ટલ કાર્યરત કરવામાં આવી શકે છે. ત્યાં સુધી, ઉપરોક્ત તમામ પ્રક્રિયાઓ ખાસ કરીને SDF ફોર્મ ભરવાનું કડક રીતે અને નિષ્ફળતા વિના પાલન કરવાનું ચાલુ રાખવામાં આવશે. જેથી આ મહત્વપૂર્ણ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય જાહેર આરોગ્યનું રક્ષણ કરી શકાય.

DGCA માર્ગદર્શિકાના પરિશિષ્ટ-1 હેઠળ આવરી લેવામાં ન આવતી એરલાઈન્સને પણ વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઈબોલા રોગ ફેલાવાના સંભવિત જોખમ ધરાવતા કોઈપણ મુસાફરને શોધી કાઢવા માટે તમામ રૂટ માટે બધા મુસાફરો માટે SDF ફોર્મના આગમન પહેલા સંગ્રહની ખાતરી કરે. આવી એરલાઈન્સે, ઓછામાં ઓછા, બધા કેટેગરી-1, કેટેગરી-2, અથવા કેટેગરી-3 મુસાફરો માટે અને પ્રવેશ બિંદુ (PoE) પર રોગ આયાતના સંભવિત જોખમ માટે મૂલ્યાંકન કરાયેલ કોઈપણ મુસાફર માટે ફરજિયાત SDF ભરવાની ખાતરી કરવી જોઈએ.

આરોગ્ય વિભાગે ખાસ કરીને આફ્રિકાના પ્રભાવિત દેશોમાંથી આવતા મુસાફરો પર નજર વધારી છે. અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સાંજે 6 વાગ્યાથી સવારે 10 વાગ્યા સુધી યુગાન્ડા, કોંગો અને સાઉથ સુદાનથી આવતા તમામ મુસાફરોનું સઘન સ્ક્રીનિંગ શરૂ કરવામાં આવ્યું છે.અધિકારીઓના જણાવ્યા મુજબ આ સ્ક્રીનિંગ માત્ર પ્રભાવિત દેશોમાંથી આવતા પેસેન્જરો માટે જ છે, સામાન્ય મુસાફરો માટે કોઈ ચિંતા કે વધારાની કાર્યવાહી જરૂરી નથી સમગ્ર વિશ્વમાં ઈબોલા વાયરસ ડિસીઝ (EVD) થી પીડિત દર્દીઓમાં 25% થી 90% મૃત્યુ થાય છે. ઈબોલા વાયરસ સૌપ્રથમ 1976માં આફ્રિકામાં સામે આવ્યો હતો.

## કચ્છના દરિયામાંથી 1180 કરોડનું કોકેઈન ઝડપાયું:'યુરોપ' નામના કાર્ગો શીપમાં બ્રાઝીલથી લાવી દિલ્હીમાં ડિલિવરી થવાની હતી, ત્રણ ઝડપાયા; એક દરિયામાં કૂદી ગયો

અમદાવાદ | ગુજરાતના દરિયાઈ જળમાર્ગનો વધુ એકવાર ડ્રગ્સ ઘુસાડવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. જો કે, ડ્રગ્સની ડિલિવરી થાય તે પહેલા જ કોસ્ટગાર્ડ અને ગુજરાત ATSએ ડ્રગ્સ માફિયાઓનો પ્લાન ઉંધો વાળી દીધો છે. મુંદ્રા તરફ આવી રહેલા ’યુરોપ’નામના કાર્ગોશીપમાં કોકેઈનનો જથ્થો હોવાની બાતમીના આધારે ATS અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરતા શીપ પરથી 118 કિલો કોકેઈન મળી આવ્યું છે. ATSએ કોકેઈન લાવી રહેલા એક અને દિલ્હીમાં જે ડિલિવરી લેવાના હતા તે બે શખસો મળીને કૂલ 3ને ઝડપી પાડ્યા છે. જ્યારે એક શખસ દરિયામાં કૂદી જતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

મુંદ્રા સુધી પહોંચી ગયેલા કરોડોની કિંમતના ડ્રગ્સનો જથ્થો બ્રાઝીલથી લોડ કરાયો હોવાનું જાણવા મળ્યું છે. બ્રાઝીલથી નીકળેલું આ શીપ ચાર દેશ ફરીને મુંદ્રા પોર્ટ પહોંચ્યું હતું. શીપમાંથી નાની બોટ મારફત આ જથ્થો બહાર કાઢી દિલ્હી ડિલિવરી થવાની હતી.

ગુજરાત ATS અને કોસ્ટગાર્ડે કચ્છના દરિયામાં સંયુક્ત ઓપરેશન હાથ ધરી મુંદ્રા તરફ આવી રહેલી ’યુરોપ’નામના કાર્ગોશીપમાંથી 118 કિલો કોકેઈનનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જેની બજાર કિંમત અંદાજિત 1180 કરોડ રૂપિયા થવા જાય છે. ATSએ જ્યારે શીપ પર તપાસ કરી ત્યારે કોકેઈનના જથ્થા સાથે બે લોકો હતા. જેમાંથી જુમ્મા નાસીર ઓમાર નામનો એક આરોપી ઝડપાઈ ચૂક્યો છે. જ્યારે એક વ્યકિત દરિયામાં કૂદી જતા તેની શોધખોળ કરવામાં આવી રહી છે. કોકેઈનનો આ જથ્થો દિલ્હીના દ્વારકામાં રહેતા વિદેશી નાગરિકોને આપવાનો હોવાની વિગત સામે આવતા ATSએ દિલ્હીમાં રહેતા ક્લેવિન ચુકવામા અને બ્યારુહંગા જેમ્સને પણ ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસે ડ્રગ્સના કૂલ 6 પેક હતા જેમાંથી 5 મળી આવ્યા છે. જેથી એક પેક દરિયામાં ફેંકી દીધું હોવાની આશંકા હોય તેની પણ શોધખોળ કરવામાં આવી રહી છે. આરોપીઓ પાસેથી એક સેટેલાઈટ ફોન અને એક એપલનું ટેબ પણ કબજે કરવામાં આવ્યું છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે, મુંદ્રામાં ’યુરોપ’નામના કાર્ગોશીપ પર બ્રાઝીલમાં કોકેઈનનો જથ્થો લોડ કરાયો હતો. ત્યારબાદ આ શીપ લેટિન અમેરિકા, મેક્સિકો, USA અને કરાંચી થઈને મુંદ્રા આવી રહ્યું હતું.

આ બાબતે જ્યારે ડીજીપીને સવાલ કરાયો ત્યારે તેમણે કહ્યું હતું કે, અત્યાર સુધીની તપાસમાં દિલ્હીના દ્વારકામાં રહેતા બે વિદેશી નાગરિકોને આ જથ્થો ડિલિવર કરવાનો હતો. જેને ઝડપી પાડવામાં આવ્યા છે. દિલ્હીથી આ જથ્થો કોને અને ક્યાં સપ્લાય થવાનો હતો તેની તપાસ કરવા માટે જે આરોપીઓ ઝડપાયા છે તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### વાપીમાં સ્ક્રેપના ગોડાઉનમાં ડ્રગ્સની ફેક્ટરી ઝડપાઈ

કચ્છના દરિયાકાંઠે બિનવારસુ ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત રહ્યો છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન જખૌ નજીક આવેલા ઈબ્રાહિમ બેટ પરથી ચરસના 11 બિનવારસુ પેકેટ મળી આવ્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિક સુરક્ષા એજન્સીઓ ભારે સતર્ક બની છે.

ગુજરાતમાં ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા માટે શરૂ કરાયેલા ‘ઓપરેશન ક્લીન’ અંતર્ગત વલસાડ જિલ્લા SOG અને ગુજરાત ATSની સંયુક્ત ટીમને મોટી સફળતા મળી છે. ઔદ્યોગિક નગરી વાપીમાંથી ફરી એકવાર પ્રતિબંધિત મેફેડ્રોન (MD) ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ઘટનાસ્થળેથી ડ્રગ્સ બનાવવાની પ્રક્રિયામાં વપરાતી સામગ્રી, લિક્વિડ ફોર્મ અને ડ્રગ્સના મોટા જથ્થા સાથે 2 આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં એક કોંગ્રેસનો સક્રિય કાર્યકર મેહુલ નલિન મકવાણા છે. આ સમગ્ર ઓપરેશનમાં અંદાજે રૂ. 6 કરોડથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



## બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ પૂરજોશમાં...

### કાલુપુર ફ્લાયઓવર પર 45 મીટર લાંબા સેગમેન્ટલ બ્રિજનું બાંધકામ પૂર્ણ

અમદાવાદ | મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ જિલ્લામાં કાલુપુર ફ્લાયઓવર ઉપર વાયાડક્ટ લોન્ચિંગનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ફ્લાયઓવર સાબરમતી-મુંબઈ મુખ્ય રેલવે લાઇન (પશ્ચિમ રેલવે) ઉપર આવેલા રેલવે ઓવર બ્રિજ (ROB) છે. વાયાડક્ટ હાલની રેલવે લાઇનની સમાંતર બનાવવામાં આવી રહ્યો છે અને ફ્લાયઓવર ઉપરનું લોન્ચિંગ કાર્ય 25 મે 2026ના રોજ પૂર્ણ થયું હતું. આ કાર્ય અંતર્ગત સ્પાન-બાય-સ્પાન (SBS) પદ્ધતિથી 45 મીટર લાંબા બ્રિજનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું।

મુખ્ય વિશેષતાઓ

* ફ્લાયઓવર ઉપરના સ્પાનની લંબાઈ: 45 મીટર
* વાયડક્ટની ઊંચાઈ (જમીન સ્તરથી રેલ લેવલ સુધી): 19.5 મીટર
* લોન્ચ કરાયેલા સેગમેન્ટોની સંખ્યા: 19
* સ્પાનનું કુલ વજન: 1200 મેટ્રિક ટન

કાલુપુર ફ્લાયઓવર અમદાવાદના સૌથી વ્યસ્ત બે-લેન ફ્લાયઓવરમાંથી એક છે, જે શાહીબાગ, અસારવા અને કાલુપુર વચ્ચે મહત્વપૂર્ણ જોડાણ માર્ગ તરીકે કાર્ય કરે છે અને દરરોજ હજારો મુસાફરો દ્વારા તેનો ઉપયોગ થાય છે.

સ્પાન લોન્ચિંગની તમામ પ્રવૃત્તિઓનું સુચિત આયોજન કરીને નિયંત્રિત રાત્રિ બ્લોક દરમિયાન સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું. જ્યાં કામ ચાલે છે તે વિસ્તારમાં પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગોને રાત્રિના 12 કલાકથી સવારે 06:00 કલાક સુધી સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યા હતા, જ્યારે દિવસ દરમિયાન ફ્લાયઓવર નીચે સામાન્ય ટ્રાફિક વ્યવસ્થા યથાવત રાખવામાં આવી હતી.

22 મે થી 25 મે 2026ના સમયગાળા માટે અમદાવાદ ટ્રાફિક વિભાગ પાસેથી જરૂરી રાત્રિ ટ્રાફિક બ્લોક પરવાનગી મેળવવામાં આવી હતી. આ મર્યાદિત બ્લોક સમયગાળામાં ત્રણ રાત્રિમાં ઓટો-લોન્ચિંગ, સેગમેન્ટ ટ્રાન્સપોર્ટેશન, સ્પાન ઈરેક્શન, ડ્રાય મેચિંગ અને ગ્લુઈંગ જેવી બધી મુખ્ય પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

જનતાને ઓછીમાં ઓછી અસુવિધા થાય તે માટે જરૂરી સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાપનના તમામ પગલાં લેવામાં આવ્યા હતા, જેમાં યોગ્ય બેરિકેડિંગ, ટ્રાફિક ડાયવર્ઝન સાઈનેજ, માર્ગ પરિવર્તન અંગે અગાઉથી જાહેર માહિતી, દિવસ અને રાત્રિ દરમિયાન પૂરતા ટ્રાફિક માર્શલોની નિમણૂક તથા રાત્રિના કામ દરમિયાન પૂરતી લાઈટિંગ વ્યવસ્થા સામેલ હતી.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર અમદાવાદ જિલ્લામાં કુલ 31 ક્રોસિંગમાંથી પસાર થાય છે, જેમાં ભારતીય રેલવે ક્રોસિંગ (08), રોડ ફ્લાયઓવર, રોડ, રોડ અંડરપાસ, કેનાલ ક્રોસિંગ (16), સાબરમતી નદી ઉપર એક (01) નદી બ્રિજ ક્રોસિંગ અને છ (06) સ્ટીલ બ્રિજનો સમાવેશ થાય છે. તેમાંથી 23 ક્રોસિંગનું કામ પહેલેથી પૂર્ણ થઈ ચૂક્યું છે.

## બે દિવસ બાદ કડાકા-ભડાકા સાથે વરસાદની આગાહી : કાળઝાળ ગરમી પણ યથાવત્ રહેશે

(એજન્સી) અમદાવાદ | તા. 27

ગુજરાતમાં આકરી ગરમી હાલ લોકોને તોબા પોકારાવી રહી છે. અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, સુરેન્દ્રનગર સહિતના શહેરોમાં ગરમીનો પારો 43 ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. હવામાન વિભાગના મતે આગામી 3 દિવસ ગરમીમાં કોઈ રાહતની સંભાવના નથી. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવનને કારણે અકળામણભર્યું વાતાવરણ અનુભવાઈ શકે છે. 30મીથી રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીનો પ્રારંભ થવાની શક્યતા હોય તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, 30 મેથી 1 જૂન દરમિયાન ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદી માહોલ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસી શકે તેવી આગાહી કરવામાં આવી છે.

30 મે: સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગર જિલ્લામાં વરસાદ પડી શકે છે.

31 મે: સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર ઉપરાંત દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પણ વરસાદની શક્યતા છે.

1 જૂન: બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સોમવારે રાજ્યના 8 શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી ગયો હતો. 44.3 ડિગ્રી સાથે સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે અમદાવાદમાં 43.2 ડિગ્રી નોંધાઈ હતી.

## મદાર-પાલનપુર સેક્શન પર એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

(એજન્સી) અમદાવાદ | તા. 27

ઉત્તર પશ્ચિમ રેલ્વે અજમેર રેલ્વે ડિવિઝનના મદાર-પાલનપુર સેક્શન પર ઔવા યાર્ડ ખાતે બ્રિજ નંબર 596 પર RCC બોક્સ સ્થાપિત કરવા માટે 29 મે, 2026 ના રોજ બ્લોક લાદી રહી છે. આના કારણે, કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે.સંપૂર્ણપણે રદ કરાયેલી ટ્રેનો : ટ્રેન નં. 14822 સાબરમતી-જોધપુર એક્સપ્રેસ 29 મે, 2026 અને 30 મે, 2026 ના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 14821 જોધપુર-સાબરમતી એક્સપ્રેસ 28 મે, 2026 અને 29 મે, 2026 ના રોજ રદ કરવામાં આવશે.ડાયવર્ટ કરેલી ટ્રેનો : 29.05.2026 ની ટ્રેન નં. 14822 રદ કરવામાં આવશે. 19223, સાબરમતી-જમ્મુ તાવી એક્સપ્રેસ મહેસાણા-ભીલારી-લુની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ટ્રેન નંબર 14707, હનુમાનગઢ-દાદર રાણકપુર એક્સપ્રેસ તારીખ 29.05.2026 લુણી-ભીલારી-મહેસાણા થઈને ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. ટ્રેન નંબર 20944, ભગત કી કોઠી-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ તારીખ 29.05.2026 લુણી-ભીલારી-મહેસાણા થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ટ્રેન નંબર 20943, બાંદ્રા ટર્મિનસ-ભગત કી કોઠી એક્સપ્રેસ તારીખ 28.05.2026, મહેસાણા-ભીલારી-લુની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ટ્રેન નંબર 20496 હડપસર-જોધપુર એક્સપ્રેસ મહેસાણા-ભીલડી-લુણી થઈને ડાયવર્ટ કરાયેલા રૂટ પરથી દોડશે. ૨૯.૦૫.૨૦૨૬ ના રોજ શરૂ થયેલી ટ્રેન નં. ૧૪૭૦૧ શ્રી ગંગાનગર-બાંદ્રા ટર્મિનસ અરવલી એક્સપ્રેસ અજમેર-ચિત્તોડગઢ-રતલામ-વડોદરા રૂટ ડાયવર્ટ કરીને દોડશે.ફરીથી નિર્ધારિત ટ્રેનો : ૨૯.૦૫.૨૦૨૬ ના રોજ શરૂ થયેલી ટ્રેન નં. ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગ એક્સપ્રેસ ૨ કલાક અને ૧૫ મિનિટ મોડી સાબરમતીથી રવાના થશે.ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## સુરત પાલિકાની નવી બોર્ડ બને તેના એક દિવસ પહેલા કતારગામમાં દબાણ હટાવાયા

સુરત | સુરત પાલિકાના કતારગામઝોનમાં વેડ રોડ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ખાણી-પીણીની લારીઓ અને ગલ્લાના માથાભારે દબાણના કારણે રસ્તા સાંકડા બની જતા પીક અવર્સ દરમિયાન ભારે ટ્રાફિક જામ સર્જાતો હતો. વાહનચાલકો અને સ્થાનિક રહીશો રોજિંદી હાલાકીનો સામનો કરી રહ્યા હતા. અનેક ફરિયાદો બાદ આજે સુરત મહાનગરપાલિકાએ ટ્રાફિક પોલીસ બંદોબસ્ત સાથે સવારથી દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી. કામગીરી દરમિયાન મોટી સંખ્યામાં લારીઓ અને ગલ્લા દૂર કરતા દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો, આ દબાણ હટાવવાની કામગીરીના કારણે હાલ પુરતી ટ્રાફિક સમસ્યા હળવી થઈ છે.

પાલિકાના કતારગામ ઝોનમાં અનેક વિસ્તાર માથાભારે દબાણ કરનારાઓનો કબ્જો છે. પાલિકા સમયાંતરે દબાણ દુર કરે છે પરંતુ માથાભારે તત્વો ફરી દબાણ કરી દેતા હોય છે. જાહેર રસ્તા પર દબાણ થતા હોવાથી ટ્રાફિક સમસ્યા વકરી રહી છે તેની સાથે ફુટપાથ પર પણ દબાણ કરનારાઓનો કબ્જો હોય રાહદારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## અદાણી CNGના ભાવમાં પ્રતિ કિલો 2 રૂપિયાનો વધારો : નવો ભાવ 88ને પાર

(એજન્સી) અમદાવાદ | તા. 27

પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNGએ પણ લોકોની મુશ્કેલી વધારી દીધી છે. અમદાવાદમાં અદાણી ગેસ દ્વારા ફરી એક વખત CNGના ભાવમાં 2 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. છેલ્લા બે મહિનામાં અંદાજે 6 રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. અમદાવાદમાં અદાણી CNGના ભાવ 86.02 રૂપિયાથી હવે 88.02 રૂપિયા પહોંચી ગયા છે. વધતા જતા CNGમાં ભાવ વધારાની સૌથી વધુ અસર રિક્ષાચાલકો પર જોવા મળી રહી છે. કારણ કે રિક્ષા ચાલકોએ છેલ્લા ત્રણ વર્ષથી ભાડામાં વધારો કર્યો નથી જ્યારે બીજી તરફ CNG ના ભાવમાં સતત વધારો થતા હવે રિક્ષાચાલકો આંદોલનની ચીમકી ઉચ્ચારી રહ્યા છે.



અમદાવાદ સહિત ગુજરાતના અનેક શહેરોમાં ફરી એક વખત CNGના ભાવમાં વધારો થયો છે. CNGના ભાવમાં સતત વધારો થતા વાહનચાલકોની સાથે ખાસ કરીને રિક્ષાચાલકોની ચિંતા વધી ગઈ છે. અદાણી ગેસ કંપની દ્વારા CNGના ભાવમાં પ્રતિ કિલો 2 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ મુજબ અમદાવાદમાં CNG હવે 86.02થી વધીને 88.02 પ્રતિ કિલો થઈ ગયું છે. છેલ્લા બે મહિનાની અંદર અંદાજે 6 જેટલો વધારો થતા વાહનચાલકોના માસિક ખર્ચમાં સીધી અસર જોવા મળી રહી છે.

એક તરફ પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે ત્યારે હવે CNG પણ મોંઘું બનતા મધ્યમવર્ગ અને રોજબરોજ વાહન ચલાવતા લોકો માટે ખર્ચનો બોજ વધ્યો છે. ખાસ કરીને રોજના 8થી 10 કલાક રસ્તા પર રહેતા રિક્ષાચાલકો માટે હાલની સ્થિતિ વધુ મુશ્કેલ બની રહી છે. કારણ કે CNGના સતત વધતા ભાવ સામે સૌથી વધુ અસર ઓટોરિક્ષા ક્ષેત્ર પર જોવા મળી રહી છે. અમદાવાદમાં હજારો રિક્ષાચાલકો રોજિંદી આવક પર નિર્ભર છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી રિક્ષાના ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. બીજી તરફ CNG, વાહન મેન્ટેનન્સ, ઈન્સ્યોરન્સ અને સ્પેર પાર્ટ્સના ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે.

જેથી હવે સામાન્ય રિક્ષાચાલક માટે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની જશે. અગાઉ પણ CNGના ભાવમાં વધારો થતા રિક્ષાચાલકોએ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી અને ભાવ ઘટાડવા અથવા ભાડામાં વધારો કરવાની માંગ કરી હતી. જોકે હજુ સુધી કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી.

જેથી ફરી એક વખત ભાવવધારો થતા રિક્ષાચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આગામી સમયમાં ભાવ ઘટાડો નહીં કરવામાં આવે અથવા સરકાર દ્વારા ભાડામાં વધારો નહીં કરવામાં આવે તો આગામી પહેલી તારીખે ગાંધીનગર કૂચ કરવાની અને ચક્કાજામ કરવાની જિંદગી વિચારવામાં આવી છે.